

मा'स्तर
त्रिदर्शनम
एष ते तिल तोयांजलि


realpatidar.com
मा'स्तर
त्रिदर्शनम
एष ते तिल तोयांजलि
realpatidar.com

અનુક્રમણીકા

વસ્ત્ર પહેરવાનો સંકલ્પ લીધો. પછી તેમણે ખબર પડી કે જે આશ્રમના બારીબારણાનું તે કામ કરતા હતા તે ગાંધી આશ્રમના છે. તે પછી દરરોજ ગાંધીજી વેરણકામ કરતા યુવાનોને મળવા આવતા આમ યુવાનોએ દરરોજ એક અઠવાડિયા સુધી ગાંધીજીના પ્રવચનનો લાભ લીધો. આમ યુવાન ખીમજીને સતત એક અઠવાડિયા સુધી ગાંધીજી સાથે રહેવાનો તથા તેમના વિચારોનો લાભ મળ્યો, ગાંધીજીના વિચારો થકી તેમની સેવાકીય કાર્યો માટેની ઝંખના વધુ તીવ્ર બની.

વર્ષ ૧૯૪૭, ૧૫મી ઓગસ્ટે ભારતને સ્વતંત્રતા મળી ત્યારે યુવાન ખીમજી સ્વતંત્ર ભારતના ઉત્સવમાં ભાગ લેવા માટે સાથી મિત્રો સાથે લાલ કિલ્લાના મેદાનમાં આઝાદ ભારતની માટી માથે લગાવી નાચી રહ્યો હતો. સમગ્ર દિલ્હી તથા ભારતભરમાં ઉત્સવનું વાતાવરણ હતું. હજારો લોકોના બલીદાન પછી ભારતને સ્વતંત્રતા મળી હતી. ૧૫મી ઓગસ્ટની શુભ સવારે લાલ કિલ્લા પર ભારતીય રાષ્ટ્રીયધ્વજ નિહાળી યુવાન ખીમજી ખુબ ગદગદીત થઇ ગયો. તે દિવસે ખીમજીને તેમના સાથી મિત્રોને મીઠાઇ ખવડાવવાની ઇચ્છા થઇ અને બધા ઉપડયા મિઠાઇની દુકાને પણ આ શું? સમગ્ર દિલ્હીમાં સ્વતંત્રતા ઉત્સવના કારણે દરેક મિઠાઇની દુકાનની મિઠાઇઓ ખાલી, લોકો મિઠાઇની દુકાન પર પડાપડી કરતા હતા. તેવા સમયે ગાંધી આશ્રમના સ્વતંત્રતા સેનાની હાથમાં મિઠાઇ લઇને મળ્યા અને તેમને કહ્યું કે દિકરા બજારમાં મિઠાઇ ખાલી થઇ ગઇ છે, અમને આ જલેબી મળી છે તેમનાથી તમે યુવાનો મોઢું મીઠુ કરો. આમ યુવાન ખીમજીએ સ્વતંત્ર ભારતના ઉત્સવની ઉજવણી તેમના સાથી મિત્રો સાથે કરી હતી.



સ્વતંત્ર ભારતનો પ્રથમ દિવસ

આઝાદીના માહોલમાં રંગાઇ ઇ.સ.૧૯૪૮માં તેઓ માદરે વતન મથલ આવ્યા. તેમને એક ખુશી હતી સ્વતંત્ર ભારતની તથા બીજી સ્વતંત્રતા પરિવારને કર્જમુક્તિ અપાવવાની. દિલ્હી પહેલાના દિવસો યાદ કરતા તેમની આંખમાં આંસુ આવી જતા, ક્યારેક વાડીમાં ગાજર ખાઇને પણ દિવસો પસાર કર્યા હતા. દિલ્હી ગયા તે અરસામાં મોટા જશુબહેન ઉપર આફત આવી ગઇ હતી. તેમના લગ્ન થયાને ચાર વર્ષમાં જ પતિ ભાણજીભાઇનું અવસાન થયું. ભાણજીભાઇ તેમની પાછળ પુત્ર કરશન તથા પુત્રી મણીને મૂકી સ્વર્ગ સીધાવ્યા, ત્યારબાદ પિતા નાગજીભાઇએ તેમના પુનઃ વિવાહ મોટી વિરાણી ખાતે પોકાર પરિવારમાં કર્યા.

સનાતન ધર્મ જાગૃતિના સેવક ખીમજીભાઈ


દિલ્હીથી આવ્યા બાદ તેમને મોટા બહેન જશુબહેનની બહુ યાદ આવતી હતી. તેથી તેઓ મોટી વીરાણી ખાતે જશુબેનને મળવા ગયા. ઘણા સમય બાદ ભાઇ ઘરે આવ્યો હોવાથી બહેને તેમને રોકાવવાનું કહ્યું. ખીમજીએ ખુબ ના પાડી પણ બહેન માન્યા નહી છેવટે તેમણે રોકાવાની હા પાડી, પછી તરત ખીમજીભાઈને યાદ આવ્યું કે મોટી વીરાણીમાં સમાજના અગ્રેસર તથા સનાતની વિચારધારાના આગ્રહી એવા રતનશીભાઈ

ખીમજી ખેતાણી રહે છે. તેમને મળવા જવાની ઈચ્છા થઈ. બહેનને તેમનું ઘર કયા આવ્યું તે પૂછયું તો બહેન કહે કે સાંભળ્યું છે તેઓ વધુ પડતા અવાર નવાર મુંબઈ જાય છે. પણ હાલમાં આવ્યા છે એવા સમાચાર છે તો બનેવીને સાથે લઈને મળી આવ. તેઓ રતનશીભાઈને મળવા તેમના ઘરે જાય છે. રતનશીબાપા મુંબઈમાં બહુ મોટો વેપાર કરતા હતા સાથે સાથે તેઓ સનાતની વિચારધારાના આગ્રહી હતા માટે વીરાણી ગામે તેમના ઘરે તેમને મળવા માટે લોકોનું આવન જાવન રહેતું જ. તેથી શિષ્ટાચારના ભાગરુપે તેમણે મળવા માટેની ચીઠ્ઠી લખીને મોકલી. રતનશીબાપાએ ચીઠ્ઠી વાંચતા તરત જ તેમને મળવા માટે બોલાવ્યા. રતનશી બાપાએ કહ્યું કે


રતનશીભાઈ ખીમજી ખેતાણી

આવ માસ્તર તારા જેવા નવલોહીયા માણસોની સમાજને જરૂર છે, તારે રજા લેવાની જરૂર ના હોય. ત્યારબાદ બન્ને વચ્ચે સનાતન ધર્મ વિશે ખૂબ જ વાર્તાલાપ થયો. રતનશીબાપાએ સનાતન ધર્મ શું છે ? તથા આ વિધર્મીઓ આપણી પાટીદાર સમાજને કેમ ભોળવીને તેમના ગુલામ બનાવે છે તે તમામ વાતોની જાણકારી આપી અને કહ્યું માસ્તર તારા જેવા ચેતનવંતા યુવાનોને ગામેગામ ઉભા કર. સનાતન ધર્મ શું છે? તે માટે લોકોમાં જાગૃતી લાવો. તેના માટે ગામેગામ સભાનું આયોજન કરો તેમાં હું ચોક્કસ આવીશ અને મારા વિચારો રજૂ કરીશ. અને બે દિવસ તારી પાસે સમય હોય તો ચાલ મારી સાથે ત્રણ ગામની અંદર સભાનું આયોજન કરેલ છે તો તેમા ઘણા બધા સમાજના અગ્રેસર લોકો આવશે અને તેમાં તેના વિચારો જાણવા મળશે. ખીમજીભાઈ બે દિવસ રતનશીબાપા સાથે રહ્યા. સભામાં તેમના તથા સમાજના અન્ય અગ્રેસરોના વિચારો જાણ્યા. અને નક્કી કર્યું કે ગામેગામ યુવાનોને ઉભા કરી ધર્મજાગૃતિની મશાલ દ્વારા ગામે ગામ મંદિરો ઉભા કરીશું.

એક વખત એક ગામમાં સભાનું આયોજન કર્યુ હતું. તેમાં વિચારો રજુ કરવા માટે રતનશીબાપાને આમંત્રણ આપવા વીરાણી ગયા પણ રતનશીબાપા કામ અર્થે મુંબઈ ગયા હતા તેમને પાછા આવતા સમય લાગે તેમ હતો તો હવે આ સભાને સંબોધશે કોણ ? કોણ સનાતન ધર્મ જાગૃતિના વિચારો રજૂ કરશે? ત્યારે ખીમજીભાઈએ કહ્યું કે બાપા સાથે હું ત્રણ સભામાં ગયો હતો તેમના વિચારો હું રજુ કરીશ અને તે સભામાં ખીમજીભાઈએ અક્ષરશ રતનશીબાપાના વિચારો સભામાં રજુ કર્યા. સમાજના અન્ય અગ્રેસરો ને નવાઈ લાગી કે જે વાત રતનશીબાપા સભામાં રજૂ કરી હતી તે અક્ષરશ આ ખીમજીએ રજૂ કરી. સભા પૂરી કરતા પહેલા દરેક યુવાનોને સંકલ્પ લેવડાવ્યો કે ધર્મજાગૃતિના અભિયાનમાં ગામે ગામ જશુ અને લોકોમા જાગૃતિ લાવશું. થોડા સમય બાદ રતનશીબાપા મુંબઈથી પાછા આવ્યા તેમને સભાની વાત જાણી અત્યંત ખુશ થયા અને માસ્તરને કહ્યું કે આ ધર્મજાગૃતિની મશાલ ગામેગામ પ્રગટાવી જોઈએ હું તમારી સાથે જ છું. એક ગામમાં સભામાં રતનશીબાપાને બોલવાનું હતું પણ બાપાએ કહ્યું કે મારી બદલીમાં આ ખીમજી વાતો કરશે. બાપાને ખીમજી સભા કેવી લે છે તે માટે સાંભળવો હતો. ખીમજીભાઈએ સભામાં પોતાના વિચારો રજૂ કર્યા સનાતન સંસ્કૃતિની વાતો કરી પોતાનું વકતવ્ય જેવું



તેમને પુરું કર્યું કે તરત જ રતનશીબાપાએ ઉભા થઈ તેમની પીઠ થાબડીને ભેટી પડયા અને કહ્યું કે મે કલ્પેલો પાટીદાર સમાજ ભવિષ્યમાં તારા નેતૃત્વમાં દીપી ઉઠશે. બસ હવે આપણે હવે બેસવું નથી આ વિચારોની ગતીને ગામેગામ પોહચાડવી છે. ત્યારબાદ આ ધર્મજાગૃતિની મશાલ લઈ ઉપડી પડયા અને દરેક ગામોમાં સભાઓ કરતા ગયા.

કહેવાય છે ને કે ધર્મ તથા સત્યના માર્ગે ચાલવું એ તો તલવારની ધાર પર ચાલવા જેવું છે. મથલ ગામમાં સનાતન સંસ્કૃતિના વિચારો યુવાન ખીમજી રજુ કરતો તો ગામના અગ્રણીઓની આંખમાં ખૂચતો, તે કહેતા ગામમાં માસ્તર તરીકે તે સેવા બજાવી છે અને ગામ લોકો તને જે સન્માન આપે છે એનો મતલબ એ નથી કે વર્ષોથી આપણા બાપદાદાએ અપનાવેલા આ ધર્મ છોડીને સનાતન ધર્મ સ્વીકારીએ, પણ યુવાન ખીમજીના મગજમાં આ કોઈ વાતોની અસર થતી નહી આથી સમાજના અગ્રણીઓએ તેની ભાયાત તથા ભાઈઓની કાન ભંભેરણી ચાલુ કરી અને કહ્યું કે માસ્તર થયો અને બે પૈસા દિલ્હી શું કમાવી આવ્યો તો અમને હવે તેની વાતો સાંભળવી ? અત્યાર સુધી જે ધર્મમાં માનતા હતા તે ધર્મ હવે ખોટો છે એમ કહી ગામના યુવાનોને બગાડે છે. આમ યુવાનોને ધર્મ વિશે ઉલટું સુલટુ સમજાવશે તો પરિણામ સારું નહીં આવે, ગામના અગ્રણીઓના આવા આક્રોશથી ખીમજીભાઈના નજીકના ભાઈએ કહ્યું કે જો તને આમ જ ધર્મ વિશે એલફેલ બોલવું છે અને આપણા ધર્મને ખોટો સાબિત કરી સનાતન ધર્મ અપનાવવા માટે દબાણ કરવું છે તો તું અલગ ઘર કરી લે અને બીજે રહેવા જતો રહે. અહીં અમને નહીં પોસાય. તેમ છતાં ખીમજીભાઈ એકના બે ના થયા છેવટે ભાયાત તથા અન્ય ભેગા મળીને ખીમજીભાઈના માતા પરમાબેનને ફરીયાદ કરી, આમને આમ ખીમજી દોડતો રહેશે અને યુવાનોને બગાડતો રહેશે તો સમાજ તથા ભાયાત તમારો સાથ છોડશે અને સતત સનાતન ધર્મની વાતો લઈને ગામેગામ દોડતો રહેશે તો એક ને એક દીકરો ખોવાનો વારો આવશે, આમ ફકત ધર્મ, ધર્મ કરતો રહેશે તો સાધુ બનીને કયાંય ભાગી ના જાય, ઘરડા થશો તો રોટલા કોણ આપશે ? આપણો ચાલ્યો આવતો ધર્મને ખોટો કહે છે તો પાપ લાગશે, આમ માતા પરમાબાઈને ખીમજી વિરુધ્ધ ઉશ્કેર્યા.

એક દિવસ માતા પરમાબાઈએ ખીમજીને બોલાવ્યો અને કહ્યું કે તું જે આ દોડી રહ્યો છે અને યુવાનોને જે વાતો કરે છે તે ઠીક નથી. ગામના મોટાઓ તથા ભાયાત આખી તારાથી નારાજ છે. ખીમજીએ કહ્યું કે માં આપણા ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાન છે, આપણો ધર્મ સનાતન ધર્મ છે અને તેના માટે લોકોમાં હું જાગૃતિ લાવું છું, કહેવાતા આ કાકાઓ તથા પીરાણાપંથીઓ આપણી જ્ઞાતિનો ગેરલાભ લઈ દશાંશના નામે લુટે છે, માટે તે ધર્મને જાકારો આપી સાચો ધર્મ અપનાવીએ તેના માટે હું પ્રયત્ન કરી રહ્યો છું, આ સાંભળી માતા પરમાબાઈ વધારે ગુસ્સે ભરાયા અને કહ્યું કે સમાજના આ મોટા લોકો ખોટા, આખી ભાયાત ખોટી તું જ એક સાચો ? ભાયાત સાચું કહે છે કે તું મને રોટલા નહી દે, માતાજીએ ડરાવવા માટે છેલ્લો રસ્તો અપનાવ્યો અને કહ્યું કે સનાતનધર્મ જોઈતો હોય તો તને મારા અને ગૌમાતાના સોગંદ છે, હવે ઘરમાં પગ મૂકતો નહીં, ચાલ્યો જા ઘર છોડીને, માતાએ ગુસ્સામાં ના કહેવાનું કહી ખીમજીને ઘરથી ચાલ્યું જવાનું કહ્યું.

ખીમજીએ સૌ પ્રથમની સભામાં યુવાનોને લેવડાવેલા સંકલ્પો યાદ આવ્યા અને મનોમન બોલ્યો કે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની સાક્ષી માની તેમના સમક્ષ દેહશુદ્ધિ કરી લીધેલા સંકલ્પો તોડીશ નહી, ભલે હજાર મુસીબતો આવે અને ભલે ઘરના લોકો ત્યાગે, પણ હવે ઘર છોડીને જવું કયાં ? તરત જ તેમને જબકારો

થયો જે સંતને આ સમાજ માટે આટલી ચિંતા છે તથા સમાજ માટે અવિરત લોહીનું પાણી અને હાડકાંનું ખાતર કરીને ભગવાન લક્ષ્મીનારાયણની જ્યોત પાટીદાર સમાજમાં પ્રગટાવી છે તે સંતના શરણે જ જવું તેમ નક્કી કરી માંને પગે લાગી ઘર છોડી ચાલ્યા ગયા. નક્કી કર્યું કે વાઢાંય સંતશ્રી ઓધવરામ મહારાજને મળીશ, તે જે કહેશે તે પ્રમાણે આગળનું કાર્ય ધપાવીશ, ભર બપોરે જમ્યા વગર વાઢાંય તરફ ખીમજીભાઈ ઓધવરામજી મહારાજને મળવા નીકળી પડયા. સાંજે આઠ વાગ્યે વાંઢાય આશ્રમ ખાતે પહોંચ્યા. ત્યાં પૂ. દયાલદાસજી મહારાજે કહ્યું કે દિકરા વાળુનો સમય છે વાળુ કરે લે. ત્યારે ખીમજીએ કહ્યું કે મારે ઓધવરામ મહારાજને મળવું છે મારે જમવું નથી. પૂ. દયાલદાસજી મહારાજ યુવાન ખીમજીની ચિંતા તેમના ચહેરા પરથી સ્પષ્ટ જોઈ શકયા. તેમને લાગ્યું કે આ ખીમજી મહારાજને મળ્યા વગર નહી જમે, અનેક પ્રશ્નોનું યુધ્ધ તેના મનમાં ચાલી રહ્યું છે, તેમણે કહ્યું કે સામે ઝુંપડીમાં મહારાજ એકાંતમાં બેઠા છે તો ત્યા જા અને મળી લે યુવાન ખીમજી તરત જ ઓધવરામજી મહારાજની ઝુંપડીમાં પ્રવેશ્યા કે મહારાજે ખીમજીને જોઈને કહ્યું કે આવ ખીમજી



પ.પુ. સંતશ્રી ઓધવરામજી મહારાજ

માતાની વાતનું આટલું બધું મનમાં નહી લેવાનું, ખીમજી તો મહારાજની વાત સાંભળતા જ અવાચક થઈ ગયા, મહારાજે કહ્યું કે પોતાના નજીકના ઠપકો આપે એટલે દીલમાં લાગી આવે તે સ્વાભાવિક છે. માતા કોઈ દિવસ દિકરાથી નારાજના થાય, તારા ઘર છોડયા પછી તારી માતા એ બપોરથી મોઢામાં અન્નનો દાણો કે પાણીનું એક ટીપું પણ પીધું નથી, માટે તું ઘરે જા, તારી માતાએ તને શોધવા માણસો દોડાવ્યા છે, તે બહુ ચિંતા કરે છે. તને ઘરેથી ચાલ્યો જા કહી તે અત્યંત દુઃખી થઈ ગયા છે માટે તું ઘરે જા, હવે તારા પર તેઓ ગુસ્સો નહીં કરે તારે સંસ્કૃતિનું તથા સમાજનું બહુ મોટું કામ કરવાનું છે, આમ ઘર છોડયે નહી ચાલે, મેં તને એક સભામાં સાંભળ્યો હતો તારે અને રતનશીને બહુ મોટું કામ કરવાનું છે, ગામે ગામ શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો ઉભા કરવાના છે, આપને મારા આશીર્વાદ છે, મુશ્કેલીમાં ભગવાન તમારી સાથે છે, છતાં પણ જયાં જરૂર લાગે ત્યારે મને મળજો હું તમારી સાથે રહીશ, આમ કંઈ પણ બોલ્યા વગર દરેક પ્રશ્નોના સમાધાન મળતા તરસ્યાને પાણી મળે તથા ધોમધખતા તાપમાં છાંયડો મળે તેવી મનને શાંતિ થઈ, મહારાજે કહ્યું કે જલ્દીથી ઘરે જા માતા તારી રાહ જોવામાં ખૂબ વ્યાકુળ બની ગઈ છે, મહારાજશ્રીને દંડવત પ્રણામ કરી મથલ ગામ તરફ દોટ મૂકી, સવારના પાંચ વાગ્યે મથલ આવી પહોંચ્યો ઘરે આવતા પુત્રને જોઈ માતા ચોધાર આંસુએ રડી પડયા. દિકરાને ભેટીને ખૂબ રડયા, માતાના ચરણ સ્પર્શ કર્યા ત્યારે માતાના આંસુઓ તેમના શીશ પર આશીર્વાદરૂપે વરસતા હતા. માતાએ રડતા રડતા દિકરા ખીમજીને કહ્યું કે હવે ભલે સમાજ કે ભાયાત તને છોડે, પણ હું તને નહીં છોડું, તું જે પ્રમાણે કહીશ તે પ્રમાણે જ ઘરમાં થશે, માતા તથા પુત્રનું સુખદ મિલન જોઈ ઘરના અન્ય સભ્યો પણ રડી પડયા. ઘરના અન્ય સભ્યો પણ તેમના જવાથી કોઈ જમ્યા નોહતા. અંતે સવારના માતાએ લાપસી મૂકી ને સૌ સાથે જમ્યા. યુવાન ખીમજીએ તેમના સમસ્ત અનુભવો જે ઓધવરામ મહારાજ સાથે થયા હતા તે તેમના પરિવારને કહ્યા અને કહ્યું કે મહારાજના જ આશીર્વાદ થકી હું ઘરે આવ્યો છું અને તેમણે જ કહ્યું છે કે ગામે ગામ લક્ષ્મીનારાયણનાં મંદિર બાંધો, હું ચોક્કસ આવીશ, ખીમજીની વાત સાંભળી તે દિવસે ઘરના બધા લોકો એ

ગામમાં મંદિર બનાવવા માટે ટેકો જાહેર કર્યો અને નાગજીબાપાએ કહ્યું કે જયારે પણ મંદિર બનશે ત્યારે આપણા પરિવારનું યોગદાન વધુ હશે માટે હવે તું પાછો વળતો નહી. પિતાની વાત સાંભળી પુત્ર ખીમજીના ઉત્સાહમાં ઓર વધારો થયો. ગામમાં એક રૂમ ભાડે રાખવામાં આવ્યો. સૌ પ્રથમ ત્યાં લક્ષ્મીનારાયણની છબી રાખવામાં આવી અને ત્યાં પ્રાર્થના ચાલુ કરી. તેમાં તેજા લધા પોકાર, પૂંજા કાનજી પોકાર જેવા યુવાનોએ સાથ આપ્યો. વડીલ શ્રી પરબત લખુ પોકાર યુવાઓને પ્રોત્સાહન આપતા. ખીમજી મિત્રોને સાથે રાખીને અન્ય યુવાનોને સમજાવતા તેમજ પ્રાર્થનામાં આવવા માટે કહેતા, પણ ઘણા યુવાનોને ગામના અમુક વડિલોનો ડર લાગતો હતો અને થતું પણ એવું કે જે આ યુવાનોને સાથ આપતા તે મુશ્કેલીમાં મુકાતા, કોઈ પણ પ્રકારે તેમને હેરાન કરવામાં આવતા. આ બધુ અહિંયાથી અટક્યું નહીં અંતે ખીમજીભાઈના ધર્મપત્ની માનબાઈની કાન ભંભેરણી કરવા લાગ્યા, ગામની અન્ય મહિલાઓ દ્વારા તેમને કહેવામાં આવતું કે જોજે તારો ધણી તને છોડીને બાવો બની જશે, પતિને આમતેમ રખડવા ના દે, આપણા ધર્મને ખોટો સાબિત કરવા માંગે છે, પાપ લાગશે માટે એને છોડી તું માવતરે ચાલીજા તો તે સીધો દોર થઈ જશે, ત્યારે એ અભણ એવી પતિવ્રતા નારીએ જવાબ આપ્યો કે મારા બાપે એમની સાથે લગ્ન કરાવ્યા ત્યારે તેના સુખ દુઃખમાં સાથે રહેજે તેવી ભલામણ કરી ને મોકલી હતી, હવે જાય તો આ ઘરેથી મારી અર્થી જાય પણ હું નહી, અને અમને પાપ લાગશે તો ભોગવી લઈશું. પણ તેમનો સાથ નહીં છોડીએ એક ભારતીય પતીવ્રતાને શોભે તેવો પોતાની શૈલીમાં તેમને જવાબ આપી ગામની એ ડોશીઓને ચૂપ કરી દીધી હતી.

લગ્ન તોડવાના પ્રયત્નો



ધ.પ. માનબાઈ લીંબાણી

કહેવાય ને કે હીરાને પણ ચમકવા માટે તેને ઘસાવું પડે તેમાં અનેક પાસા પડે ત્યારે તેમાં ચમક આવે. અવરોધો અહીંથી થોડી અટકવાના હતા. સંયુકત મોટો પરિવાર હોવાથી ઘરમાં લગ્નો આવ્યા, એક કે બે નહીં પણ ચાર દીકરીઓ તથા એક પુત્રના લગ્ન લેવાના હતા. કાકા બાપાની ચાર દીકરીઓ તેમજ પોતાનો ત્રીજા નંબરનો પુત્ર અર્જૂન (અરજણ)ના લગ્ન નકકી થયા. પાંચ પાંચ લગ્ન લેવાના હોય ત્યારે ભાયાત તથા સમાજના યુવાનભાઈઓની જરૂર તો પડવાની જ હતી. ચાર જાનો આવવાની હતી અને એક જાન લઈ જવાની હતી. તેમાં ચાર જાનો એક સાથે આવવાની હોય ત્યારે કામ પણ ઘણું બધું હોય. વેવાઈની આગતા સ્વાગતા તથા ભોજનની તૈયારી કરવાની, પહેલાના જમણવારાની રસોઈ ભાયાત તથા સમાજના વડીલોજ બનાવતા. રસોઈયા ત્યારે નોહતા બોલાવતા. ગામના ઘણા એવા લોકો મોકો જોઈ રહ્યા હતા કે કયારે ખીમજી સંકટમાં આવે અને આપણી તેમને જરૂર પડે અને અંતે મોકો મળી ગયો. ચાર ચાર જાનોને હવે કેવી રીતે પહોંચી વળશે જયારે આપણે નહીં જઈએ તો ? ભાયાતના લોકો લગ્નના થોડા દિવસો પહેલા આવીને કહી ગયા કે ખીમજી સનાતનધર્મ નહી છોડે તો અમે લગ્નમાં આવીશું નહી અને કામ પણ કોઈ કરવા નહી આવે. પરિવારના અન્ય સભ્યો આ વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયા કે ચાર ચાર લગ્નને પોંહચી કેમ વળીશું. પણ યુવાન ખીમજી તથા તેના સાથી મિત્રોએ કહ્યું કે બાપાઓ ચિંતા ના કરતા અમે સૌ સંભાળી લેશુ, આ લગ્નનું તમામ આયોજન અમે ઉપાડી લઈશું.

લગ્ન આવ્યા પણ ગામના અમુક વિરોધીઓ તથા ભાયાતોએ જમવા આવવાની ના પાડી દીધી, જમવા આવવા કોઈ તૈયાર નહીં તેવા સમયે વડીલ એવા માવજી નાનજી તથા પરબત લખુ પોકાર જમવા માટે આવ્યા અને બીજા લોકોને પણ જમવા માટે કહ્યું, તેમાં અમુક લોકો આવ્યા અને અન્ય ડરના માર્યા આવ્યા નહીં, માવજી નાગજીએ ભાયાતના લોકોને સમજાવ્યા અને જમવા આવવા માટે કહ્યું તો અમુક ભાયાતના લોકો જમવા આવવા તૈયાર થયા અને કહ્યું કે આવશું તો અમે ભાઈની પસ (ચાંદલો) નહી આપીએ. ત્યારે યુવાન ખીમજીએ કહ્યું કે મારી ફક્ત એક જ ઈચ્છા છે તમે સનાતન ધર્મમાં પાછા વળો અમને ચાંદલાની જરૂર નથી, આપણે સૌ શ્રી લક્ષ્મીનારાયણના સંતાનો છીએ તો એક પંગતે જમવા આવવામાં સંકોચ શેનો ? આમ જે જે યુવાનો લગ્નમાં આવ્યા તથા સાથ સહકાર આપ્યો તેમને પણ અન્ય રીતે હેરાન કરવામાં આવ્યા હતા, પણ યુવાન ખીમજીએ સનાતન ધર્મ જાગૃતીની મશાલ પ્રજવલિત રાખી. અનેક વખતે મુશ્કેલી પડતી હતી ત્યારે સંત ઓધવરામ મહારાજના આશીર્વાદ યાદ આવતા, આગળ વધો મુશ્કેલીમાં ભગવાન તારી સાથે છે અને આ આશીર્વાદને અમૃતમંત્ર સમજી કાર્યો કરવા લાગ્યા, ધીરે ધીરે ગામના લોકો સનાતન ધર્મની વાતો સમજવા લાગ્યા, લોકોને લાગ્યું કે આ કાકાઓએ તો આપણા લોહી ચુસીયા છે, આપણો સાચો ધર્મ ભૂલાવીને આપણને અર્થોપાજન માટેના સાધન બનાવી દીધા છે. પટેલના દિકરાને આજે લોકો અછૂત માને છે, આમ ધીરે ધીરે ગામમાં સનાતન ધર્મની જાગૃતિ આવવા લાગી અને સૌ સાથે મળીને મંદિર બનાવવા માટે સંકલ્પબદ્ધ થયા.

અછૂત / untouchable

ધર્મની જ્યોત પ્રગટાવી રાખવા માટે તેલ પૂરાઈને બળવું પડે તેમ યુવાન ખીમજીભાઈ પોતાના સ્વખર્ચે ગામના યુવાનોને ધર્મ સભા તથા પ્રચાર માટે લઈ જતા. નખત્રાણા નવાવાસમાં સૌ પ્રથમ મંદિરની સ્થાપના થઈ, ખીમજીભાઇ ગામના યુવાનોને સાથે લઇ નખત્રાણા ગયા, સભામાં રતનશી ખીમજીના વિચારોથી સાથી યુવાનોમાં ખૂબ જ જોશ આવ્યું. સનાતન ધર્મની જાગૃતિ માટે ગામે ગામ યુવાનો સાથે દોડયા, રતનશી બાપાના સાથ સહકારથી ગામેગામ યુવક મંડળો ઉભા કર્યા, ધર્મનું કામ યુવાન જ કરી શકશે માટે યુવક મંડળો ઉભા થાય તે જરૂરી હતું. દરેક ગામનું આયોજન કરી તે મુજબ ગામમાં સભાઓ કરવામાં આવતી તેમાં રતનશીબાપા, સંતશ્રી ઓધવરામજી મહારાજ તથા પૂ. દયાલદાસ મહારાજ પણ યુવાનોમાં જોશ પૂરવા માટે હાજર રહેતા. સનાતન ધર્મની મશાલ પૂરા જોશ સાથે ગામેગામ પ્રજવલિત થઈ આ ભગીરથ પ્રયાસ સ્વરૂપે તે વખતે ૩૫ મંદિરો ઉભા થયા.

સમાજ સંગઠન

યુવાનોમાં ઉત્સાહ અનેરો હતો, આ ઉત્સાહ અને થનગનાટના પડઘમ સ્વરૂપે મથલ ગામમાં પણ મંદિર બનાવવા માટેની ચળવળ શરૂ થઈ. ગામમાં સભાઓ થઈ, તેમાં યુવાન ખીમજીભાઈ, સાથી મિત્રો તેજા લધા પોકાર, મનજીભાઈ હળપાણી, વડીલશ્રી પરબત લખુ પોકાર તેમજ હરીભાઈ લીંબાણીની આગેવાનીમાં મથલ ગામમાં એક સૂત્રતા આવવા લાગી. વર્ષોથી અપનાવેલ પીરાણાપંથી ધર્મને છોડાવવો એ કંઈ સહેલી વાત નહોતી, પણ નવલોહીયા યુવાનો સંકલ્પબદ્ધ હતા કે ગામમાં ભગવાન લક્ષ્મીનારાયણનું મંદિર બનાવીને જ રહીશું. સમાજના આગેવાન કાર્યકર એવા પરબત લખુ પોકારે યુવાનોને ખૂબ જ પ્રોત્સાહિત કરી ધર્મ જાગરૂકતા માટે ખૂબ જ કામ કર્યું, આથી ગામના અન્ય લોકો જાગૃત થઈ તનમન અને ધનથી ટેકો આપવા લાગ્યા. વ્યવસાય અર્થે બહારગામ વસતા ભાઈઓને ગામમાં મંદિર બનાવવા માટેના પત્રો મોકલવામાં આવ્યા.

09-Aug-1952



ગામમાં અનેરો ઉત્સાહ હતો અને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું કે વિક્રમ સંવત ૨૦૦૮ શ્રાવણ વદ પાંચમ ને શનિવારના લક્ષ્મીનારાયણ ભગવાન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવો. તેના માટે અલગ અલગ સમીતિઓની રચના કરવામાં આવી. ગામે ગામ આમંત્રણ પત્રિકાઓ આપવામાં આવી. મંદિરનાં ઉત્સવને સફળ બનાવવા માટે ભંડોળ જરૂરી હતું માટે પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવના ચડાવા લેવામાં આવ્યા. ગામના દરેક પરિવારોએ તન-મન અને ધનથી તેમાં ભાગ લીધો. યુવાન ખીમજીને અંદરથી ઈચ્છા હતી કે ભગવાન લક્ષ્મીનારાયણ મૂર્તિનો ચડાવો પરિવારને મળે અને તે ઈચ્છા ભગવાન લક્ષ્મીનારાયણે પૂર્ણ કરી. પિતા નાગજી સામજી દ્વારા ૧૮૫૧ રૂપિયામાં મૂર્તિનો ચડાવો લેવામાં આવ્યો. મંદિરની તમામ મૂર્તિની ખરીદી માટે પિતા નાગજીભાઈ તથા અન્ય સાથી વડિલો રાજસ્થાન ગયા હતા. ત્યાંથી સુંદર મજાની મૂર્તિઓ તૈયાર કરાવીને લાવ્યા હતા. આ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવની પૂર્વ તૈયારી રુપે ઉત્સવના અઠવાડિયા પહેલા રતનશીભાઈ ખીમજી મુંબઈથી આવી ગયા હતા. સમસ્ત ગામને ધર્મધજા દ્વારા શરણગારવામાં આવ્યું હતું. શેરીએ શેરીએ ધર્મ પતાકાઓ લગાવવામાં આવી હતી. પિતા નાગજીભાઈ દ્વારા પુત્રને વચન આપવામાં આવ્યું હતું કે મંદિર બનાવવામાં પરિવારનું યોગદાન વધુ રહેશે તે માટે ભગવાન મૂર્તિનો ચડાવો, તેમજ ગોતીડાનો ચડાવો પુત્ર ખીમજીના નામે લેવામાં આવ્યો. તેમજ માતુશ્રી પરમાબાઈ, પત્ની માનબાઈના નામે પણ અલગથી ભેટ લખાવવામાં આવી. આ ઉત્સવમાં અનેક વિવિધ ચડાવાઓ લેવામાં આવ્યા તેમાં તમામ પરિવારોએ દિલ ખોલીને ચડાવા લીધા. આ બધું દ્રશ્ય જોઈ વડિલશ્રી પરબત બાપા, નાગજી બાપા યુવાન ખીમજી તથા તેમના સાથી મિત્રોનો હરખ સમાતો નોહતો. આખરે મહેનત રંગ લાવી. ઉત્સવના દિવસે વૈદિક મંત્રોચ્ચારો દ્વારા મૂર્તિમાં પ્રાણ પૂરવામાં આવ્યા. ગામમાં ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી. ઘરે ઘરે ભગવાનના પાવન પગલા પાડવામાં આવ્યા, નાગજીબાપા પરિવારના ઘરે જયારે ભગવાનના પગલા પડયા ત્યારે યુવાન ખીમજીના આંખમાં હર્ષના આંસુ હતા. આ ઉત્સવમાં ભાગ લેવા માટે બહારગામથી પણ ઘણા સમાજના ભાઈઓ બહેનો આવ્યા હતા. વર્ષોથી મથલ છોડી ને ગુજરાતના કંપા





વિસ્તારમાં વસતા ભાઈઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મથલ ગામ જાણે ભગવાન લક્ષ્મીનારાયણની ભકિતમાં લીન બની ગયું હતું. આ ઉત્સવમાં સંતશ્રી ઓધવરામ મહારાજ તથા પૂજય દયાલદાસજી મહારાજની ઉપસ્થિતિથી ચાર ચાંદ લાગી ગયા હતા. આખરે ધર્મસભાનું આયોજન થયું, તેમાં મથલ ગામના આગેવાન કાર્યકર સમાજ સુધારક પરબત લખુ પોકારે આવેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરતા કહ્યું કે પૂજય ઓધવરામજી મહારાજ તથા શ્રીમાન રતનશીભાઈનો આ કાર્યમાં સાથ સહકાર આપવા બદલ ધન્યવાદ આપુ એટલા ઓછા છે. અમારા વડીલો જુનવાણી હતા પણ તેઓ સમજયા અને આ કાર્યમાં એક મત થઈ સુંદર સહકાર આપ્યો. આ કામ સમગ્ર ગામના ભાઈ બહેનોના અથાગ પરીશ્રમને આભારી છે. આખરે અમારા પ્રયત્નો સફળ થયા તમામ ભાઈ-બહેનોનો હૃદયપૂર્વ ક સ્વાગત કરું છું તથા આભાર માનું છું.

રતનશીભાઈ ખીમજીએ જણાવ્યું કે મથલ ગામવાસીઓએ જે આ કાર્યમાં ભોગ આપ્યો છે તે પ્રશંસાને પાત્ર છે. ગામના શિક્ષિત તથા ઉત્સાહી યુવાનોની પ્રશંસા કરતા કહ્યું કે દેશ અભિમાન રાખી મિથ્યાભિમાન છોડી સેવા ભાવે કાર્ય કરવું જોઈએ. આ શુભકાર્યમાં ઉદાર હાથે ફાળો આપજો તેવી અપીલ કરી હતી.

પૂજય ઓધવરામજી મહારાજે સનાતન ધર્મની વાતોથી માહિતગાર સૌને કર્યા અને કહ્યું કે દરેક ગૃહસ્થીએ યથા શકિત ફાળો આપવો જોઈએ. મથલવાસીઓએ આજે ભગીરથ કાર્ય કર્યું છે. આજે સમયનું વ્હેણ બદલી રહ્યું છે દુનિયા આગળ નીકળી રહી છે. તેમાં કેળવણીનો વિકાસ થવો જોઈએ. સંગઠિત થાવ, જૂના વિચારો ત્યજીને આળસ છોડો. કેળવણી તથા ખેતીનો વિકાસ કરી ગામડાને આબાદ બનાવો.

Education

ત્યારબાદ નથુભાઈ નાનજી, શિવદાસભાઈ કાનજી, માવજીભાઈ ધનજી તથા વિશ્રામભાઈ કાનજી દ્વારા મથલ ગામવાસીઓની પ્રશંસા કરતા જણાવેલ કે આ ઉત્સવને સફળ બનાવવા માટે આપ સૌ તન-મન ધનથી જોડાયા છો અને જે ઉત્સાહથી કાર્ય કરો છો તે અભિનંદનને પાત્ર છો. તેમણે રતનશીભાઈ, ઓધવરામજી મહારાજ, પરબત લખુ પોકાર તથા ખીમજીભાઈ લીંબાણીનો આભાર માનીને પ્રશંસા કરેલ.

આ શુભ અવસરે ખીમજી માસ્તરે જણાવ્યું કે આપણું સ્વપ્નું આજે પ્રભુ કૃપાથી પુરું થાય છે, તે જોઈ હું ઘણો ખુશ થયો છું. તેમાં પણ આ શુભ અવસરે આપણા ગામના સમસ્ત પાટીદાર સમાજના સંગઠનને જોઈ મને અત્યંત આનંદ થાય છે અને પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે આપણું સંગઠન કાયમી ટકાવી રાખો. સંપથી શું ન થઈ શકે? માનવ ધારે તે કરી શકે છે. યુવાનો તરફ નિર્દેશ કરતા તેમણે જણાવ્યું કે નિરક્ષરતા, કુરીવાજો તથા વહેમોના સકંજામાં સપડાયેલી આપણી જ્ઞાતિને વિદ્યા મંદિરો વિકસાવવાની જરૂર છે. લોક રાજયમાં જો લોકો અજ્ઞાન હશે તો સ્વતંત્રતાનો કશો હેતું જ નથી. આપણને ઈશકૃપાથી સાચો રાહ બતાવનાર પૂજયશ્રી ઓધવરામજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે તેમના રસ્તે ચાલી ભગવાન લક્ષ્મીનારાયણના લાડલા બનીએ. શ્રીમાન રતનશીભાઈ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવના અઠવાડિયા પહેલાથી આવી અમારી સાથે ખંભે ખંભા મીલાવી અમારામાં જે ઉત્સાહ પૂરી દિશાનિર્દેશ કર્યો છે તે બદલ તેમને કોટી કોટી વંદન.

Intellectual Backwardness

આમ મથલ ગામવાસીઓના સાથ સહકાર તથા ઐકયના કારણે યુવાન ખીમજીભાઈનું સ્વપ્ન સાકાર થયું. એક ભાડે રૂમ રાખી ત્યાં ભગવાન લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ બેસાડી પ્રાર્થના કરનાર સમક્ષ આજે ગામના ઐકયથી સુંદર મજાનું મંદિર નિર્માણ થયું અને તેમાં ભગવાન બીરાજયા. સાથે સાથે એ વાતનો આનંદ હતો કે તેમની સાથે જોડાયેલા વડીલશ્રી પરબત બાપા, પિતાશ્રી નાગજીબાપા, સાથી મિત્રો, હરીભાઈ

જીવાણી, તેજા લધા, પૂજા કાનજી તથા એવા ઘણા બધા સાથીઓની ધર્મજાગૃતિ અભિયાનની મહેનત રંગ લાવી હતી. હજારોની સંખ્યામાં પધારેલ જ્ઞાતિબંધુઓ તથા તેમની સુંદર વ્યવસ્થા માટે અલગ અલગ સમિતિઓ, ભગવાનની જલયાત્રામાં માનવ મહેરામણ, આ બધું દશ્ય વારંવાર ખીમજીભાઈના આંખ સામે હાજર થઈ જતું હતું. આ ઉમદા કાર્યમાં નિમીત બનાવનાર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા ઓધવજી મહારાજના ચરણોમાં નતમસ્તક પ્રણામ કરતા શીર જૂકી જતું હતું. આ ઉત્સવમાં પધારેલ દરેક ગ્રામજનો તરફથી પણ આર્થિક યોગદાન પ્રાપ્ત થયું હતું, સમગ્ર ભારતભરથી પધારેલ મથલ ગ્રામવાસીઓએ ફૂલ નહી તો ફૂલની પાંખડી અપર્ણ કરી આ ઉત્સવને સફળ બનાવ્યો હતો. ભગવાને ગીતામાં કહ્યું છે કે તારી કમાણીમાંથી જો તું મારો ભાગ કાઢતો નથી તો તું અન્ન નહી પણ પાપનું ખાય છે, પોતાની લક્ષ્મી સદકાર્યે વાપરી પ્રભુ ચરણે ધરવામાં આવે તો તે મહાલક્ષ્મી બને આમ સમગ્ર ગ્રામવાસીઓ યથાશકિત મહાલક્ષ્મી પ્રભુચરણે ધરી ઉત્સવને પૂર્ણ કર્યો હતો.

ધર્મ જાગૃતિ અભિયાનની મશાલ સમગ્ર પાટીદાર સમાજના ગામે ગામ પ્રગટી ચૂકી હતી. ગામે ગામ ધર્મસભાઓ થતી તેમાં નિર્ણયો લઈ અને ભગવાન લક્ષ્મીનારાયણનાં મંદિરો બનાવવા માટેના પ્રયત્નો શરુ થતા, જે જે ગામમાં મંદિરો બંધાતા ત્યાં સ્વયંસેવક તરીકેની ફરજો બજાવવા ખીમજીભાઈ તથા સાથી મિત્રો જતા. ખીમજીભાઈને કયારેક કયારેક રૂપિયાની અછત વર્તાતી, સેવાકીય કાર્યો માટે ધન તો જોઈએ ત્યારે ખીમજીભાઈએ પોતાના કાનનાં લંવીગીયા તથા પોતાની સોનાની ગીની વેચીને સનાતની ચળવળને ચાલુ રાખી અનેક વીટંબણાઓ વચ્ચે અડીખમ ઉભા રહી પૂરી નિષ્ઠાથી પ્રભુકાર્યમાં લીન બની ગયા હતા.

Financial Support

પ્રથમ સાહસ મુંબઈની સફર

ખીમજીભાઈ વ્યવસાય અર્થે ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં આવ્યા. મુંબઈ શહેર વ્યવસાય માટે નવું હતું. વ્યવસાય ચાલુ કરવા માટે યોગ્ય ધનરાશીની જરૂર હતી, પૂરતી મૂડી વગર ધંધો કેવી રીતે કરાય? ત્યારે કાદીયા ગામના સાથી મિત્ર સાથે દાદર ખાતે ભાગીદારીમાં સો મીલ ચાલુ કરી. લાકડા લેવા માટે સારી એવી મૂડીની જરૂર હતી પણ તે વખતે બન્ને ભાગીદાર પાસે મર્યાદિત જ મૂડી હતી. ખીમજીભાઈ માસ્તર તરીકે પ્રચલિત હોવાથી તેમજ કચ્છ ખાતે સનાતન ચળવળના ભાગરુપે ગામેગામ સ્વયં સેવક તરીકે જવાથી ઘણા બધા લોકો સાથે પરિચયમાં આવ્યા હતા. એવા જ એક પરિચિત નારાયણભાઈ નાગપુરમાં લાકડાનો મોટો વ્યવસાય કરતા હતા તેમણે ખીમજીભાઈની નિષ્ઠા ઉપર પૂરે પૂરો ભરોસો હતો તેથી તેમને પોતાની પાસેથી વગર મૂડીએ લાકડા સો મીલ ચાલુ કરવા માટે આપ્યા. આમ દાદર ખાતે વગર મૂડીએ ભાગીદારીમાં પ્રથમ વ્યવસાય ચાલુ કર્યો. બે વર્ષ બાદ ભાગીદારે તે સો મીલ પોતે રાખવાની ઈચ્છા દર્શાવતા તે સો મીલમાંથી ભાગ કાઢી લીધો. ત્યારબાદ રતનશીભાઈ ખીમજીના સાથ-સહકારથી ન્યુ નાગરદાસ રોડ ખાતે બે દુકાનો ચાલુ કરી. એક 'ખીમજી નાગજી પટેલ' અને બીજી 'કરમશી રામજી પટેલ'ના નામથી દુકાનો ચાલુ કરવામાં આવી. ખીમજી નાગજી પટેલ નામની દુકાનની જવાબદારી જશુબેનના કૌટુંબિક પરિવારના ભાઈ એવા પ્રેમજીભાઈ માધવજી જે તેમની સાથે જ હતા તેમને સોંપવામાં આવી. પ્રેમજીભાઈ તે દુકાન સંભાળતા હતા. ખીમજીભાઈ સદાય લોક સેવા તથા પ્રભુકાર્ય કરનાર વ્યકિત હતા. તેથી અંધેરીમાં રહીને તેઓ સેવાકીય કાર્યો કરતા હતા. આ સેવાકીય પ્રવૃત્તિના કારણે તેઓ અનેક લોકોના પરિચયમાં આવ્યા હતા. ત્યારબાદ પરિવારના તથા અન્ય જ્ઞાતિબંધુઓ

એમ ટોટલ આઠ ભાગીદારો સાથે મળીને ૭૦૦૦ રૂપિયામાં ન્યુ પટેલ સોમીલ નામનું વ્યવસાયિક પ્રતિષ્ઠાન ચાલુ કરવામાં આવ્યું, ઈશકૃપાથી આ સોમીલ ખૂબજ સરસ ચાલતી હતી.

આ સમય દરમિયાન અંધેરી ખાતે રહેતા સજ્જનશીલ એવા આર.કે. મહેતાના પરિચયમાં આવ્યા. આર. કે. મહેતા અંધેરી ખાતે વેપાર કરતી પેઢીઓમાં નામુ લખવાનું કામ કરતા હતા. તેઓ અંધેરી વિસ્તારના કોંગ્રેસી કાર્યકર્તા સાથે સારી એવી ઉઠબેસ હતી, તેઓ ગુજરાતી સમાજ તથા ઘણા બધા સજ્જનશીલ વ્યકિતઓના પરિચયમાં હતા. તેઓ ખીમજીભાઈ પાસે તેમની દુકાને આવતા ત્યારે અવાર નવાર કોંગ્રેસની તથા રાજકીય ગતીવિધીઓની વાતો કરતા, અનેક રાજકારણીઓ સાથે તેમની સારી એવી ઓળખાણ હતી. તેઓ ખીમજીભાઈની સેવાકીય પ્રવૃતિ તથા ગાંધી વિચારધારા થી ખૂબ જ પ્રભાવિત થયા હતા, અંધેરીમાં કોંગ્રેસ પાર્ટીની શાખા હતી એ સમયમાં તે શાખાની કમીટી તથા કમીટી મંત્રીપદની વરણી થવાની હતી ત્યારે આર. કે. મહેતાએ અંધેરી શાખાના કોંગ્રેસ કાર્યકર્તા સભ્યોને વાત કરી અને કહ્યું કે આપણા જ વિસ્તારના ટીમ્બરનો વ્યવસાય કરતા એક સજ્જન વ્યકિત જે ગાંધીવાદી વિચારસરણીના છે, તેઓ પ્રામાણિક તથા લોકસેવાના કાર્યમાં બહુ આગળ પડતા છે, દેશહિત માટે સતત વિચારશીલ, કતૃત્વવાન વ્યકિત છે. આપણે સૌ તેમને એક વખત મળવા જેવું ખરુ. આર. કે. મહેતાની વાત કોંગ્રેસ કાર્યકર્તાઓ યોગ્ય લાગતા તેઓ ખીમજીભાઈની મુલાકાત કરે છે, ખીમજીભાઈના દેશહિત માટે ના વિચારો જાણ્યા ત્યારે સૌ તેમના વિચારોથી પ્રભાવિત થઈ ગયા. મુલાકાત બાદ કાર્યકર્તાઓ, વરિષ્ઠ નેતાઓ તેમજ આર. કે. મહેતાની કોંગ્રેસ કાર્યાલયમાં મંત્રીપદ માટે આપસમાં ચર્ચા વિચારણા થઈ, તેમા સર્વાનુમતે એક નિર્ણય પર આવ્યા અને મીટીંગ પૂર્ણ કરી ત્રીજા દિવસે તાત્કાલીક કમીટી મેમ્બરની મીટીંગ બોલાવવામાં આવી તેમાં ખીમજીભાઈને આમંત્રણ આપવામાં આવ્યું હતું. મીટીંગમાં મંત્રીપદ માટે દરેક સભ્યોના નિવેદન લેવામાં આવ્યા. તમામ નિવેદનોનાં અંતે કચ્છ કડવા પાટીદાર સમાજના લોકસેવક, ગાંધી વિચારધારાના આગ્રહી, ખાદીધારી ખીમજીભાઈ નાગજી પટેલની અંધેરી કોંગ્રેસ વિભાગના મંત્રી પદે સર્વસંમતિથી નિયુકતી કરવામાં આવે છે, તેવું સંબોધન વરિષ્ઠ કોંગ્રેસ નેતા દ્વારા કરવામાં આવ્યું. ખીમજીભાઈ તો આશ્ચર્યચકિત થઈ ગયા કે કાર્યકર્તા કે કારોબારી સભ્ય નહી અને સીધા મંત્રીપદ માટેની જવાબદારી સર્વાનુમતે આપવામાં આવી રહી છે !

તેમણે મનોમન પ્રભુને પ્રાર્થના કરી કે મારા પર મુકેલ વિશ્વાસને ટકાવી રાખુ તેવી શકિત તથા અડગ નિષ્ઠા આપો અને વધુમાં વધુ પ્રજાકીય કામો કરી શકું તેવી શકિત પ્રદાન કરો. અંધેરી શાખાના કોંગ્રેસના મંત્રી પદની વરણી ખીમજી માસ્તરની થઈ છે તે વાત જાણતા મથલ તથા પાટીદાર સમાજ ગૌરવની લાગણી અનુભવવા લાગ્યા. રાજકીય ક્ષેત્રે કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાનની નિયુકતીના સમાચારો લોકલ મુખપત્ર પર છવાયા. પ્રભુસંકેત માની ખીમજીભાઈ એક સામાન્ય કાર્યકર્તાની જેમ સેવાકીય કાર્યોમાં લાગી ગયા. સેવાકીય કાર્યોમાં મગનભાઈ, રાવલ સાહેબ તથા કાંતિભાઈ જેવા સાથી કાર્યકર્તાનો બહુ સાથ સહકાર મળ્યો. સેવાકીય કાર્યોમાં સતત પ્રયત્નશીલ રહેવાથી અનેક વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ સાથે ગાઢ પરિચયમાં આવ્યા. એક વખત અંધેરીમાં તેમના નિવાસસ્થાન મહાદેવ ભુવન સોસાયટી દ્વારા ગુજરાતી સંમેલન



ભૂ.પુ. વડાપ્રધાનશ્રી મોરારજીભાઈ દેશાઈ

તથા નાટકનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો. તેમાં અતિથીવિશેષ તરીકે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ગુજરાતના લોકલાડીલા એવા મોરારજી દેસાઈને બોલાવવામાં આવ્યા હતા. સમસ્ત કાર્યક્રમમાં મોરારજીભાઈ તથા ખીમજીભાઈએ દેશહીત માટે ખૂબ વિચારોની આપ-લે કરી. ખીમજીભાઈના વિચારોથી મોરારજીભાઈ ખૂબ પ્રભાવિત થયા. તેમને ફરી નિરાંતે મળવા માટે જણાવ્યું. ત્યારબાદ ખીમજીભાઈ અવાર નવાર મોરારજીભાઈ દેસાઈના નિવાસ સ્થાને જતા તેમજ મોરારજીભાઈ પણ ખીમજીભાઈના નિવાસ સ્થાને મિત્રતા ભાવે આવતા હતા. ખીમજીભાઈને મોરારજીભાઈની સાદગી તથા આહાર વિહારની જીવનશૈલી એટલી બધી ગમી કે તે વાતો તથા આહાર વિહારની જીવનશૈલી તેમણે પોતાના જીવનમાં અમલ મૂકી દીધી. ખીમજીભાઈની નેતૃત્વની ક્ષમતાને કારણે અંધેરી ટીમ્બર મર્ચન્ટ એસોશિયેસને તેમને મંત્રીપદે નિયુક્ત કર્યા.



અંધેરી ટીમ્બર્સ એસોસીયન

ખીમજીભાઈ એ અરસામાં પોતાની માતૃભૂમિ મથલ ખાતે દુકાન ચાલુ કરી. સંયુકત મોટો પરિવાર હોવાથી દરેકને જવાબદારી આપવી પણ જરૂર હતી. તેમના જશુબહેન જેઓ પુનઃલગ્ન કરી મોટી વિરાણી પોકાર પરિવારમાં ગયા હતા જ્યા તેમના પતિદેવનું અચાનક મૃત્યુ થતા મોટાબેન પાછા નીરાધાર બની ગયા. મોટાબેને નિશ્ચય કર્યો કે મજૂરીકામ કરી જીવનનિર્વાહ કરીશ પણ હવે પુનઃલગ્ન નહી કરું. આથી ખીમજીભાઈએ જશુબહેન તથા ભાણેજ ને પોતાની પાસે મથલ બોલાવી લીધા ગામમાં એક ઘર રાખી ભાણેજ તથા બહેનની રહેવાની વ્યવસ્થા કરી, સાથે સાથે તેમના જશુબેનના કૌટુંબિક પરિવારની પણ મથલ ખાતે વ્યવસ્થા કરી, ભાણેજ કરસન તથા તેમના પરિવારના ભાઈ એવા પ્રેમજીભાઈને ખીમજીભાઈએ પોતાના દિકરા તરીકે જ રાખ્યા હતા. પ્રેમજીભાઈ સૌથી મોટા હોવાથી ખીમજીભાઈએ તેમને અંધેરી ખાતેની દુકાનની જવાબદારી સોંપી હતી. ખીમજીભાઈ મુંબઈ ખાતે થોડા વર્ષો રહ્યા, સેવાકીય પ્રવૃતિના કારણે તેઓ ધંધામાં વધુ સમય નોહતા ફાળવી શકતા એમના માટે જનસેવા એજ પ્રભુ સેવા હતી.

માદરે વતનનો અંતરનાદ (સામાજીક ક્ષેત્રે)

પૂર્વના સંસ્કારોએ જનસેવાના હીમાયતી એવા ખીમજીભાઈને પોતાના માદરે વતન જન્મભૂમિએ સેવાનો સાદ આપ્યો. તેમના અંતરના નાદે કહ્યું કે તારી જરૂર તારા માદરે વતનને છે. આમ અંતર નાદ સાંભળી ખીમજીભાઈ મુંબઈમાં પોતાનો ધીકતો ધંધો છોડી માદરે વતનને જ કર્મભૂમિ બનાવવાનું નકકી કર્યું. એ અરસામાં વિનોબા ભાવેની ભુદાન પ્રવૃત્તિએ વેગ પકડયું હતું. ભારતભરમાં ભુદાન પ્રવૃતિ ચાલી રહી હતી. કચ્છ ખાતે સર્વોદય સંઘનાં સંઘવી મગનભાઈ તથા ડો. સાયલા અને બીજા ભાઈઓ સાથે મળીને ખીમજીભાઈ

સર્વોદયના વિચારો પહોંચાડવા નખત્રાણા, લખપત તથા અબડાસા તાલુકામાં ૩ મહિના સુધી પગપાળા પ્રવાસ કર્યો. તેમાં દેશલપરના પૂંજાભાઇ, મથલના તેજાભાઇ તથા પૂંજા કાનજીનો ખૂબ સાથ-સહકાર મળ્યો હતો.

કચ્છ તથા માતૃભૂમિના અંતરનાદ સુણીને આવેલા ખીમજીભાઇ ઇ.સ. ૧૯૪૫થી સામાજીક પ્રવૃતિમાં ખૂબ સક્રિય બની ગયા હતા. સમાજ સુધારક રતનશી ખીમજી, પરબત લખુ પોકાર, નથુભાઇ કેશરાણી, ભીમજી કેસરા લીબાંણી સાથે કચ્છના ગામોગામ ફરી ધર્મ જાગૃતિના અભિયાનમાં ખૂબ સક્રિય બન્યા. મથલ ગામના વડીલશ્રી પરબત લખુ પોકાર અને ખીમજીભાઇ જાણે રામ લક્ષ્મણની જોડી હતી. મથલ ગામના આ કર્મવીર બે સપૂતો ધર્મજાગૃતિના અભિયાનમાં એવા લાગ્યા જાણે રામસેતુ બાંધવામાં હનુમાનજી લાગ્યા હતા. પીરાણાપંથી સાંકળથી બંધાયેલા સમાજને સ્વતંત્ર કરવા ધર્મજાગૃતિના કાર્યમાં યા હોમ કરીને કૂદી પડ્યા. આ ધર્મ જાગૃતિ ચળવળમાં કેટકેટલી તકલીફો આવી તે આપણે આગળના પ્રસંગોમાં જોયું છે.

કચ્છ તથા ગુજરાતમાં વસતા આપણા ભાઇઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. થોડા ઘણા અંશે આપણે લાકડાના વ્યવસાયમાં જોડાયા હતા. પણ વધુ પડતા આપણે લાકડાના કામમાં મજૂરીકામ કરતા હતા. આપણી પ્રજા પરિશ્રમશીલ હતી. આઝાદી બાદ આપણા જ્ઞાતિબંધુઓ વ્યવસાય અર્થે તથા મજૂરીકામ માટે ગુજરાત બહાર જવા લાગ્યા. ત્યાં તેમણે અન્ય જ્ઞાતિઓ સાથે ઉઠબેસ થતાં પોતાની તથા પોતાના સમાજમાં શિક્ષણની બહુ મોટી ઊણપ જણાઇ. તેમને લાગ્યું કે અન્ય જ્ઞાતિઓ શિક્ષણ લેવલે ખૂબ જ આગળ વધી ગઇ છે જયારે આપણે આપણા દિકરાઓને પૂરતું અક્ષરજ્ઞાન પણ આપી શકતા નથી. આપણા સમાજને અન્ય સમાજની બરોબરીમાં લાવવો હશે તો સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવો પડશે. સમાજના દરેક સંતાનો શિક્ષિત થવા જોઇએ. આવો વિચાર સમાજના શિક્ષણમાં રસ લેતા આગેવાનોને આવ્યો. પાટીદાર સમાજ શિક્ષિત બને તથા તેમના બાળકો ઉચ્ચ અભ્યાસ કરે તેવું સ્વપ્ન પરમ પૂજય સદગતશ્રી ઓધવરામજી મહારાજનું હતું. આ સ્વપ્નના પરિપાક રૂપે ધનસુરામાં પૂ. શ્રી ઓધવરામજી મહારાજની ઉપસ્થિતિમાં પાટીદાર ભવન નામનું છાત્રાલય શરુ થયું.

In contact with outside world

નખત્રાણા તાલુકામાં પાટીદારોની વસતી ખૂબ હતી આથી વડીલોને લાગ્યું કે આવનાર વર્ષમાં નખત્રાણા ખાતે હાઇસ્કૂલનું નિર્માણ થવાનું છે તો આપણે આપણા બાળકોના ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે અદ્યતન સુવિધાયુકત છાત્રાલય કેમ ના બનાવીએ? આવા ઉચ્ચ વિચારને સાકારીત કરવા માટે તા.૨૨-૫-૧૯૫૭ના રોજ કોટડા મુકામે વડિલશ્રી ભીમજી કેશરા લીંબાણીના નિવાસસ્થાને આગેવાનોની સભા મળી. આ સભામાં નખત્રાણા ખાતે સમાજના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય તથા ભુજ અને માંડવી ખાતે સમાજવાડી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો અને એક એડહોક કમિટી નિમવામાં આવી, તેમાં પ્રમુખશ્રી પરબત લખુ પોકાર, ઉપપ્રમુખ શિવદાસ કાનજી, મંત્રીશ્રી કરશન શિવદાસ, સહમંત્રી વિશ્રામ કાનજી, ખજાનચીશ્રી ભીમજી કેશરા લીંબાણી નિમર્ણુક કરવામાં આવી, આ એડહોક કમિટી લીધેલા ત્રણ નિર્ણયો પર અલગ અલગ ટીમ બનાવીને કામે લાગી ગઇ, ભુજ ખાતે વાડીની જમીન લેવાઇ અને નખત્રાણા ખાતે છાત્રાલય માટે



શ્રી પરબતભાઇ લખુ પોકાર

૧૫,૬૦૯ ચોરસ વારનો એક વિશાળ પ્લોટ ખરીદવામાં આવ્યો અને બાંધકામ સમિતિની રચના કરવામાં આવી અને ૧૫-૧-૧૯૫૮ના શુભદિને જ્ઞાતિના ભામાશા એવા અગ્રણી કાર્યકર ભીમજી કેશરા લીંબાણીના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

ઇ.સ. ૧૯૫૯ જુલાઇ મહિનામાં છાત્રાલયનું સુંદર ભવ્ય નિર્માણકાર્ય પૂર્ણ થયું. આ પોણા બે વર્ષમાં વડીલોએ અથાગ પ્રયત્ન કરી આ સ્વપ્નને સાકાર કર્યું છે. આ ભવ્ય નિર્માણમાં દરેક પાટીદારભાઇઓનો નાના મોટા અંશે સહયોગ હોવો જોઇએ તેવો નિર્ણય લઇ અલગ-અલગ ટીમ બનાવવામાં આવી. સમગ્ર ભારતભરમાં આપણા ભાઇઓનો સંપર્ક કરવો તથા તેમની પાસેથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે યોગદાન લેવું. સમગ્ર ભારતભરમાં જનસંપર્ક કરવાથી જ્ઞાતિભાઇઓ એકબીજાની નજીક આવ્યા. ભીમજી કેશરા લીંબાણી યુવાન ખીમજીભાઇને સતત સાથે રાખતા અને કહેતા કે ખીમજી જેવી રીતે નાની ઉંમરમાં રાજકીય ક્ષેત્રે તે કાઠું કાઢ્યું છે તેવી રીતે સમાજક્ષેત્રે તારે ખૂબ પ્રગતિ કરવાની છે. આપણે આપણા પરિવાર પૂરતા સીમીત નથી થવું સમગ્ર પાટીદાર સમાજને પરિવાર બનાવી સમાજનું કામ કરવું છે. આપણો પરિવાર બહુ મોટો છે. છાત્રાલયના ફંડ માટે ખીમજીભાઇ ભીમજીબાપા સાથે મુંબઇ ગયા. ત્યારબાદ સ્થાનિક કચ્છ ખાતે પરબત લખુ પોકાર, ભીમજી કેશરા, ખીમજી નાગજી, શિવદાસ કાનજી, નથુ નાનજી, પ્રેમજી પૂંજા તથા અન્ય સાથી મિત્રો સાથે ગામે ગામ જ્ઞાતિભાઇઓ પાસેથી ફંડ એકત્ર કર્યું. આમ વડીલોના સમગ્ર ભારતભરના પ્રવાસ પછી સારું એવું ફંડ એકત્રિત કરવામાં આવ્યું. સમગ્ર ભારત પરિભ્રમણમાં જ્ઞાતિનો સૂર હતો કે છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજના ધારાધોરણ ઘડવા માટેની પરિષદ ભરવી જોઇએ. અંતે નાગપુર ખાતે એક મિટિંગમાં ભારતમાંથી આગેવાનો આવેલા હતા. તેમાં નિર્ણય લેવાયો કે ૧૦-૫-૧૯૬૦ના દિવસે સમાજની પરિષદ ભરવી અને તા.૧૧-૫-૬૦ના દિવસે ઉદ્‌ઘાટનવિધિ કરવી. પરિષદના ઉદ્‌ઘાટન પ્રમુખ તરીકે શિવદાસ કાનજી તથા સ્વાગત પ્રમુખ તરીકે મથલના પરબત લખુ પોકારને નિયુકત કરવામાં આવ્યા. આ નિર્ણયની જાણ એડહોક કમિટીને કરવામાં આવી અને ૨૮-૨-૬૦ની મળેલી સભામાં તે નિર્ણયને મંજુરી આપવામાં આવી. ઉદઘાટન તથા પરિષદની તારીખ નકકી થતા સમગ્ર ભારતભરમાં ચાલો નખત્રાણાનો બુંલદ અવાજ ગુંજી ઉઠયો. ભારતભરમાંથી કાર્યકર્તાઓ નખત્રાણા આવવા લાગ્યા. દરેક કાર્યકર્તાનો ઉત્સાહ અનેરો હતો. આગેવાનો તથા કાર્યકર્તાઓ જાણતા હતા કે પરિષદ તથા ઉદ્‌ઘાટન હોવાથી ભારતભરમાંથી માનવ મહેરામણ ઉમટી પડશે માટે તેમની વ્યવસ્થા સુંદર રીતે કરવી પડશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક પાર પડે તે માટે અલગ અલગ સમિતિની રચનાઓ કરવામાં આવી. તેમાં મંડપ સમિતિ, પ્રચાર પ્રસાર સમિતિ તથા બંધારણ સમિતિમાં ખીમજી માસ્તરે જવાબદારી બખુબી નિભાવી હતી.

સમગ્ર કાર્યક્રમ મે મહિનાની ભીષણ ગરમીમાં થવાનો હતો તે માટે છાત્રાલયના સમગ્ર મેદાનને આવરી લેવું જરૂરી હતું તે માટે મંડપ સમિતિએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં આવેલ જ્ઞાતિજન સારી રીતે સાંભળી શકે તે માટે અનેક જગ્યાએ લાઉડ સ્પીકરના ભૂંગળાઓ મૂકવામાં આવ્યા હતા. પ્રચાર સમિતિમાં ખીમજી માસ્તર સાથે વાલજી જશરાજ બન્ને ભાઇઓએ ખૂબ જ સુંદર કામગીરી કરી હતી. ખીમજી માસ્તરની રાજકીય ક્ષેત્રે સારી ઓળખાણ હતી તેથી નથુભાઇ નાનજી, ગંગદાસભાઇ ઉકાણી જેવા રાજકીય સાથીમિત્રોની મદદ વડે ઉદઘાટન પ્રસંગમાં રાજકીય નેતાઓની ઉપસ્થિતિ માટે તથા અન્ય નેતાગણના શુભેચ્છા સંદેશ માટે



પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા

સુંદર કામગીરી બજાવી હતી. દરેક સમિતિઓ રાત-દિવસ એક કરીને પૂરા ઉત્સાહ સાથે કામે લાગી ગઇ હતી. આખરે ઉત્સવ નજીક આવ્યો તા.૧૦-૫-૧૯૬૦ના દિવસે પરિષદમાં આપણું બંધારણ રજૂ કરવામાં આવ્યું અને તા.૧૧-૫-૧૯૬૦ના શુભ દિને હજારોની માનવમેદની નખત્રાણા ખાતે ઉપસ્થિત હતી. પ્રમુખશ્રી શિવદાસ કાનજી તથા અન્ય જ્ઞાતિ મહાનુભાવોને પરબતભાઇ લખુએ તિલક અને પુષ્પહારોથી સ્વાગત કર્યું. ઢોલ-નગારાના નાદ સાથે સરઘસ કાઢવામાં આવ્યું. જ્યારે જ્ઞાતિ રત્નો તથા આમંત્રિત મહેમાનો સભા મંડપમાં આવ્યા ત્યારે ભગવાન લક્ષ્મીનારાયણનો જયઘોષ તથા ઉમિયા માત કી જય હો ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. દરેક મહાનુભાવો તથા આમંત્રિત મહેમાનોને સ્ટેજ પર બેસાડવામાં આવ્યા. સ્ટેજ પર ખીમજીભાઇ તથા અનેક આગેવાન કાર્યકર્તાઓને સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યું હતું. આમંત્રિત સજ્જનોમાં ભવાનજી અરજણ ખીમજીભાઇ એમ.પી. (લોકસભા મેમ્બર) કચ્છના કલેકટરશ્રી ખાબડે, કુંદનલાલ ધોળકિયા (એમએલએ) કચ્છ જિલ્લા બોર્ડના પ્રમુખશ્રી જુગતરામ રાવળ, કચ્છ કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણદાસ પૂંજાણી, નખત્રાણા તાલુકાના માજી કોંગ્રેસ પ્રમુખ વિશ્રામ તુલસીદાસ વગેરે સ્ટેજ શોભાવી રહ્યા હતા. આ શુભ અવસરે પાટીદાર ભવનનું ઉદ્દ્ઘાટન ભીમજીભાઇ કેશરા લીંબાણી દ્વારા કરવામાં આવ્યું. તેમની સાથે આમંત્રિત મહેમાનો તથા સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. ઉદ્દ્ઘાટન વિધિ પૂર્ણ થયા બાદ ભીમજી કેસરા લીંબાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમજ અનેક આમંત્રિત મહેમાનોએ આ વિશાળ સંકુલની પ્રશંસા કરી પાટીદાર સમાજની એકતાને બિરદાવી હતી. પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજનું સ્વપ્ન સાકાર થયું હતું. આ શુભ અવસરે ખીમજીભાઇએ પોતાના વકતવ્યમાં શ્રીમાન ગાભુભાઇની સમાજ પ્રત્યેની ભાવના તથા અવિશ્રાંત કર્મયોગને બિરદાવી પ્રણામ કર્યા હતા. પ્રમુખશ્રી શિવદાસભાઇએ પ્રસંગોચિત પ્રવચનમાં ભીમજીભાઇ કેશરા, નારાયણ શિવજી તથા અનેક આગેવાન કાર્યકર્તાનો આભાર માન્યો હતો. પાટીદાર ઇતિહાસના પાને આ ઉદ્દ્ઘાટન સમારોહ તથા પરિષદના બન્ને દિવસ સુવર્ણ અક્ષરે આલેખાઇ ગયા. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના નામ હેઠળ નવા બંધારણને બહાલી આપવામાં આવી. નવા બંધારણ મુજબ ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો અને કારોબારીની રચના કરવામાં આવી હતી.

આમ શ્રીમાન ખીમજીભાઇ કચ્છ કડવા પાટીદારની વિધિવત સ્થાપનાના પ્રથમ મંત્રી બન્યા. છાત્રાલયનું નિર્માણ થવાથી સમગ્ર જ્ઞાતિજનના બાળકો ઉચ્ચ અભ્યાસ માટે પાટીદાર વિદ્યાર્થી ભવનનો લાભ લેવા લાગ્યા. પાટીદાર ભવન બન્યા બાદ તેમાં રહેતા વિદ્યાર્થીઓની અવાર નવાર મુલાકાત ખીમજીભાઈ તથા દરેક હોદ્દેદારો લેવા જતા. દરેક હોદેદારો માતૃહૃદયથી બાળકોની ખબર અંતર પૂછતા. વર્ષોથી સેવેલું સ્વપ્ન જયારે સાકારિત થાય ત્યારે તેમનું જતન કરવું ખૂબ જરૂરી છે. સ્વ માટે નહી પણ સમાજના ભવિષ્ય માટે દાનની ટહેલ નાખવા તથા એકત્રિત કરવા વડીલોએ કદીએ શરમ સંકોચ અનુભવ્યો નહીં.

Main Objective

સમાજમાં સળગતો પ્રશ્ન હતો કે સંતપથ ધર્મમાંથી સમાજને સનાતન ધર્મમાં પાછો લાવવો. તે માટે ગામે ગામ સદ્‌ગુરુ શ્રી ઓધવરામ મહારાજના આદેશથી તેમના પટ્ટશિષ્ય મહારાજશ્રી દયાળદાસજીએ સમાજના આગેવાનોને સાથે રાખીને ધર્મપ્રચારનું કામ કરતા. આવી જ રીતે એક વખત ધર્મપ્રચાર અર્થે મોતીસરી કંપાએ મહારાજશ્રી ગયા હતા ત્યાં સમાજના આગેવાન શ્રી હરિભાઈ સમક્ષ વાંઢાય ખાતે કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર બને તેવી ઈચ્છા વ્યકત કરી. હરિભાઈએ મહારાજના વિચારને સમર્થન આપ્યું. અને રૂપિયા ૧૦૦૦નું દાન આપ્યું. આ દાન લઈ મહારાજશ્રી સમાજના અગ્રણી આગેવાનો મળ્યા અને સૌ સાથે મળીને વિ.સ.૨૦૦૦ વસંત પંચમીના શુભ દિવસે ઉમિયા મંદિરનું ખાતમુહૂર્ત કર્યું અને વિ.સ. ૨૦૦૩માં ઉમિયા માતાજીની પાકી મૂર્તિ બેસાડી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારથી આજપર્યંત દર વર્ષે રામનવમીના મહોત્સવમાં ભાગ લેવા પાટીદાર જ્ઞાતિના ભાઈ બહેનો ઉપરાંત સાધુ-સંતો પણ એકત્રિત થાય છે. પૂ. મહારાજશ્રી દયાળદાસજી નિર્વાણ પામ્યા ત્યારબાદ આશ્રમ તથા ઉમિયા માતાજીના મંદિરની વ્યવસ્થા તેમના શિષ્ય મહારાજશ્રી શાંતિરામજીના શિરે આવી. મહારાજશ્રીને કેન્સર હોવાથી તેમનો એક પગ કપાવી નાખવો પડયો હતો. મહારાજશ્રી શાંતિરામજી પગે અપંગ હોવા છતાં સાધુ સંતો તથા અતિથિની સારી સેવા ચાકરી કરતા પોતાના ગુરુ દયાળદાસજી મહારાજનો દેહ વિલય થયો ત્યારે તેમની પાછળ તેમણે અન્ય શિષ્યો સાથે મળીને ભદ્રાઉત્સવ કર્યો હતો અને હમલાપુરીના સંતશ્રી ગંગાપ્રસાદના હસ્તે દયાળદાસ પછીના વાંઢાય દ્વારાના મહંત તરીકે તેમની ચાદરવિધિ કરવામાં આવી. વિ.સ.૨૦૨૧ના વૈશાખ સુદ ગુરુવાર અક્ષય


પ.પૂ. શ્રી દયારામજી મહારાજ

A "Trust" (as an institution) was not formed then. These people were entrusted responsibility on behalf of the KKP Sanatan

શ્રી ઉમિયા માતાજી વાંઢાય ખાતે પાટોત્સવમાં સંબોધન કરતાં શ્રી ખીમજીભાઈ લીંબાણી



તૃતીયાના દિવસે મહારાજશ્રી જૂના દ્વારામાં સ્થિત ઉમિયા માતાજી મંદિર અને સંસ્થા કડવા પાટીદારોને વિધિવત સત્તા સોંપી તે સમયના કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનો શ્રી પટેલ ડાહ્યાભાઈ હરીભાઈ (મોતીસરી કંપા), પરબત લખુ પોકાર (મથલ), ખીમજી નાગજી લીબાંણી (મથલ), પટેલ કરશનભાઈ ઉકેડા (દેશલપર), પટેલ રવજી વેલાણી (લુડવા), પટેલ કાનજી ગોપાલ (વેસલપુર)ને ટ્રસ્ટી તરીકે ઉમિયા માતાજી સંસ્થાનનો વહીવટ સોંપવામાં આવ્યો. મથલ સમાજ તથા ગામ માટે ગૌરવપૂર્ણ કહી શકાય કે આવી વિશેષ જવાબદરી માટે આપણા ગામના બે જ્ઞાતિરત્નો પરબત લખુ પોકાર તથા ખીમજી નાગજી લીંબાણીના શિરે મૂકવામાં આવી. ખીમજીભાઈએ તેમના ગુરુ ઓધવરામજી મહારાજનો શુભ સંકેત જાણી અવિરત ઉમિયા માતાજી સંસ્થાનમાં સેવા આપી છે. રામનવમીના પવિત્ર દિવસે વાંઢાય ખાતે શ્રી ઉમિયા માતાજીનો વાર્ષિક ઉત્સવ ઉજવાય છે. તેમાં તેમની વિશેષ હાજરી રહેતી સાથે સાથે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા સમૂહલગ્ન હોય કે ગૌસેવા પ્રવૃત્તિ હોય તથા આર્થિક સહાય, આરોગ્યનિધિ સેવા જેવી યોજનાનો સમાજમાં તેઓ પ્રચાર પ્રસાર કરતા.






શ્રી ઉમિયા માતાજી વાંઢાય સમુહ લગ્નમાં ઉપસ્થિત શ્રી ખીમજીભાઇ લીંબાણી







ઈ.સ.૧૯૬૦થી ઈ.સ.૧૯૭૨ સુધી ખીમજીભાઈએ પ્રમુખશ્રી શિવદાસભાઈ કાનજી નાકરાણીના નેતૃત્વ હેઠળ મંત્રીશ્રીની જવાબદારી સંભાળી વર્ષો સુધી સમાજનું ઓફિસકાર્ય નિષ્ઠાપૂર્વક સંભાળ્યું. ત્યારબાદ ૧૯૭૨ના સમાજે કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ તરીકે ખીમજી નાગજી લીંબાણીની નિમણૂક કરી. ઈ.સ. ૧૯૭૨માં ભુજમાં હોસ્ટેલ બાંધવા માટે ખરીદ કરાયેલ જમીન પર અલાયદી હોસ્ટેલ બાંધવા માટે જરૂરી ફંડ અપૂરતું હતું. શૈક્ષણિક ઉત્કર્ષના આ ઉમદા કાર્ય માટે ખીમજીભાઈ તથા સમાજના અન્ય આગેવાનો ફંડ એકત્રિત કરવા સમગ્ર ભારતના ખૂણેખૂણે તેમજ કચ્છના દરેક ગામડે ઘૂમી વળ્યા, તેમના પરિપાકરૂપે ઈ.સ. ૧૯૮૬માં ભુજ ખાતે ૨૨ લાખના ખર્ચે અદ્યતન હોસ્ટેલ ખુલ્લી મુકવામાં આવી. ઈ.સ. ૧૯૭૭માં દ્વિતીય અધિવેશન ખીમજીભાઈના પ્રમુખસ્થાને લેવામાં આવ્યું તે અધિવેશનની સાથે યુવક સંઘનું પ્રથમ અધિવેશન યોજાયું હતું. દ્વિતીય અધિવેશનમાં અતિથિવિશેષ કુંદનલાલ ધોળકિયા દ્વારા નખત્રાણા ખાતે હોસ્પિટલ હોવી જોઈએ તેમ જણાવી સરકારશ્રી પાસે જમીન સંપાદન માટે મદદરૂપ બનવાની ખાતરી આપેલ. આ અધિવેશનમાં કન્યા કેળવણી, સમૂહલગ્નો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. કચ્છની દુષ્કાળની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ લગ્નોમાં બિનજરૂરી ખર્ચાઓ બંધ થવા જોઈએ તથા વરપક્ષવાળાએ જાન સીમિત સંખ્યામાં લઈ જવી તેવા નિર્ણયો લેવામાં આવ્યા. સમય અનુસાર રીત-રિવાજોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. બીજા અધિવેશનમાં સમાજના મહાનુભાવોના તૈલ ચિત્રોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ઠરાવો તથા નિયમો બને પણ તેમનું ચુસ્તપણે પાલન થવું જોઈએ તેમ તેઓ માનતા હતા. ખીમજીભાઈ એક સિદ્ધાંતવાદી વ્યક્તિ હતા. તેમના પ્રમુખસ્થાને લેવાયેલ નિર્ણય કે દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં વરપક્ષવાળાએ ૫૦થી વધુ સંખ્યામાં જાન લઈને જવું નહીં, તેથી ઈ.સ. ૧૯૮૧માં તેમના આઠમા પુત્ર કિશોરભાઈના લગ્નમાં ૪૯ લોકોને લઈ ગયા હતા. ખીમજીભાઈનો સંયુકત પરિવાર એટલો બધો મોટો હોવા છતાં ૪૯ લોકોને જ લઈ ગયા હતા. ૫૦માં પુત્રવધુને ઘરે લાવ્યા હતા. સમાજે લીધેલા નિર્ણયને સર્વોપરી માની ને માન્ય કરવું તે સમાજના પ્રથમ નાગરીક તરીકે મારી ફરજમાં છે, હું જ નિયમોનું ભંગ કરીશ તો સમાજના જ્ઞાતિબંધુને નિયમોનું પાલન કેવી રીતે કરાવીશ તેમ તેઓ સ્પષ્ટપણે માનતા હતા. વિક્રમ સંવત ૨૦૩૮ જેઠ સુદ ૧૨ને ગુરૂવાર તા. ૩-૬-૧૯૮૨ના રોજ ઊંઝા ખાતે ૬૦ હજારની જનમેદનીમાં કન્યા કેળવણી ક્ષેત્રે કરેલ વિશિષ્ટ સેવા બદલ કડવા પાટીદાર કુળદેવીશ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ખીમજીભાઈને તામ્રપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.



કન્યા કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તરફથી તામ્રપત્રથી શ્રી ખીમજીભાઈને સન્માનીત કરવામાં આવેલ



કચ્છ કડવા પાટીદાર સમાજની અવીરત સમાજ સેવા તથા જ્ઞાતી વિકાસ માટે અમૂલ્ય યોગદાન બદલ સુવર્ણ ચંદ્રકથી શ્રી ખીમજીભાઈને સન્માનીત કરતા પ્રમુખશ્રી મણીલાલભાઈ પુંજાભાઈ

ઈ.સ.૧૯૮૫માં સમાજનું તૃતીય અધિવેશનનું આયોજન પ્રમુખશ્રી ખીમજીભાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ. સાથે સાથે યુવક સંઘ અને મહિલા સંઘનું બીજુ સંમેલન પણ યોજવામાં આવેલ. ૧૯૬૦માં પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના થયેલ તેને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. માજી વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું તેમજ અધિવેશનમાં સમય પ્રમાણે જરૂરી ફેરફારો કરવામાં આવ્યા. ખીમજીભાઈએ ઈ.સ. ૧૯૭૨થી ઈ.સ. ૧૯૮૭ એમ ૧૫ વર્ષ સુધી પ્રમુખપદ નિભાવ્યું. ત્યારબાદ ૧૯૮૭થી ૧૯૯૬ સુધી સમાજના ટ્રસ્ટી પદે રહ્યા. ઈ.સ. ૧૯૯૪માં પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા ખાતે વાર્ષિક સામાન્ય સભામાં ભારતભરમાંથી પધારેલા સમાજના પ્રતિનિધિઓની વિશાળ ઉપસ્થિતિમાં પ્રમુખશ્રી મણીલાલભાઈ પૂંજાએ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના માજી પ્રમુખ સ્વ. શિવદાસ કાનજી નાકરાણી, શ્રી ખીમજી નાગજી લીંબાણી તથા શ્રી પ્રેમજી પૂંજા વાસાણીની અવિરત સમાજસેવા તથા જ્ઞાતિ વિકાસમાં આપેલ અમૂલ્ય યોગદાન તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજને સંગઠિત કરી સમાજમાં શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવામાં અને શૈક્ષણિક સંકુલોના નિર્માણમાં આપેલ અમૂલ્ય યોગદાન બદલ સુવર્ણચંદ્રકથી સન્માનીત કર્યા, શીશ પર કચ્છી પાઘડી તથા શાલ ઓઢાડીને સુવર્ણચંદ્રક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. બીજા અધિવેશનમાં નખત્રાણા ખાતે આધુનિક સુવિધાસભર હોસ્પિટલ હોવી જોઈએ તે નક્કી થતાં અધિવેશનના સ્થળે જ દાન નોંધાવવાની શરૂઆત કરવામાં આવી હતી. તા.૨૧-૩-૧૯૭૯ના રોજ પાટીદાર સર્વોદય સેવા સંઘના નામે ટ્રસ્ટ નં. ઈ-૫૩૯ કચ્છ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. સંસ્થાના રજીસ્ટ્રેશન સમયે ખીમજી નાગજી લીંબાણી ટ્રસ્ટી હતા. પાટીદાર સર્વોદય સેવા સંઘ એટલે સેવા કરનાર સંઘ. હોસ્પિટલનું નામ દેવાશિષ રાખવામાં આવ્યું છે. હોસ્પિટલના નામના ગુણ મુજબ ક્યાંય તકતી લગાડવામાં આવેલ નથી. દાતાઓની સન્માનવિધિ રાખવામાં આવતી નથી. શરૂઆતમાં અશક્ય લાગતું કાર્ય દેવ આશિષથી ખૂબ જ સુચારુરૂપે ચાલી રહ્યું છે.





દ્વિતીય અધિવેશનની ઝલક







દ્વિતીય અધિવેશનની ઝલક




અધિવેશન પ્રસંગે પધારતા મહાનુભાવો



અધિવેશનમાં પધારતા સંતો અને મહાનુભાવો



દ્વિતીય અધિવેશનમાં મંચસ્થ જ્ઞાતિના મહાનુભાવો તથા મહેમાનો




અધિવેશનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



યુવકસંઘના પ્રથમ અધિવેશન વેળાએ સંબોધતા
પ્રમુખશ્રી ખીમજી લખમશી લીંબાણી



પ્રથમ મહિલા સંમેલનની ઝલક



અધિવેશનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો

તૃતીય અધિવેશનની ઝલક




શ્રી ખીમજી નાગજી લીંબાણીનું
જ્ઞાતિજનોને સંબોધન



યુવક સંઘના દ્વિતિય અધિવેશનને સંબોધતા
યુવક સંઘના પ્રમુખશ્રી દેવજી વાલજી રૂડાણી



મહિલા સંમેલનમાં સંબોધન કરતાં મંજુલાબેન ઉકાણી



અધિવેશનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



અધિવેશનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનને સંબોધતા
શ્રી પ્રેમજી પૂંજા વાસાણી

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું દ્વિતીય અધિવેશન ખીમજીભાઈ લીંબાણીના અધ્યક્ષસ્થાને મળેલ તે અધિવેશનમાં જ્ઞાતિમાં સમૂહલગ્નો યોજવા તે અંગેનો ઠરાવ કરાયો હતો અને એ બાબત ઉપર વિશેષ ભાર પણ મૂકાયો હતો. સમાજના આ અભિગમને મૂર્તસ્વરૂપ આપવાનો ઉમિયા માતાજી ટ્રસ્ટ વાંઢાયએ તા.૨-૧૧-૧૯૮૦ની કારોબારીમાં નિર્ણય કર્યો અને રૂપિયા ૨૫૧ની રકમ લઈને કોઈપણ વિસ્તારના જ્ઞાતિજન સમૂહલગ્નમાં જોડાઈ શકશે એવો પણ નિર્ણય લેવામાં આવ્યો. ઈ.સ. ૧૯૮૦થી પ્રજવલિત કરાયેલ સમૂહલગ્નની જયોત આજે પણ અવિરત ચાલુ છે. ઉમિયા માતાજી સંસ્થાનમાં અખાત્રીજ તથા વસંત પંચમી એમ વર્ષમાં બે દિવસોએ સમૂહલગ્ન યોજાતા રહ્યા છે. ખીમજીબાપા વાંઢાય સંસ્થાના તમામ કાર્યક્રમોમાં હાજરી આપતા અને કાર્યકરોનો ઉત્સાહ વધારતા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયની વાત કરીએ તો તેમના મંદિર નિર્માણના દયાળદાસજી મહારાજના વિચારને સાકાર કરવા માટે પ્રથમ દાન આપનાર મથલના અને મોતીસરી કંપાના રહેવાસી શ્રીમાન હરિભાઈ કરમશી હતા. મંદિરના ખાતમુર્હૂત તથા દ્વિતીય સભાના પ્રમુખ મથલના પરબત લખુ પોકાર હતા અને જયારે શાંતિરામજી મહારાજે મંદિર તથા સંસ્થા કડવા પાટીદારને વિવિધત સોંપી ત્યારે ૬ આગેવાનોમાં મથલના ત્રણ જ્ઞાતિરત્નો ડાયાભાઈ હરિભાઈ, પરબત લખુ પોકાર તથા ખીમજી નાગજી લીંબાણી હતા. આમ મથલ ગામના ત્રણ જ્ઞાતિરત્નોનું આ સંસ્થા માટે ખૂબ યોગદાન રહ્યું છે. તે મથલ ગામવાસી માટે ગૌરવપૂર્ણ બાબત છે.


ખીમજીબાપાએ ૧૯૪૫થી લઈ ૧૯૯૬ જીવનના અંતિમ શ્વાસ સુધી સમાજના કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. સમાજમાં ધર્મજાગૃતિના અભિયાનની ચળવળથી લઈ પાટીદાર વિદ્યાર્થી ભવન નિર્માણ, સમાજના પ્રથમ મંત્રી તરીકે, ત્યારબાદ ૧૫ વર્ષ સમાજના પ્રમુખપદે બે-બે અધિવેશનોના પ્રમુખસ્થાને તથા કન્યા છાત્રાલયના ફંડ માટે ભારતભ્રમણ હોય કે ભારતભરના નવ ભવન ઉદ્‌ઘાટનોના અતિથિ વિશેષ તરીકેની હાજરી હોય, પૂના રમતોત્સવ હોય, હૈદરાબાદ ખાતે રજત જયંતી મહોત્સવ હોય, વલ્લભવિદ્યાનગરમાં યુવા સંઘ નિર્મિત વિદ્યાર્થી છાત્રાલય હોય કે કન્યા છાત્રાલય નખત્રાણાનો ઉદ્‌ઘાટન પ્રસંગ હોય જેમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપી. આ મહામાનવે પોતાનું લોહીનું પાણી અને હાડકાંનું ખાતર કરી સમાજને જીવન સમર્પિત કરી દીધું. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની રચના અને પાટીદાર વિદ્યાર્થી ભવનના નિર્માણમાં તથા શિક્ષણ, ધર્મ, સંસ્કૃતિ તેમજ જ્ઞાતિઉત્કર્ષ અર્થે જીવનપર્યંત કર્મનિષ્ઠ રહીને સમાજને સેવા આપવા બદલ ખીમજીબાપાને ''કચ્છ પાટીદાર જ્ઞાતિરત્ન'' એવોર્ડ તા.૯-૫-૨૦૧૦ સુવર્ણ જયંતી મહોત્સવમાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સન્માનિત કર્યા. સાથે સાથે રાજકીય ક્ષેત્રે કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધારનાર ખીમજીબાપાને પ્રતિભા ગૌરવ તથા પ્રતિભાશોધ સન્માનથી પુરસ્કૃત કરવામાં આવ્યા. બંને સન્માન પરિવારના સભ્યો દ્વારા સ્વીકારવામાં આવ્યા.



હુબલી પાટીદાર ભવન ઉદ્‌ઘાટન પ્રસંગે



સ્વર્ણીમ મહોત્સવમાં શ્રી ખીમજી બાપાને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ રત્ન એવોર્ડ, પ્રતિભા ગૌરવ તથા પ્રતિભા શોધ સન્માનથી પુરસ્કૃત કરવામાં આવ્યા





૪૨


રાજકીય ક્ષેત્રે આદર્શ રાજપુરુષ

ખીમજીભાઈએ રાજકીય ક્ષેત્રે અંધેરી કોંગ્રેસના મંત્રીપદેથી શરૂઆત કરી. મંત્રીપદે રહીને કોંગ્રેસ સંગઠનમાં ખૂબજ સુંદર કાર્ય કર્યું. ગાંધીવાદી વિચારધારા તથા દેશહિત માટે આધુનિક વિચારસરણી ધરાવતા ખીમજીભાઈ પ્રજાકીય સેવા કાર્યોમાં ખૂબ નામના મેળવી હતી. કચ્છ પ્રજાકીય પરિષદ કચ્છમાં જયારે સક્રિય બની ત્યારે ખીમજીભાઈ પ્રજાકીય પરિષદના સક્રિય સભ્યપદે જોડાયા અને રાજાશાહી સામેની પ્રજાકીય પરિષદની કચ્છ વિભાગની ચળવળની આગેવાની લીધી. સેવાકીય તથા પ્રજાકીય કાર્યો માટે કચ્છમાં કામ કરવું તેવો અંતરનાદ થતા મુંબઈ ખાતે પોતાનો ધીકતો ધંધો છોડી તેઓશ્રીએ કાયમી કચ્છમાંજ રહેવાનું પસંદ કર્યું અને ખેતીનો વ્યવસાય સ્વીકાર્યા બાદ તેઓ વિવિધ સામાજીક, રાજકીય પ્રવૃત્તિ સાથે એટલા ઓતપ્રોત થઈ ગયા કે આ પ્રવૃતિઓ તેમના જીવનનું અંગ બની ગઈ.

ખીમજીભાઈ મથલ ગામના પ્રશ્નોને વાચા આપી તાલુકા તથા જિલ્લા પંચાયતોમાં રજુઆત કરતા. મથલ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે તેઓ રહ્યા. ત્યારબાદ તેઓશ્રી ઇ.સં. ૧૯૬૪માં નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા હતા. ઈ.સ. ૧૯૬૭માં નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે બીનહરીફ પદે ચૂંટાઈ આવ્યા. કચ્છ એવો પ્રદેશ છે જયાં વરસાદ બહુ નહીવત પ્રમાણમાં થતો. વારંવાર કચ્છની પ્રજાને દુષ્કાળનો ભોગ બનવું પડતું. તેઓ તાલુકા પ્રમુખ બન્યા તે અરસામાં કચ્છમાં ભયંકર દુષ્કાળની પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. ગરીબ માણસો પાસે ખાવા પૂરતું અન્ન નોહતું ત્યાં પશુ સૃષ્ટિની તો વાત જ શું કરવી. ખીમજીભાઈએ સરકાર પાસે વધુ અનાજની માંગણીઓ કરી પણ જરૂરિયાત મુજબનો અન્ન પૂરવઠો મળતો નહોતો. આથી ખીમજીભાઈએ બહાર વસતા આપણા પાટીદાર ભાઈઓ પાસે મદદ માટેની ટહેલ નાખી, પોતાની માતુભૂમિનો સાદ સાંભળી આપણા ભાઈઓએ ઉદાર હાથે દાન આપ્યું. સાથે સાથે સાબરકાંઠા વિસ્તારના આપણા ભાઈઓ સાથે મળી ઘાસચારાની વ્યવસ્થા ઉભી કરી પશુધન માટે ઘાસ વિતરણની સુંદર કામગીરી તેમણે બજાવી હતી. સરકારી ફંડ તથા આપણા ભાઈઓએ આપેલ ફંડને ભેગું કરી ગામેગામ ગરીબ પ્રજાજન માટે સુખડી વિતરણનું કામ શરુ કર્યું. સુખડી વિતરણની સાથે સાથે ગરીબોને કપડાં, બાળકો માટે નાસ્તાના ફુડ પેકેટ તથા ધાબળા વિતરણ કરવા માટે નોકરી ઈચ્છુક લોકોને કામ આપી રાહત કામગીરી કરી. આ સુખડી વિતરણમાં મથલ ગામના વાયરમેન તરીકે જાણીતા ઈશ્વર મહારાજે નોકરી મેળવી ખૂબ જ સુંદર કામગીરી બજાવી હતી. ગામેગામ કેટલ કેમ્પ (પશુવાડાઓ) ઉભા કરી ઘાસ વિતરણ કરવામાં આવતું. મામલતદાર શ્રી આનંદપુરા સાહેબના સાથ સહકારથી રાત-દિવસ જોયા વગર રાહત કામગીરી તેઓ કરતા હતા.

એક વખત વરસાદ ખૂબ થવાથી નખત્રાણા તથા લખપત તાલુકાનો નેશનલ હાઈવે પૂરના કારણે તૂટી પડયો. સમગ્ર વાહન વ્યવહાર ખોરવાઈ ગયો. લખપત તથા નખત્રાણા તાલુકા માટે રોજબરોજનું શાકભાજી તથા રાશનપાણી લઈ આવતી ટ્રકોના પૈડા થંભી ગયા. આ વાતની જાણ ખીમજીભાઈને થતા તેઓશ્રી મામલતદાર આનંદપુરાને વાત કરી એક ટીમ બનાવી રસ્તો બનાવવા કામે લાગી ગયા, કામ ખૂબ જ અઘરું હતું કારણ કે રોડ બનાવવા માટે મશીન તથા જરૂરી સામગ્રી બન્ને સાઈડના ટ્રાફિકના કારણે પહોંચી શકે એમ

નહોતી. આથી ત્વરીત કામચલાઉ રોડ સૌ પ્રથમ બનાવી ટ્રાફિક હળવો કરી પછી પાકો રસ્તો બનાવવો, પણ તે માટે સૌ પ્રથમ ઘણા બધા માણસોની જરૂર પડે તેમ હતી. આથી નજીકના ગ્રામવાસીઓ તથા દરેક ટ્રક તથા અન્ય વાહનના ડ્રાઈવરો સાથે મળીને પથ્થરો ઉપાડીને શ્રમયજ્ઞનો આરંભ કર્યો. અનેક લોકોના સાથ સહકારથી ૩૦ કલાકે કામચલાઉ રસ્તો નિર્માણ થયો. ખીમજીભાઈ તથા મામલતદાર શ્રી આનંદપુરા સાહેબે સતત ૩૦ કલાક ઉપવાસ કરી રોડને પૂર્વવત ચાલુ કરાવ્યો. ખીમજીભાઈએ પ્રતિજ્ઞા લીધી હતી કે જયાં સુધી રસ્તો પુનઃ ચાલુ નહી થાય ત્યાં સુધી અન્નનો દાણો મોંમાં નહીં મૂકું.



નં. એચ. એ. એમ. એચ. આ. ૬૦–૬૯.

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી કચ્છ, ભુજ તા. ૧–૧–૧૯૬૯.

પ્રતિ,
શ્રીમાન
ખીમજી નાગજી પટેલ
મથલ તા. નખત્રાણા કચ્છ.

હું આ સાથે કચ્છ જીલ્લામાં આપની ઓનરરી મેજીસ્ટ્રેટ સેકન્ડ કલાસ તરીકે નિમણુંક કરતું ગુજરાત રાજ્યના હોમ ડીપાર્ટમેન્ટ: કાયદા ખાતું: જાહેરનામાની નકલ નંબર. એચ. એમ. એમ. ૨૦૬૮–૧૫૬૧–ડી તા. ૨૧–૧૨–૬૮ વાળી મોકલું છું અને તે સાથે આપને તે નીમણુંક બદલ અભિનંદન પાઠવું છું.

ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકેની ફરજો, સત્તાઓ અને કાર્યોને લગતી માહિતી અને નવા નિમાયેલા ઓનરરી મેજીસ્ટ્રેટ માટેનું સીલ છાપકામ અને મુદ્રાલય ખાતા તરફથી આવેથી આપને સત્વર મોકલી આપશું જે વિદિત થાય.

R. Balakrishnan 1/1/69
: આર. બાલકૃષ્ણન :
જીલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ ભુજ.

ભાવસાર. ૧૧૬૯
- ૦ -


સદાચારી, નિષ્ઠાવાન એવા ખીમજીબાપાની કચ્છ જિલ્લા માનદ ઓનરરી મેજિસ્ટ્રેટ તરીકે ૨૧ ડિસેમ્બર ૧૯૬૮ના રોજ નિમણુક કરવામાં આવી. કુલ ૨૨ સભ્યોમાંથી ખીમજીબાપાનું નામ જાહેર કરવામાં આવ્યું. આ ૨૨ સભ્યોમાં પાટીદાર સભ્ય તરીકે તેઓ ફકત એક જ હતા.

દુષ્કાળ જેવી પરિસ્થિતિ ફરીથી નિર્માણ ના થાય તે માટે ચેકડેમો બનાવ્યા. ખેડૂતોના કોઈપણ પ્રશ્નો માટે તાલુકા પંચાયતમાં શ્રીમાન ડી.સી. વર્મા સાહેબ, મામલતદાર સાહેબ તથા ઈલેકટ્રીક નાયબ ઈજનેરને સાથે રાખી તરત જ તેમનું નિવારણ કરતા. અછતગ્રસ્ત ગામો તથા અન્ય ગામોના પ્રશ્નો માટે ડી.સી. મામલતદાર સાહેબ અને ખીમજીભાઈ ગામડે ગામડે ફરતા. કયારેક કયારેક પાછા વળવામાં રાતના બાર વાગી જતા. પ્રજાકીય કામો માટે કયારેક જમવાનું પણ છોડી દેતા, નહી તો સમયસર અન્ય જગ્યાએ પહોંચી ના વળાય. પ્રજાનું દુઃખ એ મારું દુઃખ સમજીને રાત-દિવસ જોયા વગર તેઓશ્રી કાર્ય કરતા. તે સમયમાં નદીના વહેણ ઉપર પુલ નહોતા. કયારેક વધુ વરસાદ આવવાથી નદીના પાણી રોડ પરથી વહેતા ત્યારે સરકારી બસો કે અન્ય ગાડી આગળ જઈ શકતી નહીં. ત્યારે બસના ઉતારુઓની રહેવા તથા જમવાની વ્યવસ્થા તેઓશ્રી કરતા. આ કાર્યમાં મથલવાસી વેલજી માવજી મુખીનો ખૂબ સાથ-સહકાર મળતો. આમ પ્રજાકીય પ્રશ્નોના નિરાકરણ માટે અવિરત દોડતા ખીમજીભાઈએ જનમાનસના હૃદયમાં એક અનોખું સ્થાન બનાવી લીધું હતું. તાલુકા પંચાયતના પ્રમુખપદે તેઓ બીજી વખત પણ ચૂંટાઈ આવ્યા. તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા પહેલા તેઓ જિલ્લા પંચાયતના સભ્ય હતા. અને ત્યારબાદ ઈ.સ. ૧૯૬૫માં ઉત્પાદન સમિતિના પદે તેમની નિમણૂંક કરવામાં આવી.



સહકારી પ્રવૃત્તિ નવા સમાજનો પાયો છે. સમાજવાદમાં વ્યક્તિગત હિતોને સ્થાને સામૂહિક હિતોનું સ્થાન હોવું જોઈએ. સમાજવાદમાં તેઓશ્રી અનન્ય શ્રધ્ધા ધરાવતા હતા. આવા સમાજવાદના પાયા સમી સહકારી પ્રવૃતિ વિકસાવવા ખીમજીભાઈ હમેશાં પ્રયત્નશીલ રહ્યા હતા. અને આ રીતે મથલ ગામની સહકારી મંડળીના પ્રમુખ તરીકે ૧૪ વર્ષથી વધુ સમય ખૂબજ નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૯૬૭માં સરકારે તેમને જે.પી.ના ઈલ્કાબથી નવાજયા હતા. આ ઉપરાંત જીલ્લા કક્ષા ઘઉં પાક હરીફાઈ માટે નિર્ણાયક સમિતિના સભ્યપદે તેમની નિમણૂક કરવામાં આવી હતી. વારસાગત ખેડૂત હોઈ અને વ્યવસાયે ખેડૂત હોઈ ખેતીના વિકાસમાં તેઓશ્રીને ઘણો જ રસ હતો. જુદા-જુદા પ્રાંતની ખેતીની પધ્ધતિનો ખ્યાલ આવે તે હેતુથી ખીમજીભાઈએ કચ્છના ખેડૂતોની આગેવાની લઈ ૧૯૬૦માં દિલ્હી કૃષિ મેળામાં ભાગ લીધો હતો તેમજ ગુજરાતભરના પ્રગતિશીલ ગામોની મુલાકાત પણ કચ્છના ખેડૂતો સાથે અનેકો વખત તેઓશ્રીએ લીધી હતી. તે રીતે ખેતીમાં નવીનીકરણ માટે સદાય ઝુંબેશ ચલાવી હતી.

ખીમજીભાઈ ધરતીપુત્ર હતા. ખેડૂતોની તેમને સતત ચિંતા હતી. ખેડૂતોને કેટકેટલી મુશ્કેલીઓ પડતી હોય છે તેમનો તેમને જાતઅનુભવ હતો. ખેડૂત તે સમયમાં કોઈ દિવસ બે પાંદડે નહોતો થતો. એક બાજુ લેણાના ડુંગર નીચે દબાયેલો હોય અને બીજી બાજુ સરકારી નીતિનો ભોગ બનતો હોય. આવીજ નીતિની વાત કરીએ તો કચ્છ મુંબઈ રાજય સાથે જોડાયેલું હતું તે વખતે રાજાશાહી લમસમ કમરતોડ વિઘોટી ૨૫ રૂપિયા હતી, જે અસહ્યનીય હતી. આ ભારેખમ વિઘોટી પર વિચાર વિમર્શ માટે સૌ પ્રથમ મથલના ખેડૂતો ખીમજીભાઈ પાસે આવ્યા. ત્યાં નિર્ણય લેવાયો કે અઠવાડિયા પછી સભામાં નક્કી કરેલા પાંચ ખેડૂતો ખીમજીભાઈ સાથે મુંબઈ જશે. તે વખતે કચ્છની ધારાસભા મુંબઈમાં હતી. નક્કી કરેલા દિવસે જવા માટે કોઈ હાજર થયું નહીં. અંતે ખીમજીભાઈ એકલા મુંબઈ પહોંચ્યા. તોઓશ્રી પ્રેમજીભાઈ મીનીસ્ટરના ઘરે ગયા અને સઘળી હકીકત તેમને જણાવી. પ્રેમજીભાઈએ કહ્યું કે એક કામ કરો ત્રણ મહિના પછી આવો મીનીસ્ટર ચૌહાણ સાહેબનું ઓપરેશન કરવાનું છે તો તે મળી શકશે નહીં. ખીમજીભાઈ કહે કે ત્યાં સુધી તો વિઘોટી નિયમ અનુસાર ભરવી જ પડશે. માટે જે નિર્ણય લેવો છે તે હાલમાં જ લેવો પડશે. અંતે ખીમજીભાઈ વિરોધ પક્ષના ભરૂચા સાહેબના ઘરે મળવા ગયા અને કચ્છના ખેડૂતોની પરેશાનીથી વાકેફ કર્યા. ભરૂચા સાહેબે કહ્યું કે ચૌહાણ સાહેબનું ઓપરેશન એક મહિના પછી થવાનું છે. આવતીકાલે તમે પ્રેમજીભાઈને ત્યાં આવો હું પણ ત્યાં આવું છું. બીજે દિવસે પ્રેમજીભાઈને ભરૂચા સાહેબે કહ્યું કે વિરોધપક્ષનો હું હોવા છતાં આ વિઘોટીનો ઠરાવ તમે મુકો હું તમને ટેકો આપીશ. કોઈ પ્રદેશમાં આટલી




બધી વિઘોટી નથી. કચ્છની જમીન તો બહુ નબળી છે માટે આજે જ ઠરાવને પાસ કરાવો. તે પછી પ્રેમજીભાઈએ ઠરાવ મુકયો અને જીમીશેઠ તથા ભરૂચા સાહેબે ટેકો જાહેર કર્યો. ફક્ત બે મિનિટમાં જ કચ્છની લમસમ ૨૫ રૂપિયા વિગોટી ખીમજીભાઈના પ્રયત્નથી ૧ રૂપિયો કરવામાં આવી. કચ્છના ખેડૂતોનું બહુ મોટું કામ હળવું થયું. કચ્છના ખેડૂતોએ જ્યારે ખીમજીભાઈનું સન્માન કર્યું ત્યારે તેમણે કહ્યું કે આ કામ મેં નથી કર્યું, ભગવાન મારી સાથે છે તેવી અનુભુતી અને વિચારથી આ કાર્ય થયું છે. આ વિચાર બધા કરશે તો બધા જ કાર્ય સફળ થશે જ. આમ કહી કાર્યનો શ્રેય સ્વયં ના લેતા ભગવાને કર્યું છે તે પરથી ખીમજીભાઈની વિનમ્રતાના દર્શન આપણને થાય છે.

આમ ખીમજીભાઈ વિવિધ સંસ્થાઓ તથા તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતમાં રહીને ખૂબ સેવાકીય કાર્યો કર્યા તેના કારણે કચ્છ તથા નખત્રાણા તાલુકામાં ખીમજીભાઈની છબી એક નિષ્ઠાવાન, કર્મયોગી તરીકે જનમાનસમાં પ્રસ્થાપિત થઈ. તે સમયમાં સ્વ. ઈન્દિરા ગાંધી ભારતના પ્રધાનમંત્રી હતા. નખત્રાણા તાલુકામાં ખીમજીભાઈનું વર્ચસ્વ હતું. આથી દિલ્હી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ કચ્છ ખાતેના ઉમદા નિષ્ઠાવાન તથા લોકચાહના ધરાવનાર ખીમજીભાઈનું વ્યકિતત્વ આગામી વિધાનસભાની ચૂંટણી માટે નજરમાં આવ્યું. ઈન્દિરા ગાંધીએ ગુજરાતના કોંગ્રેસ મિનિસ્ટર એવા પ્રેમજીભાઈ ભવાનજી તથા અરજણ ખીમજીને દિલ્હી બોલાવ્યા ત્યાં તેમની સાથે મંત્રણા કરી અને પોતાનો સંદેશો લઈ ખીમજીભાઈને મળવાનો આદેશ આપ્યો. પ્રેમજીભાઈ ભવાનજી દિલ્હીથી કચ્છમાં આવ્યા અને ખીમજીભાઈને મળવા મથલ આવ્યા. ખીમજીભાઈને મળતા જ તેમને કહ્યું કે હું તમારા માટે ખુશીના સમાચાર લઈ ને આવ્યો છું, અગામી વિધાન સભાની ચૂંટણીમાં આપ ઉભા રહો તે માટે ઈન્દિરાજીએ આપના માટે ટીકીટ મોકલાવી છે. આવા સમાચાર સામાન્ય માણસને મળે તો તે ખુશીથી નાચવા લાગે ખૂબ ખુશ થાય ત્યારે ખીમજીભાઈના ચહેરા પર કોઈ જ ફરક પડયો નહીં તેમણે વિનમ્રતાપૂર્વક પ્રેમજીભાઈને જણાવ્યું કે મારે ચૂંટણી લડવી નથી અને મારે ટિકીટ જોઈતી નથી. મને ઈન્દિરાજીએ આ પદ માટે યોગ્ય ગણ્યો તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર. આ વાત સાંભળીને તો પ્રેમજીભાઈ તો દંગ જ રહી ગયા. તેમણે કહ્યું કે ખીમજી માસ્તર લોકો ટીકીટ લેવા માટે પડાપડી કરે છે, ઓળખાણ લગાવે છે, ત્યારે તમે સામે ચાલીને આવેલી ટીકીટને ઠુકરાવો છો ? માન્યામાં નથી આવતું. પ્રેમજીભાઈએ ઈન્દિરાજી ગાંધીજીને સમાચાર આપ્યા કે ખીમજી માસ્તર ટીકીટ લેવાની ના પાડે છે. ઈન્દિરાજી સ્વયં આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે પ્રેમજીભાઈને જણાવ્યું કે કોંગ્રેસ પક્ષને કોઈ પણ ભોગે ખીમજીભાઈને પક્ષમાં લેવા છે માટે તમે તેમને મળો અને ટિકીટ ના લેવા માટેનું કારણ પૂછો. ભલે તેઓ ટીકીટ ના લે પણ સામે ચાલીને આવેલ ટીકીટને ઠુકરાવવાનું કારણ શું? ફરી એક વાર પ્રેમજીભાઈ ભવાનજી ખીમજીભાઈને મળવા માટે આવ્યા અને પ્રધાનમંત્રી ઈન્દિરાજીનો સંદેશો સંભળાવ્યો. તેમણે કહ્યું કે ભલે આપ ચૂંટણી ના લડો પણ સામે ચાલીને આવેલ ટીકીટને ના પાડવાનું કારણ શું ? તે ઈન્દિરાજી જાણવા માંગે છે. ત્યારે ખીમજીભાઈએ વિનમ્રતાથી જવાબ આપ્યો કે ભારતને આઝાદી અપાવવા માટે અનેક શહીદો તથા નેતાઓનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. સ્વતંત્ર ભારત બાદ વર્ષો પછી લોકનાયક એવા નેતાગણમાં સેવાવૃત્તિનો ભાવ જોવા નથી મળતો. આપ મારો ઈશારો સમજી શકો છો હું શું કહેવા માંગું છું. જન પ્રતિનિધિ આજે સેવાભાવને બદલે સત્તાલોલુપ બન્યા છે. મારે આવા મલીન રાજકારણમાં ઝંપલાવવું નથી. હું સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પૂજ્ય દાદાજીના

વિચારો જીવનમાં ઉતારી તે પ્રમાણે જીવનારો માણસ છું. પ્રેમજીભાઈએ કહ્યું કે કોંગ્રેસ પક્ષ તથા ઈન્દિરાજીની પ્રબળ ઈચ્છા છે કે આપ ટીકીટ લો ત્યારે ખીમજીભાઈ એ કહ્યું કે પાડુંરંગ શાસ્ત્રી પૂજ્ય દાદાજી મને કહે તો જ હું ટીકીટ લઈશ નહીં તો નહીં.

આથી પ્રેમજીભાઈના આગ્રહને વશ થઈ ખીમજીભાઈ પૂ. દાદાજીને મળવા મુંબઈ આવ્યા અને તેમને મળીને સઘળી હકીકત કહી. પૂ.દાદાએ વાત સાંભળીને કહ્યું કે, 'માસ્તર, રાજકારણનો રંગ એવો છે કે ભલભલા માણસને બીજા રંગો ફિક્કા લાગે. તેથી કોઈને પણ તેમાં જવા માટે હું પ્રેરતો નથી. પણ મને તમારા પર વિશ્વાસ છે કે તમારા જીવનમાં રાજકારણનો રંગ આવવાથી સ્વાધ્યાયનો રંગ ફિક્કો નહી થાય. આપ ટીકીટનો સ્વીકાર કરો અને સ્થાપિત કરો કે આદર્શ નેતા કેવો હોય. તમારા જેવા નેતા મલીન કાદવમાં કમળ બનીને ખીલશે. પ્રજાને સર્વોપરી માની રામ અને કૃષ્ણ જેવું નેતૃત્વ કરો તેવા મારા આશીર્વાદ છે. આમ પૂ. દાદાના આશીર્વાદથી ટીકીટ લઈને મથલ આવ્યા. મથલ તથા સમસ્ત ભારતભરના જ્ઞાતિજનોમાં ખુશીનું મોજું ફરી વળ્યું. સમસ્ત જ્ઞાતિજનો ગૌરવની લાગણી અનુભવતા હતા કે પાટીદાર સમાજનો ધરતીપુત્ર કચ્છની અબડાસા મત વિસ્તારની ચૂંટણીમાં શાસક કોંગ્રેસ પક્ષ તરફથી નેતૃત્વ કરી રહ્યો છે.

ચૂંટણીની તારીખ નકકી થતા સમગ્ર ભારતભરના ઘણા બધા પાટીદાર ભાઈઓ ચૂંટણી પ્રચાર અર્થે કચ્છમાં આવી ગયા. પ્રચાર અર્થે અલગ અલગ ગામોની ટીમ બની તે ગામમાં ટીમ દ્વારા લોકોને ભેગા કરવામાં આવતા ત્યાં ખીમજીભાઈ જનસંપર્ક કરી તેમનું વકતવ્ય આપતા હોય ત્યારે આગળના ગામમાં ટીમના ભાઈઓ ત્યાં જઈ જનસમૂહને એકત્રિત કરવામાં લાગી જતા. ખીમજીભાઈની સાથે પાંચથી છ ગાડીઓ પ્રચારમાં રહેતી. શુદ્ધ ચરિત્રના વ્યકિતત્વને લઈને ઘણા બધા જ્ઞાતિભાઈઓ પોતાની ગાડીએ પ્રચારઅર્થે મોકલી હતી. ઘણા બધા ભાઈઓને ગાડી માટે ના પાડવાની જરૂર પડી હતી. ખીમજીભાઈ આચારસંહિતાનું પૂરેપૂરું પાલન કરતા હતા. તેમણે દસ દિવસમાં ૪૪ ગામોમાં જનસંપર્ક કરી પ્રચાર-પ્રસાર કર્યો હતો. સામે પક્ષે વિરાણીના શિવદાસ બાપાના પુત્ર વિરેન્દ્રભાઈ બેરીસ્ટર ઉભા રહ્યા હતા. ચૂંટણીની તારીખ આવતા વોટીંગ પૂરજોશમાં થયું. ત્યારબાદ મતગણના દિવસે સૌ પરિણામની રાહ જોતા મતગણના કેન્દ્ર બહાર મોટી સંખ્યામાં ભેગા થયા હતા. અંતે પરિણામ જાહેર થયું કે, અબડાસા મત વિસ્તારના શ્રીમાન ખીમજીભાઈ નાગજી પટેલ


ELECTION COMMISSION OF INDIA

सत्यमेव जयते

Certificate of Election


I, Returning Officer for the 1 - ABDASA Assembly Constituency in the State of Gujarat hereby certify that I have on the ELEVENTH day of MARCH 1972, declared Shri KHIMJI NAGJI of MATHAL (TEJVADA), TALUKA NAKHATRANA to have been duly elected by the said constituency to be a member of the Gujarat Legislative Assembly and that in token thereof I have granted to him this certificate of election.

S. V. Parmar
(S. V. Parmar)
Returning Officer,
for the 1- Abdasa Assembly Constituency.

Place Nakhatrana(Kutch District)

Date 11th March, 1972

૨૪૭૪૩ જંગી બહુમતીથી મતો મેળવી વિજય પ્રાપ્ત કરેલ છે. જોતજોતામાં નખત્રાણા ગામ સરઘસના સ્વરૂપમાં ફેરવાઈ ગયું. ગામ લોકોએ ધામધુમથી વિજય સરઘસ કાઢયું. ખીમજીભાઈ ગાડીમાં બેસતા પહેલા વિરેન્દ્રભાઈ પાસે ગયા અને તેમને ગાડીમાં સાથે બેસાડયા અને કહ્યું, 'હવે આપણે બંને એક છીએ. આટલો પ્રચંડ બહુમતની ટકાવારી આજ દિન સુધી કોઈ તોડી શકયું નથી. ખીમજીભાઈના જવલંત વિજયના સમાચાર ઈન્દિરાજીને મળતા તેમણે ખીમજીભાઈને શુભેચ્છા સંદેશો મોકલાવ્યો અને તેમણે કહ્યું કે આપણે જે માંગ્યું તે બહુમત જનતાએ આપ્યો છે. હવે આપણું કર્તવ્ય બને છે કે આપણા કાર્યોથી અને ઉચ્ચ સિધ્ધાંતો પર દઢ રહી જનતાના વિશ્વાસની કસોટી પર ખરા ઉતરીએ. ખીમજીભાઈએ આ વિજય અબડાસાની જનતાના વિશ્વાસનો વિજય બતાવ્યો અને તેઓ સૌ પ્રથમ વાંઢાય તેમના ગુરુજી સંતશ્રી ઓધવરામજી મહારાજની સમાધિએ દર્શન કર્યા અને ત્યાબાદ મુંબઈ જઈ પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીના આશીર્વાદ મેળવ્યા. ૧૯૭૨માં જવલંત વિજય પ્રાપ્ત કરી તેઓ વિધાન સભાના પ્રથમ સત્રમાં ભાગ લેવા ગાંધીનગર આવ્યા. વિધાનસભાના સત્રની શરૂઆત થઈ થોડુંક સત્ર આગળ ચાલ્યું હશે તે પછી તરત ધારાસભ્ય ખીમજીભાઈએ અધ્યક્ષશ્રી પાસે પોતાનો પ્રશ્ન નહી પણ એક વિચાર મૂકવો છે તે માટે બોલવાની પરવાનગી માંગી. અધ્યક્ષશ્રીએ પરવાનગી આપતા ધારાસભ્યશ્રી ખીમજીભાઈએ કહ્યું કે કોઈ પણ શુભ કાર્યની શરૂઆત કરીએ ત્યારે પ્રભુને પ્રાર્થના કરીને કરીએ છીએ, તો આપણે સત્રની શરૂઆત પહેલા પ્રાર્થના કરીએ તો કેમ રહેશે ? ત્યારે અધ્યક્ષશ્રીએ ખીમજીભાઈને કહ્યું કે આપના સૂચન ખૂબજ પ્રશંસનીય છે પણ અહીં દરેક ધર્મના લોકો છે તેથી કયા ધર્મની પ્રાર્થના લેવી ? અને સર્વ ધર્મ સમભાવની દષ્ટિએ તે શકય નથી. સત્ર બાદ અધ્યક્ષશ્રીએ ધારાસભ્ય ખીમજીભાઈને મળીને પ્રાર્થનાના સુચન માટે પ્રશંસા કરી હતી અને કહ્યું કે



प्रधान मंत्री भवन
PRIME MINISTER'S HOUSE
NEW DELHI

मार्च २१, १६७२

प्रिय श्री पटेल,

आपकी सफलता पर बधाई।

मैं जानती हूं कि आप इसे अपनी निजी विजय न मान कर उन नीतियों तथा मार्गदर्शन की विजय समझेंगे, जो हम देश को दे रहे हैं।

हमने जो मांगा था वह अभिमत हमारी जनता ने कांग्रेस को दिया है। अब यह हमारी जिम्मेदारी है कि हम अपने कार्यों से और ऊंचे सिद्धान्तों पर दृढ़ रहकर जनता के विश्वास की कसौटी पर खरे उतरें।

देश के सामने बड़ी-बड़ी समस्याएं हैं। लेकिन कोई भी समस्या ऐसी नहीं है जिसका हल न हो सके, यदि हम एकता, दृढ़ निश्चय तथा मेलजोल से काम करें।

शुभकामनाओं सहित,

भवदीया,

(इन्दिरा गांधी)

श्री खीमजीनागजी पटेल,
विधायक,
अहमदाबाद।

પૂર્વ પ્રધાનમંત્રીશ્રીમતી ઈન્દીરાગાંધી દ્વારા શ્રી ખીમજીભાઈને મોકલાવેલ શુભેચ્છા પત્ર

આજ સુધી આવું પ્રશંસનીય સૂચન કોઈએ કર્યું નથી. ત્યારે ખીમજીભાઈએ કહ્યું કે 'જનસેવા એજ પ્રભુસેવાનો મંત્ર ખરા અર્થમાં ત્યારે સાર્થક થાય જયારે જનપ્રતિનિધિએ કરેલા કાર્યો તેમણે નહીં પણ ભગવદ્ ઈચ્છાશકિતથી થયા છે એમ સમજે. અને એ ત્યારે જ શકય બને જયારે કાર્યની શરુઆત પ્રાર્થનાથી થાય.

ધારાસભ્ય ખીમજીભાઈએ કચ્છની પ્રજાના હિતો માટે અનેક પ્રશ્નોની વિધાનસભામાં રજુઆતો કરી હતી. અમુક ધારાસભ્યોના સંપૂર્ણ કાર્યકાળમાં ત્રણ કે ચાર વખત પ્રશ્નો રજૂ કરવાનો મોકો મળતો હોય ત્યારે ખીમજીભાઈએ પોતાના ટૂંકા કાર્યકાળમાં ૧૨ વખતથી વધુ કચ્છની પ્રજા તથા પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા. સૌ પ્રથમ ૩ એપ્રિલ ૧૯૭૨માં કચ્છ માટે પરકોલેશન ટેન્ક માટેનો પ્રશ્ન ઉઠાવ્યો. કચ્છમાં પાણીની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા સરકારે પરકોલેશન ટેન્ક વધુ ને વધુ થાય તો પાણીનો સંગ્રહ કરી શકાય. કચ્છના એક હજાર ગામડામાંથી ત્રણસો ગામ એવા છે જયાં પાણી લેવા માટે ચારથી પાંચ કિલોમીટર ચાલીને જવું પડે છે. કચ્છને રણનો ભોગ થતું અટકાવવું હોય અને કચ્છની ધરતીને ફળદ્રુપ બનાવવી હોય તો નર્મદા યોજના વહેલી તકે થવી જોઈએ. કચ્છને નર્મદાનું પાણી મળે તો તે આબાદ બની શકે છે. સાથે સાથે નેત્રા તથા ખોંભડી ગામના રસ્તાઓ બનાવવા માટે રજુઆત કરી.

૨૯ જુન ૧૯૭૨માં ગરીબ ખેડૂતોનો પટ ભરવાના પ્રશ્નોની રજૂઆત કરી ખેડૂતોને જો સરકાર મદદ કરે અને બેંક મારફતે પૈસા અપાવે તો તેઓ પટ ભરી શકે. અમુક ગરીબ ખેડૂતો તથા વિધવા બહેનોને ફોર્મ ભરતા પણ નથી આવડતું આથી તેમના પટ ભરવાના રહી જાય છે. માટે તેઓને યોગ્ય મદદ કરી પટ ભરવાની મુદત વધારવામાં આવે. ૧૯ જુલાઈ ૧૯૭૨માં કચ્છમાં ચેકડેમ માટેના પ્રશ્નોની રજુઆત કરી. કચ્છમાં પાણીની સમસ્યાને દૂર કરવા માટે ૨૦૦ થી પણ વધારે ચેકડેમ બને તો કચ્છના પાણી સ્તર ઉંચા આવે અને ખારા પાણીના કુવા મીઠા બને. કચ્છમાં વરસાદનું પાણી દરીયામાં ચાલ્યું જાય છે. તેમને અટકાવી ચેકડેમ થાય તો પાણીની મુશ્કેલી દૂર થાય. કચ્છને સમૃધ્ધ બનાવવા ચેકડેમ તથા મોટા બંધો બાંધવાની જરૂર છે. સાથે સાથે ટયુબવેલ વ્યવસ્થામાં લાખો રૂપિયા ખર્ચાયા છે છતાં વ્યવસ્થા બરાબર નથી તે વ્યવસ્થા સુચારુ બને તેવી માંગણી કરી. ૨૫ જુલાઈ ૧૯૭૨માં કચ્છમાં હાઈબ્રીડ બાજરાના બિયારણ તેમજ કચ્છની લિગ્નાઈટનો મોટો જથ્થો મળ્યો છે. તેમનો સરકાર બીજો કયો ઉપયોગ કરવાનું વિચારે છે તથા કચ્છના લિગ્નાઈટમાંથી વિધુત પેદા કરવા માટે રાજય સરકારની કઈ યોજના છે. તે પ્રશ્નો રજૂ કરેલ.


૧૬ નવેમ્બર ૧૯૭૨ માં રજુઆત કરી કે છેલ્લા ૬ વર્ષથી કચ્છમાં ભયંકર દુષ્કાળ પડયો છે. દુષ્કાળને પોંહચી વળવા માટે તાત્કાલીક પગલા ભરો. વિસ હજારથી વધારે ઢોરો નું સ્થળાંતર કરી માલધારીઓ ચાલ્યા ગયા છે. માલધારીના પ્રશ્નોનું નિરાકરણ જલ્દીથી થવું જોઈએ. તેમજ અનાજની પરિસ્થિતિ મુશ્કેલી ભરી છે. દસ માઈલ સુધી અનાજ લેવા ચાલતા જવું પડે છે. સરકારશ્રીને વિનંતી કે મંજુરોને અનાજ ત્યાં જ મળી રહે તે માટે મોબાઈલ વાન દ્વારા અનાજ પહોંચાડવાની વ્યવસ્થા થવી જોઈએ. કચ્છમાં ટયુબવેલ દ્વારા ઘાસ ઉગાડવાની વ્યવસ્થા કરવામાં આવે. ડોલ્સના જે ૧૨ રૂપિયા છે તે ૨૦ રૂપિયા થવા જોઈએ તો જ કચ્છની પ્રજા તથા ઢોરોનું દુષ્કાળમાં રક્ષણ કરી શકીશું. નર્મદા યોજના લાવવી આવશ્યક છે. નર્મદા લાવનાર નેતા નહીં પણ ભગીરથ ગણાશે. જીવ નહી પણ શિવરુપ ગણાશે.

૧૩ માર્ચ ૧૯૭૩માં રજૂઆત કરી કે કચ્છમાં ટયુબવેલના વર્કશોપ માટે ૫૦૦૦ રૂપિયા મંજુર કરવામાં

આવ્યા છે તે વધુ કરવા જોઈએ. અગાઉની રજુઆતથી ચેકડેમો થયા છે પણ તેમનું ઓગન આપવામાં નથી આવ્યું. ઓગન નહીં હોય તો ચેકડેમ તુટી જશે. કચ્છમાં જીવતી નદી એક-બે છે. એક મથલની નદી છે એ જીવતી નદીમાંથી પાણી થોડું થોડું વહયા કરે છે. એ નદીના પ્લાન એસ્ટીમેટસ ઘણા વખતથી બની ગયા છે તો હજી એ નદી બાંધવામાં આવી નથી તો સત્વરે આ મથલની નદીને બાંધવી જોઈએ. દેશલપર ગુંતલી કરીને ગામ છે ત્યાં નીક મારફતે પાણી વહ્યા કરે છે. મઉ નદીમાં પણ આજ પ્રશ્ન છે જો નીક બાંધવામાં આવે તો નીકનું પાણી પાતાળમાં ઉતરશે તો કૂવા ભરેલા રહેશે. માટે ત્રણ યોજનાનો જલ્દીથી અમલ થાય તેવી મારી માંગણી છે. ૧૬ માર્ચ ૧૯૭૩માં રજુઆત કરતા કહ્યું કે ખેડૂતોને ખેત ઉત્પાદનમાં છાણીયું ખાતર મળે તો જ રાસાયણીક ખાતર એના ઉપર કામ કરી શકશે. ખાનગી વેપારીઓ દ્વારા વધારે ભાવ લેવામાં આવે છે. એના કારણે ખેડૂતોને મુશ્કેલી પડે છે. નાના ખેડૂતોને સબસીડી આપવામાં આવે. હાઈબ્રીડ કપાસ માટેનું યોગ્ય માર્ગદર્શન આપી ખેડૂતોને આપવું જોઈએ. મગફળીના સમરાણા બીયારણ પાછળ પ્રયત્ન કરવો જોઈએ. એ બીયારણના વપરાશથી મોટું ઉત્પાદન થશે. દુષ્કાળમાં બળદોને બચાવવા કેટલ કેમ્પની વ્યવસ્થા થવી જોઈએ. બળદ જ નહીં હોય તો ખેતી કેવી રીતે કરી શકાશે. નાના માલધારીઓ તથા ખેડૂતો પાસે નાના પશુધન છે તેમાં તેઓને રાહત આપવી જોઈએ. ૯ ઓકટોબર ૧૯૭૩માં બહુલક્ષી નદી યોજના વિશે રજૂઆત કરતા કહ્યું કે ચેકડેમોના કામ અધુરા રહી ગયા છે તે વહેલી તકે પૂરા થવા જોઈએ. વહી જતા પાણીને રોકી બંધ બાંધવામાં આવે. ખેડૂતોને કુવા ઉંડા ઉતારવા માટે ૧૦૦૦ રૂપિયા આપવાનું નકકી કર્યું છે તે બહુ અપૂરતા છે જે વધારી ૨૦૦૦ આપવામાં આવે. ૧૨મી ઓકટોબર ૧૯૭૩માં રજુઆત કરી કે કચ્છમાં ભયંકર દુષ્કાળ છે. પશુધનને બચાવવામાં સત્વરે ઘાસચારાની વ્યવસ્થા થવી જોઈએ. કચ્છમાં પાણી નીચા ગયા છે અને મોલ સુકાઈ રહ્યા છે. ડેમ બનાવીને સિંચાઈ યોજના જ આમનો વિકલ્પ છે. કચ્છમાં રાહતકામો માટે ૧૨ સબ ડિવિઝન અને એક ડિવિઝનની ખાસ જરૂર છે. બન્ની વિસ્તારના પશુધનને બચાવવા તાકીદે પગલા ભરવાની જરુર છે. અંતે એટલું જ કહીશ કે કચ્છને બચાવવું હશે તો નર્મદાનું પાણી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. વહેલી તકે મુખ્યમંત્રીશ્રી આ બારામાં વિચાર કરે.

ધારાસભ્યશ્રી ખીમજીભાઈએ પોતાના કાર્યકાળમાં ફકત અબડાસા વિસ્તાર નહી પણ સમસ્ત કચ્છ માટેના પ્રશ્નો ઉઠાવ્યા હતા. પોતાની દરેક રજૂઆતમાં ખેડૂતો વિશે, માલધારી વિશે, ચેકડેમ તથા નર્મદા પાણી કચ્છને મળે તે માટે પ્રશ્નો ઉઠાવતા. સ્વયં ખેડૂત હોવાથી ખેડૂતને કેટલી મુશ્કેલીઓ પડે છે તે તેઓ બખૂબી જાણતા હતા. ખીમજીભાઈની રજુઆતો એટલી સચોટ તથા આંકડાકીય રહેતી તેથી તેમને ઉઠાવેલ પ્રશ્નોના પરીપાકરુપે સરકાર દ્વારા દુષ્કાળમાં ઘાસચારાની વ્યવસ્થા, અબડાસા વિસ્તારમાં ૨૮થી વધુ પરકોલેશન ટેન્ક થયા. ચેકડેમો થયા, ખેડૂતોને પટ ભરવામાં રાહત મળી, ખાતર માટે સબસીડી નાના ખેડૂતોને મળી, સસ્તા અનાજની દુકાન વધારવામાં આવી. નાના ગામડાઓને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા. માનનીય મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના ખીમજીભાઈ સાથે ગાઢ મિત્રતાપૂર્ણ સંબંધો હતા. ઉંમરમાં ખીમજીભાઈ મોટા હોવાથી તેમજ રાજકીય અનુભવોનું જ્ઞાન વધારે હોવાથી ચીમનભાઈ તેમની પાસે અવારનવાર ગંભીર પ્રશ્નો પર માર્ગદર્શન મેળવતા. ઈ.સ.૧૯૭૪માં કચ્છમાં ભયંકર દુષ્કાળ હતો તેવા સમયે સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનમાં રતડ (લાલજુવારી) જે કોઈ ખાઈ પણ ના શકે તેનું વિતરણ કરવામાં આવ્યું. પુરવઠા મંત્રી નરેન્દ્રસિંહ

ઝાલાને ખીમજીભાઈએ ફરીયાદ કરતો પત્ર લખ્યો અને જણાવ્યું કે સસ્તા અનાજની દુકાનમાં જે રતડ (લાલ જુવારી) આપવામાં આવે છે તે અપૌષ્ટિક છે. સત્વરે ઘઉં, બાજરી તથા ચોખા જેવા પૌષ્ટિક અનાજની ફાળવણી કરવામાં આવે. પુરવઠામંત્રી દ્વારા જણાવવામાં આવ્યું કે હાલમાં અન્ય અનાજ બજારમાં ઉપલબ્ધ ના હોવાથી ખરીદી થઈ શકતી નથી તો અત્યારે રતડથી કામ ચલાવવું પડશે. ત્યારે ખીમજીભાઈ ધારાસભ્યે પ્રતિજ્ઞા લીધી કે જયાં સુધી ગરીબોને પૌષ્ટિક અન્ય અનાજ નહી મળે ત્યાં સુધી હું રતડનો રોટલો જ ખાઈશ. આમ ખીમજીભાઈએ ચાર મહિના સુધી રતડનો રોટલો ખાઈ પ્રજાના દુઃખમાં સહભાગી બન્યા. મારી પ્રજા જયારે સામાન્ય રતડના રોટલા ખાઈને જીવતી હોય ત્યારે મારે અન્ય અનાજ મોંમાં કેવી રીતે મુકાય ? ધન્ય છે આવા આદર્શ નેતાને જેને રાજા જેવી સુખ-સગવડો હોવા છતાં સામાન્ય માનવીની જેમ જ રહ્યા. સરકારશ્રી દ્વારા ખીમજીભાઈને ગાડી આપવામાં આવી હતી. તેઓશ્રી ગાંધીનગર તથા ભુજ ખાતે સરકારી કામ હોય


વિધાન સભા
सत्यमेव जयते
गुजरात

ખીમજી નાગજી પટેલ (માસ્તર)
M. L. A.
(અબડાસા મત વિસ્તાર)
મુ. પો. મથલ,
તા. નખત્રાણા – કચ્છ.
તા.

મુ. શ્રી નરેન્દ્રસિંહજી ભાઇ ઝાલા,
પુરવઠા મંત્રી શ્રી,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.

આનંદમાં હશો. મારા મત-વિસ્તાર અબડાસાનાં લખપત અને અબડાસા તાલુકાની અછત પરિસ્થિતી તો આપ વાકેફ છો. પરંતુ અત્યારની પરિસ્થતી કંઇ જુદી જ છે. અબડાસા –લખપત તાલુકામાં આ ચોથો દુષ્કાળ છે, લોકોને પીવાનું પાણી પણ અશક્ય છે, અનાજ જે સરકારી સસ્તા અનાજની દુકાનોએથી આપવામાં આવે છે તે અપુરતું અપોષ્ટીક છે. હાલે ફકત રતડ જ આપવામાં આવે છે, સામાન્ય ઘરનાં લોકો માટે રતડ શીવાય બીજું અનાજ સરકારી સસ્તા અનાજ તેમજ ખુલા બજારમાં મલતું જ નથી, આજે શું ખાવું અને જીવન નિર્વાહ કેમ ચલાવવો તે પ્રશ્ન લોકો માટે મહાન છે, તો મારી આપને ખાસ વિનંતી કે ગુજરાતનાં બીજા જીલ્લાઓની સરખામણીમાં કચ્છ જીલ્લાને વધારે અનાજ ફાળવવા જરૂરી વ્યવસ્થા કરશો, અને બીજું અનાજ જેવું કે ~~ઘઉં–બાજરી–ચોખા~~ વગેરે સરકારી સસ્તા અનાજની દુકાનોએથી મલે એવી જરૂરી વ્યવસ્થા કચ્છ જીલ્લા માટે કરવી ખુબ જ આવશ્યકતા છે, આજે લો[કો] ખરેખર જુવારનો રોટલો પાણી સાથે ખાઇ જીવન ગુજારે છે, જે ખરેખર દયાજનક જ કહેવાય.

કચ્છ જીલ્લો એક જીલ્લો જ હોવા ઉપરાંત એક રાજ્ય જેવો છે, કચ્છનો વિસ્તાર ખુબ જ મોટો છે, લોકો ગરીબ છે, અને આ વ[ર્ષે] સતત ચોથા દુષ્કાળની લોકો પાયમાલ બેહાલ અસહાય નીરાધા[ર] થઇ ગયેલ છે આ લોકોની મદદ કરવાનો આ સમય ખરેખર યોગ્ય છે તો ઉપર મેં આપશ્રીને જણાવ્યા પ્રમાણે કચ્છ જીલ્લાને વધારાનું અનાજ આપી જરૂરી હુકમો વહેલાસર કરશો તો કચ્છ જીલ્લાની પ્રજા વતી હું આપનો ખુબ જ આભારી થઇશ.

બીજું અછત રાહત કામ પર કામ કરતાં મજુરોને પણ રોજી રોટી નો પ્રશ્ન મહાન છે. જેમકે જીંદગીમાં નોકરીમાં માટ[ી] ખોદી નથી એવા ડોસો તે આજે સખ્ત માટી ખોદી રોજી મેળવી ખુબ જ મુશ્કેલ છે. લોકો સતત દુષ્કાળથી અશકત થઇ ગયા છે. માટ[ી] ખોદવાની પણ તેમનામાં શકિત નથી જેથી જરૂરી માટી ન ખો[દી]

ત્યારે જ તે ગાડીનો ઉપયોગ કરતા. કામ પૂર્ણ થાય કે તે પછી ગાડી ભુજ મૂકી તેઓ સરકારી બસ અથવા જે પણ ટ્રક મળે તેમાં બેસીને મથલ આવતા. સરકારની ગાડીનો ઉપયોગ તેમણે તેમના પારિવારીક સભ્યો તથા પોતાના નીજી કામ માટે કયારેય કર્યો નહોતો. સવારે બસમાં અથવા લિગ્નાઈટ ભરેલી ટ્રકો જાય તેમાં બેસીને ભુજ પહોંચતા ત્યાંથી સકારી કામ અર્થે બહાર જવાનું થાય ત્યારે સરકારે આપેલી ગાડીનો ઉપયોગ કરતા. સાંજે તે ગાડી ભુજ મુકીને બસ તથા જે પણ વાહન મળે તેમાં બેસીને મથલ આવતા. સરકારી બસમાં ધારાસભ્ય માટે સીટ અનામત રાખવામાં આવતી પણ કોઈ દિવસ પોતાના હોદ્દાની પરવાહ કર્યા વગર બસમાં ભીડ હોય તો ઉભા રહીને ભુજ આવતા. ભુજ ખાતે સરકારી બંગલો આપવામાં આવેલ પણ ત્યાં કોઈ દિવસ તેઓશ્રીએ તેનો ઉપયોગ કર્યો જ નહીં. એક વખત બસમાં બેસીને ભુજ જતા હતા ત્યારે એક મુસાફર એસિડના બાટલાનો થેલો લઈને નખત્રાણાથી ચડયો અને તે બાટલા ભરેલો થેલો સામાન મૂકવાના સ્ટેન્ડમાં મુકવા જતા તેમાંથી એક બોટલ નીચે પડી અને તેમાંથી એસીડ ખીમજીભાઈના કપડાં તથા પગ પર પડતાં તેઓ દાઝી ગયા. કંડકટરે

બસ ઉભી રખાવી અન્ય મુસાફરો તો પેલા વ્યકિતને તો માર મારવા માંડયા અને કહેવા લાગ્યા કે આ દાઝી જનાર વ્યક્તિ કોણ છે તને ખબર છે ? આપણા વિસ્તારના ધારાસભ્ય છે. પણ ખીમજીભાઈએ અન્ય મુસાફરોને અટકાવ્યા અને પેલા મુસાફરને કંઈ પણ કહ્યા વગર તેમણે એસીડ ભરેલો થેલો લઈ અન્ય ગાડીમાં મુસાફરી કરવા માટે કહ્યું. આટલી બધી તકલીફ છતાં ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્''ના મંત્રને સાકારિત કરી તેમને ક્ષમા કરી જવા દીધો. કોઈ દિવસ પોતાનો હોદ્દાનો દુરુપયોગ કર્યો નહીં.

એક વખત રાજય સરકારના એક ઉચ્ચ અધિકારી તેમની પૂછા કરતા ગાંધીનગરથી મથલ આવ્યા. ઘરે તપાસ કરતા જાણવા મળ્યું કે ખીમજી માસ્તર ખેતરે ગયા છે. માસ્તરના પુત્ર લખમશીભાઈ અધિકારીને લઈ ખેતરે ગયા. ખેતર પર ઘણા બધા લોકો કામ કરતા હતા. અધિકારીએ ત્યાં કામ કરતાં ગામડીયા જેવા ભાઈને પાસે જઈને કહ્યું કે 'ભાઈ મારે ધારાસભ્ય શ્રી ખીમજીભાઈનું કામ છે, ગાંધીનગરથી આવું છું.' માટે એમને મળવું છે. આ સાંભળી સામેના ગામડીયા જેવા લાગતા ભાઈએ કહ્યું કે બોલો શું કામ છે ? હું પોતે જ ધારાસભ્ય ખીમજી માસ્તર છું. તો આવેલ અધિકારી આ દશ્ય જોઈને તો સ્તબ્ધ જ થઈ ગયો કે ધારાસભ્ય જેવી વ્યકિત એક સામાન્ય માણસની જેમ ખેતર પર પરસેવો પાડી રહી છે ? તેમને એમ હતું કે ખેતર પર સારું એવું મકાન હશે અને ત્યાં તેઓ આરામ ફરમાવતા હશે. પણ આ તો સામાન્ય માણસની જેમ ખેતીકામ કરે છે. જીવનના દરેક ક્ષેત્રે તેમણે સાદાઈ અપનાવી હતી કોઈ આંડબર નહી સામાન્ય માનવીની જેમ સરળ જીવન જીવતા હતા.


પિતાશ્રી નાગજીભાઈ લીંબાણી

પરમપૂજય પાંડુરંગ શાસ્ત્રીના ગીતાના વિચારો જીવનમાં તેમણે આત્મસાત કરી લીધા હતા. મફત લઈશ નહી, કામ કરતો જા હાંક મારતો જા, મદદ તૈયાર છે. સાથે સાથે બાળપણમાં નાગજી બાપાએ દીધેલા સંસ્કારોને જીવનમાં વણી લીધા હતા. પિતા નાગજીભાઈ તેમને કહેતા કે અણહક્કનું લેવું નહીં તેમજ સેવાકીય કાર્યો બદલ ફળની કે સન્માનની આશા રાખવી નહીં. સમાજ તથા અન્ય ક્ષેત્રે એવા લોકો પણ તને મળશે કે તારા કરેલા કાર્યો પોતાના શીરે ચડાવી તે કામનું શ્રેય પોતે લેશે તેવા સમયે નિરાશ થઈશ નહીં. ખીમજીભાઈ જયારે તાલુકા પંચાયતમાં બીનહરીફ ચૂંટાઈને આવ્યા ત્યારે પિતા નાગજીભાઈએ તેમને બોલાવીને કહ્યું કે દિકરા એક પિતા તરીકે સલાહ આપું છું કે અત્યારે તેં જે હોદો મેળવ્યો હોય અને આગળ જતા પણ કોઈ મોટો હોદો મળે ત્યારે સેવાને બદલે મળતો પૈસો ઘરમાં મને ના જોઈએ. ઘરમાં અછત હશે તો ચાલશે પણ પરધન ઘરમાં ના આવવું જોઈએ. શાસ્ત્રીના વિચારો તેં જીવનમાં ઉતાર્યા છે. મને વિશ્વાસ છે તારા પર તેમ છતાં પિતા તરીકે મારી ફરજ છે કે દિકરાને ભલામણ કરું. ધન્ય છે એ પિતાને કે જેમણે સંસ્કારરૂપી વાવેલ બીજ આજે વટવૃક્ષ બનીને ઉભું છું. ખીમજીભાઈને ધારાસભ્યના કાર્યકાળમાં અનેક પ્રલોભનો, ઓફરો આવી પણ તે કોઈ દિવસ ચલીત થયા નહીં. એક વખત એક ઔધોગિક લાઈસન્સ માટે ત્રણ કંપનીઓ તેમની દાવેદારી નોંધાવી. દરેકને એમકે આ લાઈસન્સ ચેનકેન પ્રકારે પોતાને જ મળવું જોઈએ. ખીમજીભાઈની ઓફિસમાં ત્રણ ફાઈલો હતી. નિયત કરેલા દિવસે કંપનીના માણસો ખીમજીભાઈને મળવા ઓફિસે આવ્યા. પ્રથમ કંપનીના માણસે ખીમજીભાઈને કહ્યું કે આ લાઈસન્સ મને મળવું


જોઈએ આ રહી અમારી ચેકબુક આપ ઈચ્છિત રકમ ભરી શકો છો. ખીમજીભાઈએ સ્મિત વદને કહ્યું કે આપ બહાર બેસો. દરેકને મળી લઉં પછી તમને નિર્ણય આપું. બીજી કંપનીના મેનેજરે આવીને કહ્યું કે અમારી કંપનીના માલિકશ્રીએ કહ્યું છે કે ધારાસભ્યશ્રી પોતાના કોઈ એક પુત્રનું નામ આપે અમો તેમને પાર્ટનર બનાવવા તૈયાર છીએ. ખીમજીભાઈ તેમને પણ બહાર બેસવા કહ્યું. ત્રીજી કંપનીથી ખુદ માલિક આવ્યા હતા તેમણે ખીમજીભાઈને કંપનીમાં વગર રોકાણે અડધા ભાગીદાર બનાવવાની ઓફર મૂકી. દરેકની વાત સાંભળી પછી ત્રણેયને બોલાવીને કહ્યું કે ત્રીજા દિવસે ગાંધીનગર આવજો ત્યાં નિર્ણય લેવાશે. ત્રીજા દિવસે ખીમજીભાઈ ધારાસભ્યએ ગાંધીનગર ખાતે તેમના નિવાસસ્થાને બોલાવ્યા. ભગવાનના મંદિર પાસે લઈ ગયા તેમણે કહ્યું કે લાઈસન્સ એક છે, લેનાર ત્રણ છો, માટે આ નિર્ણય હું નહીં લઉં ભગવાન લેશે. એમ કહી તેમણે ત્રણેના નામની ચિઠ્ઠી ભગવાન સમક્ષ મૂકી. ચિઠ્ઠી ઉપાડવા માટે સ્વયં કે કંપનીના માણસને નહી પણ પોતાની રસોઈ બનાવવા માટે ગાંધીનગર સાથે લઈ જતા વીનુ મહારાજને બોલાવ્યા અને કહ્યું કે બ્રાહ્મણ આ ત્રણ ચિઠ્ઠી છે તે ઉપાડો જેમનું નામ નીકળે તેમને આપો. વીનુ મહારાજ તથા કંપનીના માણસો આશ્ચર્યચકિત થઈ ગયા કે ધારાસભ્યશ્રી શું કહી રહ્યા છે? વીનુ મહારાજે ભગવાન પાસેથી એક ચિઠ્ઠી ઉપાડી અને વાંચી જે કંપનીનું નામ હતું તેમને સોંપી. ત્યારે ખીમજીભાઈએ કીધું કે આજથી આ લાઈસન્સ તમને મળે છે. ભગવાને નકકી કર્યું છે કે કોને આપવું. અને તમો ત્રણેયને એક ભલામણ કરવા ચાહું છું કે આપના નીજી ફાયદા માટે કોઈપણ અધિકારી કે નેતાઓને ભ્રષ્ટ બનાવશો નહીં. તમારા તરફથી મળેલ તમામ ઓફરોને હું ઠુકરાવું છું. ભવિષ્યમાં પોતાના કામ કઢાવવા માટે આવી ભૂલ ના કરતા. ખીમજી માસ્તરે ધાર્યું હોત તો બીજા રાજકારણીઓની જેમ લાખો રૂપિયા બનાવી લીધા હોત પણ તેઓ નાણા બનાવવાના આશય સાથે કયારેય કોઈ જાહેર પ્રવૃત્તિમા જોડાયા જ નહોતા. તેથી જ તેઓ ઘણા લોકોને કઠતા હતા તે સ્વાભાવિક છે.

ખીમજીભાઈ મુખ્યમંત્રી ચીમનભાઈના અતિ નિકટના વિશ્વાસુ મંત્રીઓમાંના એક હતા. દુષ્કાળ તથા ખેડૂતોને પડતી તકલીફો વિશે અનેકો વખત ખીમજીભાઈ વિધાનસભામાં પ્રશ્નોની રજુઆતો કરેલી તેમજ ચીમનભાઈને પણ પત્રો દ્વારા કચ્છની પરિસ્થિતિથી વાકેફ કરતા તેમજ તકેદારીરૂપે તાત્કાલિક પગલા લેવાનું કહેતા. તેમના આમંત્રણને માન આપી મુખ્યમંત્રી ચીમનભાઈ બે દિવસના કચ્છ પ્રવાસે તા.૨૫ અને ૨૬ ઓગસ્ટ ૧૯૭૩ના મુલાકાતે આવ્યા. સૌ પ્રથમ તેઓ કચ્છ જિલ્લાના ભચાઉ ગામે પધાર્યા ત્યાં તેમનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. ભચાઉ તથા રાપર તાલુકામાંથી પધારેલા ખેડૂતોને સંબોધન કરતા જણાવ્યું કે નર્મદાના પાણી કચ્છમાં પહોંચાડવા ગુજરાત સરકાર પૂરતી ચિંતા સેવે છે. તેમજ તેમણે કચ્છના ખમીર અને ખુમારીને બીરદાવી હતી. ત્યારબાદ તેઓ નખત્રાણા ગામમાં આવ્યા. ગામમાં પ્રવેશ કરતાં છેક સંમેલન મંડળ સુધી તેમને ૪૪ બળદોના ગાડામાં લઈ જવામાં આવ્યા. ચીમનભાઈની સાથે ધારાસભ્યશ્રી ખીમજીભાઈ પણ બળદગાડા પર અસવાર થઈ સભામંડપ પર પહોંચ્યા. માર્ગોની બન્ને બાજુ ઉભેલા લોકોના ટોળાઓએ હર્ષનાદો કરી અને પુષ્પોથી ચીમનભાઈને વધાવ્યા હતા. ચીમનભાઈએ સભાને સંબધોન કરતા જણાવ્યું કે મારા ખાસ સાથીમિત્ર ખીમજીભાઈ તેમજ અન્ય ત્રણ કચ્છના સભ્યો રાજયના સાંનિધ્યમાં છે. તમારા કોઈ પણ પ્રશ્નોની તમો તેમને જાણ કરજો કચ્છના પ્રશ્નો ઉકેલવાની હું મારી અંગત જવાબદારી સમજુ છું. સિંચાઈ અને વીજળીની સુવિધાઓ વધારવા સરકાર પ્રયાસો કરી રહી છે. નર્મદાના પાણી કચ્છને મળતા થાય એ જેટલી




નખત્રાણા ખાતે બળદ ગાડા ઉપર
મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈનું ભવ્ય સ્વાગત







મથલ ખાતે મુખ્યમંત્રીશ્રી ચિમનભાઈનું આગમન



શ્રી ખીમજીભાઈના ઘેર ભોજન લેતા મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ

ચિંતા ધારાસભ્યશ્રી ખીમજીભાઈને છે એટલી જ ગુજરાત સરકારને પણ રહી જ છે. ત્યારબાદ ધારાસભ્યશ્રી ખીમજીભાઈ પટેલે કચ્છના ખનીજ ઉધોગોનો વિકાસ કરવાનું સુચન મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યું હતું. સભા પૂર્ણ થયા બાદ ચીમનભાઈ મથલ ગામે પધાર્યા ત્યાં તેમનું ખૂબ ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું. મુખ્યપ્રધાનશ્રીએ બપોરનું ભોજન ધારાસભ્યશ્રી ખીમજીભાઈના ઘરે લીધું. ભોજનમાં તેમણે બાજરાનો રોટલો અને માખણ તથા ગોળ, ઘી દેશી ભાણું જમ્યા, મથલમાં મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોને તેમના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો. કચ્છના દુષ્કાળનો ઉલેખ કરતા તેમણે કહ્યું હતું કે દુષ્કાળ પરિસ્થિતિની વારંવાર રજુઆતો થવાથી હું જાતે મુલાકાત લેવા આવ્યો છું. કચ્છમાં હાલમાં ૪૦થી ૫૦ કામો ચાલુ છે જેમાં પાંચ હજારથી વધારે લોકોને રોજી મળે છે. કચ્છ માટે સરકાર જે કંઈ કરવાનું છે તેમાં કચાશ નહીં રાખે. ૭૦ કરોડથી વધુ રકમ અત્યાર સુધી ખર્ચાઈ છે હજુ પણ જયાં જરૂર પડશે ત્યાં કામો શરૂ કરવા માટે રાજય સરકાર કશી જ કચાશ નહીં રાખે. તે સભામાં ખીમજીભાઈએ જણાવ્યું કે કચ્છમાં ઉધોગો સ્થપાય અને આ પછાત પ્રદેશના લોકોને રોજીરોટી મળે ને સુખી થાય એવી આપ પાસે માંગણી છે. તેમજ લિગ્નાઈટ આધારિત પણ કચ્છમાં શું થઈ શકે તેમનો પણ સરકાર વિચાર કરે. આમ બે દિવસના કચ્છ પ્રવાસમાં મુખ્યપ્રધાને કચ્છ વિકાસ માટે સ્વયં પ્રવાસ કરી રાહતકામોને વેગ આપવા અનેક ઘોષણાઓ કરી હતી.

ખીમજીભાઈએ જળસિંચાઈ માટે અનેકો વખત વિધાનસભામાં પ્રશ્નો રજૂ કર્યા હતા. તેમાં મુખ્યત્વે મથલ નદી પર બંધ બાંધવો તેમજ દેશલપર ગુંતલી પર નીકને બાંધવી તથા મઉં પાસે આવેલ નીકને બાંધી સિંચાઈ યોજનાને અમલમાં લાવવી. ગુજરાત સરકાર દ્વારા દેશલપર પાસે ડેમ બાંધવા માટે જળ વિભાગ તથા ભૂસ્તર ખાતાની ટીમો નિરક્ષણ માટે આવી. ટીમ દ્વારા જમીન તથા પાણીના સેમ્પલો લેવામાં આવ્યા. ચકાસણીના અંતે ટીમ દ્વારા રીપોર્ટ જાહેર કરવામાં આવ્યો કે દેશલપર વિભાગમાં આવેલ જમીનની અંદર માટીનું પ્રમાણ ખૂબ વધુ છે. તેથી ત્યાંનું પાણી ખારું થઈ જશે માટે ત્યાં ડેમ બાંધી શકાય નહીં. રીપોર્ટ અનુસાર દિલ્હી સરકારે દેશલપર જળ સિંચાઈ યોજના પર પૂર્ણવિરામ મૂકી દીધું. પણ હાર માને તો ખીમજીભાઈ શાના ?

ત્યારબાદ સંજોગોવસાત નવનિર્માણના પરિણામે ગુજરાત વિધાનસભા તેની અવધિ પૂર્ણ થતા પહેલા જનતાના વિજયરૂપે વિસર્જીત થઈ ગઈ. ત્યારના અને ત્યાર પછીના બનાવોઓમાં વધતી જતી મોંઘવારી, કચ્છમાં વ્યાપેલા રાક્ષસી દુષ્કાળ પ્રત્યે સરકારે દાખવેલી અક્ષમ્ય અને ગંભીર બેદરકારીઓએ તેમજ ખેડૂતોને ત્રાહીમામ પોકારનારી લેવી પ્રથાને પકડી રાખવાની કોંગ્રેસની જડતાનો જબરદસ્ત વિરોધ ખીમજી માસ્તરે કર્યો. અંતે સિધ્ધાંતવાદી ખીમજી માસ્તરે કોંગ્રેસપક્ષમાંથી રાજીનામું આપી દીધું. ત્યાર પછી બીજી ચૂંટણી આવી તેમાં તેઓશ્રી ઉમેદવારી કરવા ઈચ્છતા નોહતા, પરંતુ તેમના શુભેચ્છકો તથા અસંખ્ય ખેડૂત મતદારોના આગ્રહ અને દબાણના લીધે સૌના આદેશને શીરોમાન્ય ગણીને ઈ.સ.૧૯૭૫માં અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી. જેમનું નિશાન ટ્રેક્ટર હતું. તા. ૮-૬-૧૯૭૫ના દિવસે મતદાન થયું તેમાં તેઓ જનતાનો પૂર્ણ વિશ્વાસ મેળવી ના શકયા. પણ તેઓશ્રીએ પ્રાદેશિક જનતા મોરચાને ટેકો જાહેર કરી કેશુભાઈ પટેલ તથા સુરેશભાઈ મહેતાના ખાસ વિશ્વાસુ મિત્ર બન્યા. તાલુકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ખેડૂતોને આહવન કર્યું કે ખેડૂતોને હવે અજ્ઞાની કહેવું તે અજ્ઞાનતામાં ડુબ્યા રહેવા બરાબર છે. ખેડૂતો પોતાના દુશ્મન

અને મિત્રને સારી રીતે પીછાણે છે. તાલુકામાંથી ખેડૂત દ્રોહી કોંગ્રેસીઓને કાયમ માટે હાંકી કાઢવા સમસ્ત તાલુકાની જનતાને હાકલ કરી હતી. ઈ.સ. ૧૯૭૫માં ગુજરાતમાં જનતામોરચાને ૮૬ બેઠકો મળી હતી અન્ય પક્ષના ટેકાથી જનતા મોરચાએ સરકાર રચી અને બાબુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે કેશુભાઈ પટેલ ખેતીવાડી ખાતાના પ્રધાન હતા. ત્યારબાદ દેશમાં કટોકટી લદાયા પછી ઈન્દિરા ગાંધીએ 'કિમલોપ'ના ચીમનભાઈ પટેલનો સહકાર મેળવી બાબુભાઈની સરકાર તોડી. તેમ છતાં ૧૯૭૭માં બાબુભાઈ પુનઃ મુખ્યમંત્રી બન્યા ત્યારે કેશુભાઈ પટેલ ગુજરાત રાજયના સિંચાઈ મંત્રી બન્યા.

ખીમજીભાઈએ દેશલપર જળ સિંચાઈ યોજનાની રજુઆત કેશુભાઈ સમક્ષ મૂકી. કેશુભાઈએ ખીમજી માસ્તરને કહ્યું કે આપણે આ માટે દિલ્હી જવું પડશે. કારણ કે દિલ્હી સરકાર દ્વારા આ યોજના નામંજુર થઈ છે. ત્યારે ખીમજીભાઈએ પળનો પણ વિલંબ કર્યા વગર દિલ્હી આવવાની હા પાડી. કેશુભાઈ તથા ખીમજીભાઈ દિલ્હી ગયા ત્યાં તેમને જાણવા મળ્યું કે એક વખત જે નામ પરથી ફાઈલ નામંજુર થઈ હોય તે ફરીથી ખોલવામાં આવતી નથી. ખીમજીભાઈએ કેશુભાઈને કહ્યું કે આપણે તે માટે થોડીક જગ્યા મથલ બાજુ વધારીને મથલ મધ્યમ સિંચાઈ યોજના ગામ-મથલ તરીકે આપીએ તો કેમ રહેશે ? કેશુભાઈએ આ સુજાવ પર મહોર મારી અને તરત જ કેન્દ્રીય સિંચાઈ વિભાગમાંથી મથલ મધ્યમ સિંચાઈ યોજનાને મંજુર કરાવી અને તા. ૨૩-૪-૧૯૭૯ ને સોમવારના શુભ દિવસે ગુજરાત રાજયના સિંચાઈ મંત્રી શ્રી કેશુભાઈ શવદાસભાઈ પટેલના વરદ હસ્તે ખાતમુર્હૂત કરવામાં આવ્યું.






ખીમજીભાઈ ધારાસભ્ય થયા ત્યારે ૧૩ માર્ચ ૧૯૭૨માં વિધાનસભામાં મથલ ખાતે વહેતી જીવતી નદી પર બંધ બાંધી તેને સિંચાઈ તરીકે ઉપયોગમાં લેવામાં આવે તે માટે રજુઆતો કરી હતી. પણ સંજોગોવસાત દેશલપર સિંચાઈ યોજનાને નામંજુર કરવામાં આવી પણ ખીમજીબાપાના અથાગ પ્રયાસ પછી નામ બદલીને મથલ મધ્યમ સિંચાઈ યોજનાની મંજુરી મેળવવામાં આવી. જે ઈ.સ. ૧૯૭૯માં સાકારીત કરવા માટે સફળતા મળી. મથલ સિંચાઈ યોજના માટે ટેન્ડરો મંગાવવામાં આવ્યા. પણ તે પહેલા એક કોન્ટ્રાકટર ખીમજીબાપાના નિવાસ સ્થાને તેમને મળવા આવે છે. ખીમજીબાપાએ તેમને બેસાડી ચા-પાણી કરાવ્યા. તે પછી આગમનનું કારણ પૂછ્યું. ત્યારે કોન્ટ્રાકટર વાતની શરુઆત કરતા બાપાને એક બંડલ આપે છે અને કહે છે કે આપના અથાગ પ્રયાસ થકી આ સિંચાઈ યોજનાને મંજુરી મળી છે. આપશ્રીની પહોંચ બહુ ઉપર સુધી છે તે જાણવા અમને મળ્યું છે. માટે આપને હું વિનંતી કરવા આવ્યો છું કે આ સિંચાઈ યોજનાનું કામ અમારી કંપનીને મળે. તે માટે અમારી કંપની દ્વારા આ પાંચ લાખની નાનકડી ભેટ આપ સ્વીકારશો. આ કામ અમને જો મળ્યું તો સિંચાઈ યોજના પૂર્ણ થયા પછી આનાથી પણ વધુ ભેટ આપને આપવામાં આવશે. ખીમજીબાપાએ બંડલ તે વ્યકિતને પાછું આપતા કહ્યું કે આપ મારા ઘરે આવેલા છો તેથી મારા અતિથિ છો. અન્યથા આપ જો મને અન્ય જગ્યાએ મળ્યા હોત તો ધકકા મારીને બહાર કાઢી મુકયા હોત. તમે અહીં આવ્યા પહેલા મારા વિશે અધુરી માહિતી જાણીને આવ્યા છો. જેટલી ઉંચા લોકો સાથે મારી પહોંચ છે તેવી મારી રહેણીકરેણી નથી. ઉચી પહોંચનો લાભ ઉઠાવ્યો હોત તો આમ સામાન્ય રીતે આપ મને મળી શકયા ના હોત. કદાચ તે માટે મને મળવા આપને ભુજ અથવા ગાંધીનગર જેવા શહેરમાં આવવું પડત. મને ભ્રષ્ટાચાર તથા તેમને પ્રોત્સાહન આપનારથી ખૂબ નફરત છે. આપ જો મારા ઘેર ના હોત તો લાંચ આપવાના આરોપસર તમને સળીયા પાછળ ધકેલી દીધા હોત. આપ ટેન્ડર ભરો, જો સરકારને યોગ્ય લાગશે તો મંજુર કરશે. અન્યથા આ બારામાં મારી સાથે ચર્ચા કરીને મારો તથા આપનો સમય બગાડશો નહીં. આમ ખીમજીબાપા પ્રલોભનોથી કોઈ દિવસ ચલીત થયા નથી. ઘણા લોકો ખીમજી માસ્તરને એક વેદીયા માણસ તરીકે ઓળખાવતા. તેઓશ્રી તાલુકા પંચાયતના પ્રમુખ અને ધારાસભ્ય તરીકે રહેલા તે દરમ્યાન તેમણે પૈસા ન બનાવી મુર્ખાઈ કરી છે, તેવી ટીકા કરવાવાળાની સંખ્યા ઘણી મોટી છે. પરંતુ તેમના એ આદર્શો તથા સિધ્ધાંતોના કારણે આજની તારીખે સમાજના લોકોમાં આદર અને ઈજ્જત તેમના પ્રત્યે એટલી અકબંધ રહેલી છે તે સનાતન સત્ય છે.

ઈ.સ. ૧૯૭૬માં જનતા મોરચા દ્વારા કેશુભાઈ પટેલ સાથે ખીમજીભાઈ ખૂબ જ ગાઢ પરિચયમાં આવ્યા. કેશુભાઈ પટેલ આર.એસ.એસ.ના ખૂબ જ સક્રિય કાર્યકર્તા હતા. તેથી તેમની સાથે રહી તેઓશ્રી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. ખીમજીભાઈ માનનીય અટલબિહારી વાજપાઈ તથા લાલકૃષ્ણ અડવાણી સાથે સંપર્કમાં આવ્યા અને ભાજપ સંગઠનમાં ખૂબ સક્રિય રીતે જોડાઈ ગયા. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી હતા ત્યારે અનેકો વખત પ્રદેશ કારોબારી મીટીંગોમાં હાજર રહી ખીમજીભાઈએ કચ્છ ભાજપ સંગઠનમાં સક્રિય ભુમિકા ભજવી હતી.

ખીમજીભાઈએ શાળાકીય જીવનથી લઈને આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કર્યા હતા. ખાદી પ્રત્યે તેમને અનન્ય લગાવ હતો. અન્યને પણ ખાદી વસ્ત્રો પહેરવા માટે પ્રેરતા. તેમની પાસે ઘણા બધા રેંટિયા હતા. તેમાંથી તેમાં જાતે સુતર કાંતતા. આર્થિક રીતે પછાત તથા વિધવા બહેનોને તેઓ રેટીયો ભેટમાં આપતા જેથી

સુતર કાંતી પોતાનો જીવનનિર્વાહ કરી શકે. તેઓશ્રી કચ્છ ખાદી ગ્રામ ઉદ્યોગમાં ઈ.સ. ૧૯૭૩થી ૧૯૭૮ સુધી સભ્ય તરીકે રહ્યા. કચ્છ ખાદી ગ્રામ ઉદ્યોગના સ્થાપક ચોથાણી સાહેબ સાથે તેમના ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધ હતા. તેઓશ્રી ખાદી ઉપરાંત ગ્રામ ઉદ્યોગોની અન્ય વસ્તુઓના વેચાણ માટે સક્રિય રહી પ્રચાર પ્રસાર કરતા.



लाल कृष्ण आडवाणी
अध्यक्ष,
भारतीय जनता पार्टी,
सांसद, गांधीनगर.


प्रिय मित्र,

दीपावली के पावन पर्व पर मेरी हार्दिक शुभकामनायें स्वीकार करें। प्रभु से प्रार्थना है कि आपके व आपके परिवार के जीवन को सर्व प्रकार से मंगलमय बनायें।

साभिवादन, सस्नेह

आपका -
लाल आडवाणी

C-1/5, Pandara Park, New Delhi-110 003 • Phone : 3782397 (Residence)
44, Parliament House, New Delhi-110 001 • Phone : 3017470 (Office)



કેશુભાઈ પટેલ
મુખ્યમંત્રી

સત્યમેવ જયતે

સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦


સ્નેહીશ્રી, ખીમજી નાગજી પટેલ. મથલ. કચ્છ

તાજેતરમાં નાણાં મંત્રીશ્રી સુરેશભાઈ મહેતાએ વિધાનસભામાં આપણી સરકારનું પ્રથમ વાર્ષિક અંદાજપત્ર રજૂ કર્યું તેની નકલ આપની માહિતી અને અભ્યાસ માટે મોકલી રહ્યો છું.

આપ જોઈ શકશો કે આપણા પક્ષે જાહેર કરેલા સંકલ્પપત્ર અને શાસનશૈલીમાં આમૂલ પરિવર્તન લાવવા માટેના આપણા અભિગમમાં લોકોએ અપાર વિશ્વાસ મૂકયો છે તેને મૂર્તિમંત કરવા આ સૌ પ્રથમ અંદાજપત્રમાં જ લોકોની અપેક્ષા અને આકાંક્ષાને અનુકૂળ નીતિ અને કાર્યક્રમો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

મને શ્રધ્ધા છે કે અંદાજપત્રનું આ સાહિત્ય આપના કાર્યક્ષેત્રની પ્રવૃત્તિને ઉપયોગી થઈ રહેશે.

આપનો સ્નેહાધીન,
કે. શ. પટેલ.
(કેશુભાઈ પટેલ)



ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ

જનરલ ક્રમાંક: ૨૦/'૯૪.

તા. ૧૯/૦૧/'૯૪.

પ્રદેશ કારોબારી

સ્નેહીશ્રી,

સપ્રેમ નમસ્કાર.

ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ કારોબારી પ્રદેશ પ્રમુખશ્રી કાશીરામભાઈ રાણાની અધ્યક્ષતામાં તા. ૨૯, ૩૦ જાન્યુ. ના રોજ કર્ણાવતી ખાતે મળશે.

રાષ્ટ્રીય મહામંત્રીશ્રી પ્રમોદજી મહાજન આ પ્રદેશ કારોબારીમાં ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

વિચારાર્થ મુદ્દાઓ :

- વર્તમાન રાજકીય પરિસ્થિતિ.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ.
- ડંકેલ દરખાસ્ત અને કિસાન આંદોલન.
- આગામી કાર્યક્રમો.
- પ્રમુખશ્રીની સંમતિથી રજુ થાય તે.

સમય :- તા. ૨૯મી જાન્યુ. શનિવારના રોજ
સવારે ૧૦-૦૦ વાગે બેઠક શરુ થશે અને
તા. ૩૦મી જાન્યુ. રવિવારે
બપોરના ભોજન બાદ બેઠક સમાપ્ત થશે.

સ્થાન :- રામકૃષ્ણ સેવા સમીતી
જગાભાઈ પાર્ક, એલ.જી. હોસ્પિટલ પાસે, મણીનગર,
કર્ણાવતી.

આપશ્રી આ બેઠકમાં અચૂક ઉપસ્થિત રહેશો તેવી વિનંતી.


સૌનો,
(નરેન્દ્ર મોદી)
પ્રદેશ મહામંત્રી

નકલ રવાના: ૧. પ્રદેશ કારોબારીના સભ્યશ્રીઓ
૨. આમંત્રિત સભ્યશ્રીઓ
૩. મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી
૪. સંસદ સભ્યશ્રીઓ
૫. જિલ્લા પ્રમુખશ્રી - મહામંત્રીશ્રી - સંગઠનમંત્રીશ્રી.


હિતેન્દ્ર દેસાઈ મથલ ગામની મુલાકાતે







શિક્ષણ ક્ષેત્રે ખીમજી માસ્તર



નં. જિ/શિક્ષ-અ/... ૨૮૧-૮૨.

કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ,
ભુજ. તારીખ:- ૨V -૬-૧૯૮૧.
૩૧૭

પરિપત્ર :-
oooooooooo

કચ્છ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે અમોએ આજરોજ તા:૨૬-૬-૮૧ના રોજ હવાલો સંભાળેલ છે.

શિક્ષણ સમિતિને લગતા ખાનગી, અર્ધસરકારી કે સરકારી પત્રો નીચેના સરનામે મોકલવા વિનંતી.

શ્રી ખીમજી નાગજી પટેલ,
અધ્યક્ષ,
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લા પંચાયત-કચ્છ.

ફોન નંબર :- ઓફિસ ૧૬૯ રહેઠાણ :-૧૦૪૨

: ખીમજી નાગજી પટેલ :
અધ્યક્ષ,
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લા પંચાયત, કચ્છ.

નકલ જાણ થવા જયભારત સાથે :-

oo શ્રી પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત " તમામ "
oo શ્રી સભ્યશ્રી, જિલ્લા પંચાયત, કચ્છ "તમામ"
oo શ્રી સભ્યશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, "તમામ"
oo શ્રી શાખાધ્યક્ષશ્રીઓ "તમામ"
oo શ્રી પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, તમામ "કચ્છ જિલ્લો"
oo શ્રી તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ "કચ્છ જિલ્લો"
oo શ્રી નિયામકશ્રી, પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ, અમદાવાદ.
oo શ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ-ભુજ.
oo શ્રી જિલ્લા પ્રૌઢ શિક્ષણાધિકારીશ્રી, કચ્છ-ભુજ.
oo શ્રી કલેકટરશ્રી, કચ્છ-ભુજ.
oo પરિપત્ર ફાઇલે.

"એન. જોશી"

કચ્છ જિલ્લા પંચાયત ઈ.સ. ૧૯૮૦ની ચૂંટણીમાં તેઓ ઉભા રહ્યા. જિલ્લા પંચાયતમાં ચૂંટાયા, શિક્ષણ પ્રત્યે અનન્ય લગાવ તથા 'માસ્તર'ના હુલામણા નામથી જાણીતા એવા ખીમજી માસ્તરને જિલ્લા પંચાયત કચ્છમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પદે નિમણુક કરવામાં આવી. કચ્છ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે તા.૨૬-૬-૧૯૮૧ના રોજ હવાલો સંભાળેલ. તે વખતે કચ્છમાં ૯૪૪ પ્રાથમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા ૨૧, સામાન્ય માધ્યમિક શાળા ૬૧, તેમજ કોલેજોની સંખ્યા ૮ હતી. શિક્ષણક્ષેત્રે ખીમજી માસ્તરે અનેકો બદલાવ લાવ્યા. બોગસ થયેલ નિમણુકોને તેમણે રદ કરી. ગુજરાત રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અધિકારીની શિબિરનું આયોજન બળવંતરાય મહેતા પંચાયત ભવન ગાંધીનગર ખાતે તા.૨૧-૯-૧૯૮૧ થી ૨૪-૯-૮૧ સુધી રાખવામાં આવેલ તેમાં શિક્ષણક્ષેત્રે ખીમજી માસ્તરે પોતાના વિચારો રજૂ કરી સૌને પ્રભાવિત કરી દીધા. શિક્ષણક્ષેત્રે બદલાવના તેમના સુચનોને અમલમાં લાવવાનો રાજય શિક્ષણમંત્રીએ સ્વીકાર કર્યો હતો.

ખીમજી માસ્તર જિલ્લા સમિતિના ચેરમેન બનતા સૌ પ્રથમ તમામ ગામના સરપંચશ્રીઓને તેમની ગામમાં ચાલતી શાળાના શિક્ષકોની વર્તણૂક અને શાળાની અંદર રમતગમત તથા અન્ય જરૂરિયાતો માટે તેમજ બહારગામથી ભણાવવા માટે આવનાર શિક્ષકો નિયમિત આવે છે કે કેમ તે અંગેના જાણકારી માટેના પત્રો મોકલ્યા. શિક્ષણ વિભાગમાંથી આવેલ પત્રોના કારણે અનેક ગામોમાંથી શિક્ષકો વિશે ફરીયાદના પત્રો મળ્યા. તમામ ફરીયાદી પત્રોની નોંધ કરી તેમની સત્યતા જાણી સુધારાને લગતી કાર્યવાહી આરંભી દીધી. શિક્ષણ વિભાગ તરફથી મળતી તમામ સુવિધાઓ દરેક ગામની શાળામાં પોંહચે છે કે નહીં તેમની ચકાસણી માટે તેઓ સ્વયં અચાનક મુલાકાત લેતા. સરકાર દ્વારા તેમને ગાડી તથા ભુજમાં બંગલો આપવામાં આવેલ પણ ગાડીનો

ઉપયોગ તેઓ સરકારી કામ પૂરતો જ કરતા. બાકી તેઓ બસમાં મુસાફરી કરી મથલથી ભુજ જતા. સરકારી બંગલાનો તેમણે કોઈ દિવસ ઉપયોગ ના કર્યો. શિક્ષણ સમિતિના ચેરમેનની સાથે તેઓ ઉત્પાદન તથા સહકારી સમિતિના સભ્ય પણ હતા. ઈ.સ. ૧૯૮૨માં ભુજ તથા રાપર તાલુકામાં ૩૦૦ પ્રૌઢ શિક્ષણના વર્ગો શરુ કરવા અંગે બેઠકમાં ભાગ લઈ પ્રસ્તાવને મંજુર કરવામાં આવ્યા હતા.

ખીમજી માસ્તર પાસે અસંખ્ય શિક્ષકો દ્વારા બદલીના પત્રો આવતા. તેઓશ્રી તેમની યોગ્ય ચકાસણી કરીને તે પછી મંજુરી આપતા. તેઓશ્રી એવા શિક્ષકોની બદલી મંજૂર કરતા કે જેઓ વર્ષોથી ગામને સેવા આપી હોય અને ઉંમરના કારણે આવાગમનમાં તકલીફ પડતી હોય, અથવા કોઈ અંપગ હોય તેમજ વિધવા શિક્ષિકા બહેનો હોય જેમને બસ દ્વારા અન્ય ગામમાં ભણાવવા માટે જવું પડતું હોય તેવા શિક્ષકોની બદલી મંજુર કરવામાં આવતી. ખીમજી માસ્તર જે શિક્ષકો રાજકીય નેતાઓની ભલામણ લઈને આવ્યા હોય અથવા પસંદગીના ગામ માટે નાણાની ઓફર કરતા તેમના પત્રો તે શિક્ષકોની સામે જ ફાડી નાખતા. તેઓ અસત્ય બીલકુલ ચલાવી ના લેતા. આપણને જાણીને નવાઈ લાગશે કે તેમના વ્યાવસાયિક પ્રતિષ્ઠાન એવા યોગેશ્વર માઈન કેમ ઈન્ડસ્ટ્રીઝને તે સમયે ૧૬૦૦૦૦ રૂપિયાના ધીરાણની જરૂર પડતા પોતાની ૯૦૦ ચો.વાર જમીનને કોટડા જડોદર દેના બેંકમાં ગીરવે મૂકી ધીરાણ પ્રાપ્ત કરેલ. ખીમજી માસ્તર ધારત તો અનેક બદલીની નાણાકીય ઓફરોનો સ્વીકાર કરી રૂપિયા બનાવ્યા હોત અને પોતાની જમીનને ગીરવે મુકવાનો સમય પણ ના આવત. પણ આ વીરલ વ્યકિત નોખી માટીનો જ બનેલો હતો. ધારાસભ્ય હતા ત્યારે સરકાર તરફથી મળતું માસિક વેતન તેઓશ્રીએ પોતાના અંગત ખર્ચા માટે કોઈ દિવસ ઉપયોગ કર્યો નહીં. તેમના પિતાએ આપેલા સંસ્કાર હતા કે સેવાકીય કાર્ય દ્વારા મળતા વીતનો ઉપયોગ કોઈ દિવસ ઘર માટે કરીશ નહીં. ખીમજી માસ્તરે તેમના સંતાનોને પણ જણાવી દીધું હતું કે તમારા બાવળાના બળે તમે કમાજો બાકી સરકાર તરફથી મળતા મારા વેતનની કોઈ દિવસ આશા રાખશો નહીં. સેવાકીય કાર્ય માટે મળતું વીત સેવામાં જ વપરાશે. આવા ઉમદા વિચારો જીવનમાં આત્મસાત કરનાર ખીમજી માસ્તર વિશે એટલું જ કહેવાય કે -

"છે સરસ્વતી માતા મારી, ના લાચારી સ્વીકાર કરું છું,
ના ભોગ તણો ગુલામ બનું હું, ભાવજીવનને માણું છું,
બાળકનો પાલક થઈ સાચો, સૃષ્ટિ સંચાલકને જાણું છું,
ઈશ્વરની આંખ ઠરે એવું હું માનવ ઘડવા ચાહું છું,
શિક્ષણ વહેતું મુજ નસોમાં, શિક્ષણ શરીરના કણકણમાં,
શિખવું 'મા'ના હૃદયસ્તર પર જઈ 'માસ્તર'માં ગૌરવ માણું છું."

આમ 'મા'ના હૃદયસ્તર સુધી પ્રેમ કરનાર ખીમજી માસ્તર ઈ.સ. ૧૯૮૨ના તા.૧૯ થી ૨૧ જાન્યુઆરીના રોજ પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે શિક્ષકોને ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા હતા તે વખતે ટેલીવિઝનની કચ્છ વિસ્તારોમાં શરુઆત થઇ હતી. તે દશકમાં ફિલ્મ જગતની અસર સામાન્ય માણસના માનસપટ પર ખૂબ છવાઇ હતી. શિક્ષકોની ભરતી માટે આવેલા શિક્ષકોને જોઇને તો ખીમજી માસ્તર સ્તબ્ધ થઇ ગયા તેમણે જોયું કે આવેલા શિક્ષકો હીરો જેવા લાંબા વાળ રાખ્યા હતા, આંખો પર કાળા ચશ્મા તેમજ લાંબા નખ વધારી તેમાં નેઇલપોલીશ કરીને આવ્યા હતા. શરીરના શર્ટનું પહેલું બટન કોઇકનું ખુલ્લું હતું તો કોઇક રંગબેરંગી કપડાં પહેરીને આવેલા. ખીમજી તમામને એક હોલમાં બોલાવ્યા અને પહેલો પ્રશ્ન પૂછ્યો કે તમે

શેના માટે આવ્યા છો ? તો સામેથી અવાજ આવ્યો શિક્ષકની નોકરી માટે. ખીમજી માસ્તરે બીજો પ્રશ્ન પૂછ્યો કે શિક્ષકનું કામ શું હોય ? આ સવાલ સાંભળી અમુક તો હસવા લાગ્યા ત્યારે કોઈકે હસતા હસતા જવાબ આપ્યો કે બાળકોને ભણાવવાનું એ શિક્ષકનું કામ છે. ત્યારે હરહંમેશ મૃદુ સ્વભાવ ધરાવતા ખીમજી માસ્તર કઠોર બન્યા અને કહ્યું કે આજે તમારી વેશભૂષા તથા લાંબા લાંબા વાળ, શર્ટના બટન ખુલ્લા તથા નખમાં નેઇલપોલીસ આ બધું જોતા તો એવું લાગે છે કે તમે શિક્ષકના ઇન્ટરવ્યુમાં નહીં પણ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કામ મેળવવા માટે આવ્યા છો. તમે ભારતના ભવિષ્યને ઘડનારા શિલ્પી છો. તમારી પાસે ભણનાર બાળક તમારી કથની પર નહી તમારી કરણી પર આચરણ કરશે. દરેક શિષ્યને ઇચ્છા હોય કે હું તેમના ગુરુ જેવો બનું તેમના જેવું આચરણ કરું પણ તમારું સ્વરુપ તો કંઇક અલગ જ છે ? આ દૃશ્ય જોતાં હું ભારતના ભવિષ્યને તમારા હાથમાં કેવી રીતે સોંપી શકું ? સૌ પ્રથમ તમે શિક્ષકની ભૂમિકા સમજો, બાળકનું મન કોરી પાટી (સ્લેટ) જેવું હોય છે. તેમાં જેવું લખશો તે લખાશે. તમે જેવું આચરણ કરશો તેવું આચરણ બાળકો કરશે. માટે સૌ પ્રથમ તમારી આ વેશભૂષા તથા બાહ્ય દેખાવને બદલો. આજે ઇન્ટરવ્યુ મોકુફ રાખવામાં આવે છે. આવતીકાલે નવા સ્વરુપે મળીશું. વંદે માતરમ કહી તેઓએ ત્યાંથી પ્રસ્થાન કર્યું અને ઇન્ટરવ્યુ મોકુફ રાખ્યું. બીજે દિવસે તમામ શિક્ષકો તેમના બાહ્ય દેખાવ તથા વેશભૂષાને બદલીને આવ્યા. આમ ખીમજી માસ્તર શિક્ષણક્ષેત્રે પરિવર્તન લાવવા સદાય પ્રયત્નશીલ રહેતા.

ઇ.સ. ૧૯૮૪માં નાણામંત્રીશ્રી સનત મહેતા દ્વારા નાણાકીય વર્ષ ૮૪-૮૫માં શાળાના ઓરડાઓ બાંધવા માટે ૪ કરોડની જોગવાઇ કરવામાં આવી. જે ગામોમાં શાળાના ઓરડા વધારવા હોય અથવા નવીન બાંધકામ કરવાનું હોય તેવા પછાત ગામોમાં ૨૫ % લોકફાળો અને અન્ય વિસ્તારના ગામોમાં ૫૦% લોકફાળો રહેશે અન્ય ખર્ચ સરકાર તરફથી મળશે તેવી જાહેરાત કરવામાં આવી. આ યોજનાનો લાભ કચ્છના અનેક ગામોમાં પ્રાપ્ત થાય તે માટે ખીમજી માસ્તરે ખૂબ પ્રયત્ન કરી નવા ઓરડાઓ બંધાવ્યા. મથલ ગામની વાત કરીએ તો ઇ.સ. ૧૯૫૬માં ગામના વડીલશ્રી પરબત લખુ પોકાર તથા ખીમજી નાગજી લીંબાણીના અથાગ પ્રયત્નોથી બનેલી પ્રાથમિક શાળામાં વધારાના ત્રણ ઓરડાઓની જરૂર હતી. આથી ખીમજી માસ્તરે ૨૫ ટકા લોકફાળો તથા સરકારી અનુદાનથી ત્રણ નવા ઓરડાઓ બંધાવ્યા. ઇ.સ. ૧૯૮૬ના મથલ પ્રાથમિક શાળાના વધારાના ત્રણ વર્ગોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે આસિસ્ટન્ટ કલેકટર શ્રીમાન તિવારી સાહેબ, ટી.ડી.ઓ. છાયા સાહેબ, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઇ ખેતાણી, જીલ્લા પ્રમુખ શિવદાસભાઇ ગોવિંદ, ટી.ડી.ઓ. જાડેજા સાહેબ, જિલ્લા વિકાસ અધિકારી હરિભાઇ પટેલ, પોપટલાલ કોઠારી, શિક્ષણ વિભાગના સુધાબેન આંચલીયા તથા શિક્ષણ સમિતિના ચેરમેન ખીમજી માસ્તર ઉપસ્થિત રહ્યા હતા. ખીમજી માસ્તરના પુત્ર મોહનભાઇ જેઓ મથલ ગામના સરપંચ હતા. તેઓએ આવેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. બહુ મોટી સંખ્યામાં ગ્રામજનો પધારી આ પ્રોગ્રામને માણ્યો હતો. સાથે સાથે તે જ દિવસે મથલ ગામ પંચાયતની ઓફિસનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. દરેક આમંત્રિત મહેમાનોને ખીમજી માસ્તરે મથલમાં શરુ કરેલા ઢોરવાડા તથા એક વર્ષ પહેલા પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે દ્વારા નિર્માણ પામેલ વશિષ્ઠ વૃક્ષ મંદિરની મુલાકાત કરાવી હતી.

ખીમજી માસ્તર શિક્ષણપ્રેમી હોવાથી અનેક લોકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન આપતા. આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની જવાબદારી તેઓ ઉપાડતા તેમજ પાટીદાર સમાજના કોઇ દિકરાને ઉચ્ચ અભ્યાસ કરવાનો હોય તો તેઓ સદાય મદદ માટે તત્પર રહેતા. આવા જ ખીમજી માસ્તરના ઉમદા કાર્ય થકી ઉચ્ચ



મથલ પ્રાથમિક શાળાના નવા વર્ગોનું
ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષનું સ્વાગત કરતા
શ્રી ખીમજીભાઈ લીંબાણી









મથલ ગ્રામ પંચાયત ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે
આમંત્રીત મહેમાનો સાથે શ્રી ખીમજીભાઈ લીંબાણી



વૃક્ષ મંદિર તથા મથલ પશુ રક્ષા કેન્દ્રની
મુલાકાત લેતા કલેકટરશ્રી અને
જિલ્લા અધિકારીશ્રી









અભ્યાસ કરી શકયા એવા રતડીયા ગામના મનજીભાઇ ભાણજી (હાલે મહાડ) કહે છે કે મે અમારા ગામની પ્રાથમિક શાળામાં પાંચમી ચોપડી અને વિગોડીની પ્રાથમિક શાળામાં છઠ્ઠી અને સાતમી પહેલા નંબરે પાસ કરી. આગળ ભણવાની આર્થિક મજબૂરી અને ગરીબાઇના કારણે શકયતા ના હોવાથી શાળાંત પરીક્ષા આપી ફર્સ્ટ કલાસમાં પાસ થયો. પછી નોકરી માટે શાળા અને શાળાંતના પરિણામ પત્રકો લઇ નખત્રાણા તાલુકા પંચાયત ઓફિસમાં ગયો ત્યાં ઉખેડાના મનજીબાપા સાથે પ્રથમ મુલાકાત થઇ. મેં અપંગ તેમજ આર્થિક પરિસ્થિતિના કારણે આગળના શિક્ષણનો વિચાર છોડી દીધો. મનજીબાપાએ મારા પરિણામો જોયા. કુટુંબની પૂછપરછ કરી પછી મને નખત્રાણા પાટીદાર વિદ્યાર્થી ભવનમાં લઇ ગયા. ત્યાં સંચાલકો, વડિલો અને હોદેદારોની મિટીંગ ચાલુ હતી. ત્યાં જઇ ખીમજી નાગજી (માસ્તર) સાથે મારી ઓળખાણ કરાવી. મારા પરિણામો બતાવી બન્ને વડીલોએ આપસમાં ચર્ચાઓ કરી. માનવતાની બે આદર્શમૂર્તિઓએ મારી આગળના અભ્યાસની ચિંતા કરી. બોર્ડિંગની મીટીંગમાં મારા જેવા હોશિયાર, અપંગ અને ગરીબ પરિસ્થિતિના વિદ્યાર્થીઓને ઉપર લાવવા બોર્ડિંગનો મહિનાનો ૧૫ રૂપિયા જમવાનો ખર્ચ થતો હતો તે ઠરાવ કરાવીને માફી અપાવી અને બન્ને વડીલો મારા ઉચ્ચ અભ્યાસ માટે મારા પિતાજીને સમજાવવા રતડીયા ગામે આવ્યા અને ખીમજી માસ્તરે મારા પિતાને કહ્યું કે 'આ છોકરો હવે તમારો નથી અમારો છે.' સમાજ એને ભણાવશે, તમે ચિંતા ના કરો, હું આજે જે બીઝનેસમેન, સમાજપ્રેમી અને સ્વાધ્યાયી છું તે ખીમજીબાપાના લીધે. ત્યારથી ખીમજીબાપા એ મારા 'બાપા' બની ગયા. શિક્ષણક્ષેત્રે ખીમજી માસ્તરે અનેક નામી અનામી વિદ્યાર્થીઓને મદદ કરી ઉચ્ચ અભ્યાસ કરવા માટે પ્રેર્યા છે. આજે પણ ઘણા બધા ઉચ્ચ હોદાઓ ધરાવનાર તથા ડિગ્રી પ્રાપ્ત કરનાર તેમજ સર્વિસ કરનાર લોકો મળે છે ત્યારે ખીમજી માસ્તરે કરેલા અનંત ઉપકારોને યાદ કરે છે.

ઈ.સ. ૧૯૮૫માં ભારત સરકાર દ્વારા પૂના ખાતે શિક્ષણમાં બદલાવ તથા આજનું શિક્ષણ કેવું હોવું જોઇએ તેના માટે સમગ્ર ભારતભરમાંથી સિલેક્ટેડ શિક્ષણ સમિતિના ચેરમેનોને બોલાવ્યા હતા. તેમાંથી ગુજરાતમાંથી ખીમજી નાગજી લીંબાણીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પૂના સભાને સંબોધન કરતા કહ્યું હતું કે વર્તમાન શિક્ષણ આજિવીકાલક્ષી શિક્ષણ છે. સમય આવશે ત્યારે આજીવિકાલક્ષી શિક્ષણની આંધળી દોટના કારણે કુટુંબ તથા પરિવારો વિભકત બનશે. પરિવાર ભાવના ખલાસ થશે. કોઈપણ કાર્ય આપણે કર્યું છે તેની જગ્યાએ મેં કર્યું છે તે ભાવ નિર્માણ થશે. ગામડાઓ તૂટશે અને સમાજ નિર્માલ્ય બનશે. શિક્ષણમાં બદલાવ લાવવાની અત્યંત જરૂર છે. ગૌરવશાળી ભારતના ઈતિહાસ ત્યજીને પશ્ચિમી સંસ્કૃતિ તથા અંગ્રેજો દ્વારા કરેલા કાર્યો પર પ્રકાશ પાડીને અપાતું આજનું શિક્ષણ ભાવીપેઢીમાં લઘુતાગ્રંથિ નિર્માણ કરે છે. માટે આજિવીકાલક્ષી શિક્ષણની સાથે સાથે જીવનલક્ષી શિક્ષણ આપવું ખાસ જરુરી છે. આપણો સાંસ્કૃતિક વારસો ભવ્ય છે તે આપણી ભાવી પેઢીને આપીએ તો જ ભારતનું ભવિષ્ય ઉજળું બનશે. જીવનલક્ષી શિક્ષણ ઉપર ભાર મૂકીને ખીમજી માસ્તરે ૧૦ મિનિટથી પણ વધારે તેમના ઉપર પોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. સમયમર્યાદા હતી તો પણ સભા અધ્યક્ષે ખીમજી માસ્તર દ્વારા અપાતા સચોટ તથા સ્પષ્ટ પ્રાસંગિક ઉદ્‌બોધન માટે વધુ સમય ફાળવ્યો હતો. ખીમજી માસ્તરના પ્રેરક ઉદ્‌બોધનથી સમગ્ર સભા ખંડે ઉભા થઇ તાળીઓથી તેમને વધાવી લીધા હતા. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિંમ્હારાવ તે વખતે ભારતના શિક્ષણમંત્રી હતા. તેમણે ખીમજી માસ્તરના ઉદ્‌બોધનને બીરદાવ્યું હતું. શિક્ષણ પ્રત્યે સદા અગ્રેસર સેવા આપનાર ખીમજી માસ્તર પર લખીએ એટલું ઓછું પડે તેમ છે.

ગૌરક્ષાપ્રેમી ખીમજીબાપા

ભક્ત હૃદયના ખીમજીબાપાને માનવ્ય ઉપર જેટલો પ્રેમ, તેથી વિશેષ પ્રેમ પશુસૃષ્ટિ પ્રત્યે પણ હતો. કચ્છ એવો પ્રદેશ છે જેણે અનેકો દુષ્કાળો સહન કર્યા છે, દુષ્કાળની પરિસ્થિતિ હંમેશા જ રહ્યા કરતી. પશુઓને પૂરતા પ્રમાણમાં ઘાસચારો ન મળવાથી તેમજ દુઃખી થતી ગાયોને જોઇ ખીમજીબાપાનું હૃદય દ્રવી ઉઠતું. ભારતીય સંસ્કૃતિએ ગાય સાથે સ્વજન જેવો સંબંધ બાંધ્યો છે. ભારતીય સંસ્કૃતિ ભગવાનને સર્વવ્યાપકતામાં માનનારી છે. જડ, ચેતન, ચરાચર સકલ સૃષ્ટિમાં તે પરમાત્મા તત્વનો વાસ નિહાળે છે. અને તેથી જીવનની વિકાસની પરંપરામાં તે માત્ર માનવતા સુધી અટકતી નથી. ''સર્વ ભૂતઃ હિતે રતાઃ'' એ તેનો આદર્શ છે. પ્રાણીમાત્ર પર પ્રેમ, નહીં કે દયા એ તેનો દષ્ટિકોણ હોવો જોઇએ. સમગ્ર પ્રાણીમાત્રમાં જો ભગવાન વસતો હોય તો તેના પર દયા કેમ થાય ? ભગવાન ઉપર તો પ્રેમ થાય નહીંતર તેમની પૂજા થાય, આવા સદ્‌વિચારોથી ખીમજીબાપા પ્રાણીમાત્ર પર સાદર પ્રેમ રાખતા. ભગવાને ગીતામાં કહ્યું છે કે 'ગાયોમાં હું કામધેનુ છું', પૃથ્વીની ધારણામાં ગાયનો બહુ મોટો ફાળો છે, આવી ગૌમાતા જયારે દુષ્કાળમાં ભાંભરતી હોય, દુઃખી હોય ત્યારે કોઇ નિષ્ઠુર જ હોય કે જેમને માતા પ્રત્યે ભાવ ન જાગે.



એક વખત મથલ ગામના વથાણમાં એક ગાય પાણી પીવા માટે અવાડા પાસે આવી. ગાય આમતેમ દોડયા જ કરતી હતી પણ પાણી પી શકતી નહોતી. ખીમજીબાપાએ આ દશ્ય જોયું. ગાયને પાણી પીવું હતું પણ તેનું મોઢું બાંધેલ હતું. તેથી તે પાણી પી શકતી નહોતી અને જોરજોરથી ભાંભરતી હતી. ખીમજીબાપાએ તરત તેમના પુત્રો તથા સાથીમિત્રોને બોલાવીને કહ્યું કે પ્રથમ ગાયને પકડો અને તેમનું બાંધેલું મોઢું ખોલો. તરત જ ગાયનું મોઢું ખોલવામાં આવ્યું, મોઢું ખોલતા જ તે ગાય અવાડા તરફ દોડી અને પાણી પીવા લાગી. ખીમજીબાપાએ કહ્યું કે વાડીએથી લાવેલ ઘાસ આ ગાયને આપો. ભૂખ તરસથી ગાય બેબાકળી બની ગઇ છે. આવા ભયંકર દુષ્કાળમાં આમ ગાયનું મોઢું બાંધી માણસો કેવા હીન કૃત્ય કરે છે. તરત જ ગાય માટે ઘાસની વ્યવસ્થા કરવામાં આવી. દુષ્કાળની પરિસ્થિતિમાં લોકોએ અબોલ પશુઓને ખુલ્લા મૂકી દીધા હતા. ખીમજીભાઇએ મથલ તેમજ આજુબાજુના ગામોમાં ત્યજી દેવાયેલી ગાયોને એક વાડામાં ભેગી કરી તેના માટે સ્વખર્ચે ઘાસચારાની વ્યવસ્થા ઊભી કરી. લોકોને ખબર પડતાં અશકત તથા દૂધ ના આપનારી ગાયોને ત્યાં મૂકી જવા લાગ્યા. ગાયોની સંખ્યા વધતાં ઘાસચારા માટે વિકટ સમસ્યા ઉભી થવા લાગી. દેવશીભાઇ માધવજી લીંબાણી મથલ હાલે પૂના ચીંચવડવાળા તેમના સંસ્મરણોમાં જણાવે છે કે, મને તે સમય બરાબર ખ્યાલ છે કે



ખીમજીબાપાએ પોતાને મળેલા ચંદ્રકો તથા સોનાની ગીની વેચીને ગાયોના ઘાસચારા માટેની વ્યવસ્થા કરી છે. ઘાસની વિકટ પરિસ્થિતિ જણાતાં ખીમજીબાપાએ તેમના સાથીમિત્રો એવા ઉખેડાના શ્રી મનજી વાલજી સાંખલા, શ્રી વીરજી કરશન ધોળુ તેમજ શ્રી લાલજી ભાણજી પોકારને વાત કરી તેમની સાથે શ્રી વિશ્રામ હંસરાજ દિવાણી પણ જોડાયા. તમામ વડિલો મદદ કરવા માટે આગળ આવ્યા. ગાયોની સંખ્યા દિવસે ને દિવસે વધવા લાગી. આ રીતે જોતા મથલના અવાડાની બાજુના વાડામાં સમાવેશ કરવો ભવિષ્યમાં મુશ્કેલ જણાતા તેઓએ ભવિષ્યનો વિચાર કર્યો. આ કાર્ય માટે સમાજ તથા અન્યો પાસે દાનની ટહેલ નાખવી જ પડશે. કચ્છમાં અવાર નવાર દુષ્કાળ પડયા જ કરે છે. આથી ગાયો માટે વિશાળ ગૌશાળા ઉભી કરવી પડશે પણ સૌ પ્રથમ આ ઉમદા કાર્યના ઉદેશ્યને પાર પાડવા માટે આ દીર્ઘદષ્ટા વડિલોએ તા.૨૪-૧૧-૧૯૮૭ વિક્રમ સંવત ૨૦૪૩ના રોજ પાટીદાર સેવા સંઘ ગૌરક્ષા કેન્દ્રને ચેરિટી કમિશનરમાં ટ્રસ્ટ રજી. નંબર ઈ-૯૦૦ની નોંધણી કરી ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી.

ગાયોના ઘાસચારાને પહોંચી વળવા માટે પાટીદાર સમાજના ભાઈઓ પાસે ટહેલ નાખવામાં આવી.



માદરે વતનમાંથી ગાયો માટે ટહેલ નાખવામાં આવતાં પાટીદાર ભાઈઓએ ઉદાર હાથે દાન આપ્યું. ખીમજીબાપા તથા સાથી મિત્રો ફંડ માટે ભારતના ખૂણે ખૂણે ફરી વળ્યા. સૌપ્રથમ પાટીદાર સેવા સંઘનું કાર્યાલય મથલ ગામના સ્ટેશન પર ખીમજીબાપાએ બનાવેલ વિશ્રામગૃહના એક રૂમમાં રાખવામાં આવ્યું હતું. સૌ પ્રથમ આદ્યસ્થાપક વડિલશ્રી ખીમજી નાગજી લીંબાણી પાટીદાર સેવા સંઘ ગૌરક્ષા કેન્દ્રના પ્રથમ પ્રમુખ સેવક હતા. કાર્યાલયનું કામ કરશનભાઈ કાલરીયા કોટડા જડોદરવાળા સંભાળતા હતા. મથલના વાડામાં ૧૨૦૦ તેમજ પુંઅરેશ્વર મહાદેવ મંદિર પાસે ૧૭૦૦થી વધુ ગાયોને આશ્રય આપી નિયમિત ઘાસચારો આપવામાં આવતો હતો.

ખીમજીબાપાનું સ્વપ્ન હતું કે મથલ ગામમાં ગાયો માટે સુંદર મજાની ગૌશાળા નિર્માણ થાય. તેઓશ્રીએ જમીન મેળવવા માટે પ્રયત્નો શરૂ કર્યા પણ તેમાં ઘણી કઠિનાઈઓ તથા મુશ્કેલીનો સામનો કરવો

પડ્યો. તે એટલા માટે કે રાજકીય કાવાદાવા અવરોધરુપ બનતા હતા. ખીમજીબાપા કોંગ્રેસની ટીકીટ પરથી ધારાસભ્ય બન્યા હતા તે પછી પોતાના અંતરાત્માના નાદને અનુસરી પોતે જે સિધ્ધાંતો તથા રાષ્ટ્રવાદમાં માનતા હતા તે સિધ્ધાંતો પર કોંગ્રેસ ચલીત થઈ હતી. તેના કારણે કોંગ્રેસમાં બે ભાગલા પડી ગયા હતા. ઈન્દિરા કોંગ્રેસ અને સંગઠન કોંગ્રેસ આ વિભાજનના કારણે કોંગ્રેસની કથની અને કરણીમાં અંતર ઘણું વધતું જોઈ ખીમજીબાપા ભારતીય જનતા પક્ષના સંનિષ્ઠ સમર્થક બન્યા હતા અને તેના કારણે તે વખતની કોંગ્રેસ સરકાર ખીમજીબાપાએ લીધેલા સંકલ્પોમાં બાધારૂપ બનતી હતી. તે વખતે ખીમજીબાપાને કોંગ્રેસ સરકાર દ્વારા કહેવામાં આવ્યું કે આપ ભાજપને સમર્થન આપવાનું છોડી કોંગ્રેસપક્ષમાં જોડાઈ જાવ તો તમારી માગણી મુજબ જેટલી જમીન જોઈતી હશે તે તરત જ મંજુર કરી દેવામાં આવશે. પણ ખીમજીબાપા સિધ્ધાંતવાદી હતા, સત્યના રાહ પર ચાલવા માટે અનેક વિઘ્નો આવે તો પણ તે કોઈ દિવસ ઝુકયા ન હતા. તેઓશ્રીને કોઈ ધાક ધમકી કે લાલચથી ડગાવી શકે તેમ નહોતું. ખીમજીબાપાએ આ પ્રશ્ન ભારતીય જનતા પક્ષના સક્રિય નેતા એવા શ્રી પુષ્પદાન ગઢવી સમક્ષ મૂકયો. પુષ્પદાનભાઈએ તથા ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતાઓએ અથાગ પ્રયત્નો કરી ખીમજીબાપાના ગૌરક્ષાના સંકલ્પને સાકારીત કર્યો. ગૌરક્ષા કેન્દ્ર માટે ૧૩ એકર જમીન ફાળવવામાં આવી.



જમીનની ફાળવણી થતાં જ ખીમજીબાપાએ ગૌશાળા શરુ કરવા માટે સૌ પ્રથમ તેમણે ગાયોને પીવાના પાણી માટે કૂવો ખોદવાનું ખાતમુર્હૂત કર્યું. ઈશકૃપાથી કુવામાં પાણી જલ્દીથી પ્રાપ્ત થઈ ગયું. મશીન રૂમ તથા પાણીના કુવાના સૌજન્ય શ્રી ખીમજીબાપા થયા. ત્યારબાદ સ્થાપક વડીલોની ટીમ સાથે વિશાળ સંકુલના પ્લાન બનાવવામાં આવ્યા અને યુદ્ધના ધોરણે કામ ચાલુ થયું. તેમની ફલશ્રુતિ સ્વરુપે ૮ છાપરાવાળો શેડ, આર.સી.સી. શેડ-૩, પાણી પીવા માટે અવાડો, પાણીનો ટાંકો, ચબૂતરો, ઘાસ સંગ્રહ માટે વિશાળ ગોડાઉન, પશુ સારવાર



કેન્દ્ર, કાર્યાલય બિલ્ડીંગ, સભાખંડ, અતિથિગૃહ, ગૌપાલક આવાસ નિમાર્ણ થયા. વિશાળ ગોડાઉન નિર્માણ થયો ત્યારે પરમ પૂ. પાંડુરંગ શાસ્ત્રી પૂજન માટે પધાર્યા હતા. તેમના હસ્તે ગૌશાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમસ્ત ગૌરક્ષા કેન્દ્રના વિશાળ

સંકુલ નિર્માણમાં પાટીદારભાઈઓ દ્વારા ઉદાર હાથે દાન આપવામાં આવ્યું હતું. ગાયોના ઘાસચારા માટે સૌ પ્રથમ શ્રી સર્વ સેવા સંઘ ચાલવનારા પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાએ ઘાસની ગાડી મોકલાવેલ. કોઈપણ સંસ્થા, સમાજ કે રાષ્ટ્ર ત્યારે જ મહાન બને જયારે તેમનું નેતૃત્વ કરનાર પ્રભાવશાળી હોય. રાષ્ટ્ર ત્યારે મહાન બને જયારે નેતા ભ્રષ્ટમુકત અને રાષ્ટ્ર ભક્ત હોય, સમાજ ત્યારે મહાન બને જયારે નેતૃત્વ કરનાર સન્માનથી પર રહી સમાજને નવી દિશા પ્રદાન કરે અને સંસ્થા ત્યારે મહાન બને જયારે તેમનું નેતૃત્વ કરનાર નિઃસ્વાર્થી, કર્મયોગી, સત્યનિષ્ઠ તથા સદાચારી હોય અને આવા નેતૃત્વ કરનારની જયારે હાકલ પડે ત્યારે સમગ્ર સમાજ તથા રાષ્ટ્ર તેમની પડખે ઉભું રહે. આવા નિઃસ્વાર્થ કર્મયોગી ખીમજીબાપાએ ઘાસચારા માટે ટહેલ નાખતા સમસ્ત પાટીદારભાઈઓ તથા અન્ય સંસ્થાઓએ ગૌદાનની ઝોળી છલકાવી દીધી.

અલગ-અલગ પ્રાંતોમાંથી ઘાસ ભરેલી ટ્રકો આવવા લાગી. અનેક સમાજોએ ઉદાર હાથે ગૌદાન આપેલ. ઘાસચારાના સંગ્રહ માટે નવા ગોડાઉન બનાવવાની પરિસ્થિતિ ઉભી થઈ ગઈ. ગાયો માટે પ્રારંભિક તબકકાનું કાર્ય પૂર્ણ થઈ ગયું હતું. અતિથીગૃહ તથા અન્નપૂર્ણા હોલનું નિર્માણ કાર્ય અધુરું હતું તે સમયે વિશાળ સંકુલના ભવ્ય ઉદ્‌ઘાટન માટેની મીટીંગોનો દોર ચાલુ થયો. સ્થાપક વડિલોએ વિચાર્યું કે આ ઉદઘાટન સમારોહમાં આ ભવ્ય ગૌશાળા નિર્માણ માટે જેમણે પણ તન, મન, ધનથી સાથ-સહકાર આપ્યો છે તેમનો ઋણ સ્વીકાર કરીએ. ત્યારે સમાજજનોને



એમ થયું કે આદ્યસ્થાપક ખીમજીબાપા તથા સ્થાપક વડિલોએ જે વિશાળ ગૌશાળા માટે રાત-દિવસ જોયા વગર ખૂબ મહેનત કરી છે તેઓને સન્માનીત કરીએ પણ કાર્યનો યશ પોતાના શીરે લે તો ખીમજીબાપા શાના? જેમનો જીવનમંત્ર હતો કે ''થોડું બોલું ને કરું કૃતિ ઝાઝી પ્રભુ થાય રાજી.'' એવા આ મહામાનવ 'ન મમઃ' આ મેં નથી કર્યું , આપણે કર્યું છે કહી પ્રભુ રાજી થયો છે કે નહી તે જોવા અનંતયાત્રાએ નીકળી ગયા. સમાજે ખીમજીબાપાએ કરેલા અમૂલ્ય યોગદાનની સ્મૃતિરુપે ગૌશાળામાં કાર્યાલયની બાજુમાં બાપાની પ્રતિમા સ્થાપિત કરવાનું નક્કી કર્યું. સ્થાપક વડિલો તથા કમીટી દ્વારા ગૌરક્ષા કેન્દ્રના શુભ ઉદ્‌ઘાટનની તારીખો નકકી કરવામાં આવી. ગૌશાળાનું શુભ ઉદ્‌ઘાટન ઈ.સ. ૧૯૯૬ તા. ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટનમાં રાજકીય નેતાગણ તથા સ્વામી





સચ્ચીદાનંદ મહારાજ, શાંતિદાસજી મહારાજ, જયાબા તેમજ સ્થાપક વડિલો અને સમાજના અગ્રેસરો તથા મોટી સંખ્યામાં જનસમુદાય ઉપસ્થિત રહી સંપૂર્ણ કાર્યક્રમને દિપાવ્યો હતો. આ શુભ પ્રસંગે સ્વ. ખીમજીબાપાની પ્રતિમાનું અનાવરણ સ્વામી સચ્ચિદાનંદ મહારાજ દંતાલીવાળાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. પરિવારના દરેક સભ્યોએ બાપાની પ્રતિમાને તિલક કરી તેમનું પૂજન કર્યું. પ્રખર સાહિત્યશાસ્ત્રી, રત્ન પારંગત એવા વિદ્વાન હંસરાજભાઈ જોષીએ વેદોકત મંત્રો દ્વારા મૂર્તિનું શુધ્ધિકરણ કર્યું. સમસ્ત કાર્યક્રમમાં વડિલોએ કરેલા કાર્યને દરેક વકતાઓએ બીરદાવ્યા હતા. ગંગાસ્વરૂપ માતૃશ્રી માનબાઈને સ્ટેજ પર સ્થાન આપવામાં આવ્યું હતું. બે દિવસનો ઉદ્ઘાટન સમારોહ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

સમય જતા જેમ જેમ ગૌશાળામાં જરૂરિયાતો ઉભી થતી ગઈ તેમ તેમ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવતી ગઈ. બે વર્ષ બાદ ઉમિયા માતાજી, મહાદેવ તથા ગૌ ગોપાલના મંદિરના નિર્માણ માટે તા.૨૫-૧૨-૧૯૯૮ના શુભ દિવસે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ખાતમુહૂર્તનો લાભ ખીમજીબાપા પરિવારે લીધો તેમાં બાપાના પુત્ર મણીલાલભાઈ લક્ષ્મીનારાયણ સ્વરૂપે પૂજનમાં બેઠા હતા. આ શુભ પ્રસંગે શાંતિદાસજી મહારાજ વિરાણીવાળા ઉપસ્થિત રહ્યા હતા. ખાતમુહૂર્તનું પૂજન હંસરાજભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. ત્રણ વર્ષ બાદ મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણ થયું હતું. કુળદેવી ઉમિયા મા તેજપૂંજ સ્વરૂપે ઊંઝાથી અહીં પધારે તે માટે ઊંઝાથી પગપાળા અખંડ જયોત લઈ આવવાનું નકકી થયું. તે પહેલા મથલ ઉમિયા માતાજી મંદિરની પ્રાણપ્રતિષ્ઠાની તા.૪-૮-૨૦૦૧ થી ૬-૮-૨૦૦૧ નકકી કરવામાં આવી. તા.૧૮-૭-૨૦૦૧ના શુભ દિવસે



ઊંઝાથી મથલ અખંડ જ્યોત પદપાત્રા







ઊંઝાથી ઉમિયા માતાજીના જયોતિ રથનું પદયાત્રા સ્વરૂપે પ્રસ્થાન થયું. રથની આગેવાની ખીમજીબાપાના પુત્ર કિશોરભાઈ ની સાથે શિવજીબાપા તથા મેઘજી માધવજી લીંબાણીએ લીધી હતી. ગામોગામ જયોતિરથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તે પછી નિર્ધારિત કરેલા દિવસોથી પહેલાં રથ આવી જતાં તેમનો માર્ગ કોટડા, જડોદર, કાદીયા, રસલીયા, રવાપર, ઉગેડીથી થઈને મથલ કરવામાં આવ્યો. ત્યારબાદ તા.૪-૮-૨૦૦૧થી ૬-૮-૨૦૦૧ના રોજ ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

હાલમાં ગૌશાળામાં ઘાસચારાના સંગ્રહ માટે ૭ ગોડાઉન છે. ૩ અતિથિગૃહમાં કુલ ૪૦ રૂમ છે. ગાયો માટે ૯ શેડ તથા ૬ ખુલ્લા વાડાઓ છે. ગાયના સારવાર કેન્દ્રમાં નિયમિત ડોકટર મુલાકાત લે છે. ગૌશાળાની મુલાકાત લેનાર દરેક માટે વિનામૂલ્યે ભોજનની સુંદર વ્યવસ્થા છે. સરકારશ્રી દ્વારા નર્મદાનું પાણી ગૌશાળાને પ્રાપ્ત થયેલ છે. હાલમાં ૬૦૦થી વધારે ગૌધન ગૌશાળામાં છે. ગૌશાળામાં અવાર નવાર ધાર્મિક કાર્યક્રમો યોજાતા રહે છે તેમજ પશ્ચિમ વિભાગના ૨૪ ગામો દ્વારા મથલ ગૌશાળામાં અખાત્રીજના શુભ દિવસે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. ખીમજીબાપાના કચ્છમાં રહેતા પુત્રો મણિલાલભાઈ તથા મોહનભાઈ આ સેવાકીય પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપતા રહે છે.



આધ્યાત્મિક ક્ષેત્રે

સંસ્કૃત શ્લોકમાં એક પંક્તિ છે.

''क्रिया सिध्धि सत्वे भवति महतां नोपकरणे''

'જેમણે જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તેમને અન્ય કોઈ સાધનોની જરૂર હોતી નથી.'

ખીમજીબાપાના બાળપણના આપણે પ્રસંગોમાં જોયું કે ખેતરમાંથી તૈયાર થતું અનાજ જ્યારે જાગીરદારો, કાકાઓ અને અન્ય લોકો લઈ જતા ત્યારે એ નાનકડો ખીમજી પિતાને પ્રશ્નો કરતો કે આપણે મહેનતથી તૈયાર કરેલું અનાજ આ કાકા લોકોને કેમ આપવું પડે છે ? આવા અનેક પ્રશ્નો પૂછીને પિતા તથા દાદાને મૂંઝવી દેતો. તેમની પાસે તેના પ્રશ્નોનો કોઈ જવાબ નહોતા. બાળપણથી જ ધાર્મિક વૃત્તિ ધરાવતો ખીમજી ગામના ગોર મહારાજ તથા શિક્ષક પાસે રામાયણ, મહાભારત તેમજ પુરાણોની કથા સાંભળતો. અન્યાયની સામે અવાજ ઉઠાવવો એ જ સાચો ધર્મ છે. તે સંસ્કારો પ્રાપ્ત કરી યુવાવસ્થાએ પહોંચેલા ખીમજીનો ભેટો સનાતન ચળવળના પ્રચારક એવા મુરબ્બી રતનશી ખીમજી સાથે થયો. રતનશીભાઈને 'માસ્તર' જેવા યુવાન કાર્યકર્તાઓની જરૂર હતી. તેમની સાથે રહીને ધર્મ પ્રચાર કાર્યમાં ઝપંલાવ્યું. ખીમજીભાઈ પોતાની ઉંમરના સાથીમિત્રો ભેગા કરી અલગ-અલગ ગામોમાં પ્રચાર માટે જતા. પ્રચાર બાદ ગામમાં ધર્મસભાઓ કરવામાં આવતી તેમાં વડીલશ્રી રતનશીબાપા, શીવદાસબાપા, પરબતબાપા જેવા વડિલો સભાને સંબોધતા.

એક પ્રસંગે ગામમાં ધર્મસભા માટે રતનશીબાપાને આમંત્રણ આપવા ગયા પણ સંજોગોવસાત તે મુંબઈ ગયા હતા. તેથી તે ધર્મસભામાં બોલવા માટે નથુભાઈ નાનજીએ ખીમજી માસ્તરને બોલવાનું કહ્યું ત્યારે ખીમજી માસ્તરે ગીતાનો આધાર લઈ સનાતન ધર્મની વ્યાખ્યા કરી અને કહ્યું કે સનાતન શબ્દ કોઈ નવો શબ્દ નથી. સ્વયં ભગવાન શ્રી કૃષ્ણ યુધ્ધના મેદાનમાં અર્જુનને ગીતાના વિચારો કહે છે કે આ વિચારો સનાતન કાળથી ઋષિમુનિઓ દ્વારા અપાતા રહેલા છે તે જ વિચારો હું તને કહું છું. તેમ કહી ખીમજી માસ્તરે રતનશીબાપાના વિચારો પણ સભામાં મુકયા. તે પછીથી નથુભાઈ કેસરાણી, ખીમજી માસ્તર, ભીમજી કેશરા લીંબાણી વગેરે આગેવાનો સાથે કચ્છના ગામે ગામનો પ્રવાસ કરી જ્ઞાતિજનોને સતપંથ સંપ્રદાય છોડી સનાતન ધર્મમાં પાછા વળવા માટે સમજાવતા. ગામે ગામ ભગવાન લક્ષ્મીનારાયણનાં મંદિરો ઉભા કરવા માટે આ વડીલોએ જબરદસ્ત કાર્ય કર્યું હતું. વડિલો તથા યુવાન ટીમના સાથ-સહકારથી કચ્છના ૩૫ ગામોમાં ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવામાં આવ્યા હતા. સનાતન ધર્મનું કાર્ય ઉપાડવામાં ખીમજીબાપાને અનેક તકલીફનો સામનો કરવો પડયો હતો. ગામમાં તેમનો વિરોધ થવા લાગ્યો. તેમની ભાયાત તથા કુટુંબી લોકોએ છેડો ફાડી નાખ્યો હતો તેમ છતાં ખીમજીભાઈ ચલીત થયા વગર સનાતન ધર્મકાર્યમાં અડગ રહ્યા હતા. સંતશ્રી ઓધવરામજી મહારાજના જેમને આશીર્વાદ પ્રાપ્ત હતા તેવા ખીમજીબાપાએ સનાતન ધર્મના પ્રચાર માટે આવતી અનેક મુશ્કેલીઓનો સામનો હસતા મુખે કરેલો હતો. સનાતન ધર્મ જાગૃતિ અભિયાનમાં કેવી કેવી મુસીબતોનો સામનો કરવો પડયો હતો તે આપણે યુવાનીના પ્રસંગોમાં જાણ્યું. ખીમજીબાપાને સતત એક ચિંતા રહેતી હતી કે જુનો સતપંથ સંપ્રદાયને છોડીને આવેલા




શ્રી નથુભાઈ નાનજી કેશરાણી

જ્ઞાતિજનોને સનાતનની વૈદિક પૂજાનું સાચું જ્ઞાન નહી મળે તો ભગવાનની ભકિત બાહ્ય આડંબર બની રહેશે. ભગવાન લક્ષ્મીનારાયણ પ્રત્યે ભાવ નહીં હોય તો દર્શન, પ્રસાદ, આરતી અને કિર્તનને જ સાચી ભકિત માની લેશે. સંસ્કૃત શ્લોકની એક પંકિત છે કે-

"रामो भूत्वा रामं यजेत् कृष्णो भूत्वा कृष्णं यजेत्"

એટલે કે, રામના ગુણો જીવનમાં ઉતારી રામનું પૂજન કરવું અને કૃષ્ણના ગુણો જીવનમાં લાવી કૃષ્ણનું પૂજન કરવું. માટે ભગવાન લક્ષ્મીનારાયણના ગુણો જીવનમાં લાવવા માટે તેની સાચી ભકિત તથા ગુણો વિશે સમજવું જરૂરી છે. આ સદચિંતામાં તેમને માર્ગદર્શકની જરૂર હતી જે ભકિતની સાચી સમજણ આપે. ઈ.સ. ૧૯૪૯માં તે સમયે સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા પરમ પૂજ્ય તીર્થરૂપ પાંડુરંગ શાસ્ત્રીજી એટલે કે પૂજ્ય દાદાજી કચ્છમાં પધાર્યા હતા. ઈ.સ. ૧૯૪૯ પછી દશ વર્ષ સુધી કચ્છના અલગ અલગ તાલુકા અને ગામડાઓમાં પૂજ્ય દાદાજીએ પરિભ્રમણ કર્યું. પૂજ્ય દાદાજીના ગીતાના વિચારો ખીમજીભાઈએ જાણ્યા. તે પછી જ્ઞાતિ વડિલો સમક્ષ ખીમજીબાપાએ પોતાની ચિંતા રજૂ કરી કે ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો તો બન્યા પણ હવે આગળનું શું? તે માટેનું માર્ગદર્શન ક્યાંથી મળશે ? આ સદ્‌ચિંતાથી તત્ત્વચિંતક પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેનું કામ તેની નજર સમક્ષ આવ્યું.



Entry of Pandurang Shastri

તે વખતના સમાજના હિતચિંતક સપ્તર્ષિઓ વડિલો એવા (૧) ખીમજી નાગજી લીંબાણી, મથલ (૨) મનજી વાલજી સાંખલા, ઉખેડા (૩) લાલજી ભાણજી પોકાર, ટોડીયા (૪) શીવદાસભાઈ કરમશી, રવાપર (૫) ખીમજીભાઈ કચરા મૈયાત, રવાપર (૬) વીરજીભાઈ કરશન ધોળુ, જીંજાય અને (૭) પ્રેમજીભાઈ પૂંજા વાસાણી, વિથોણ આ વડિલો પૂજનીય પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે (દાદાજી)ને મળ્યા અને કહ્યું કે સનાતન ધર્મ જાગૃતિની ફળશ્રુતિરૂપે નિર્માણ થયેલા ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો તો બન્યા પણ હવે આગળનું શું ? તે માટે યોગ્ય રાહ ચિંધવાની પ્રસ્તાવના કરી. પૂજ્ય દાદાજીને એ વાતનો આનંદ થયો કે જે સમાજ ધર્મ માટે આટલો જાગૃત હોય તથા તેમના આગેવાનો તે માટે સતત ચિંતત હોય તે સમાજની પ્રગતિ ને કોઈ રોકી શકે નહીં. પૂજ્ય દાદાજીએ કહ્યું કે જેવી રીતે સેન્ટપોલ લાકડાના વેપારીએ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો તેવી જ રીતે તમે પણ લાકડાના વેપાર સાથે સંકળાયેલા છો મને પૂર્ણ વિશ્વાસ છે કે પ્રભુનું કાર્ય પાટીદાર સમાજ અવશ્ય ઉપાડશે. સમાજને ચિરંતન ટકાવવો હશે તો વિત સાથે વિચાર અને શિક્ષણ સાથે સંસ્કારની નિતાંત આવશ્કયતા છે. તે માટે મંદિરો વેદોના વિચારોથી ધમધમતા થવા જોઈએ "વેદોએ ભગવાનના શ્વાસો શ્વાસ છે. તેથી ગામેગામ મંદિરોમાં સ્વાધ્યાય કેન્દ્રો દ્વારા સમાજમાં માનવને વેદ ઉપનિષદ તથા ગીતાના વિચારો આપવાના પ્રયત્ન કરો, ઘરઘરમાં કુટુંબ પ્રાર્થના અને ત્રિકાળ સંધ્યા થવી જોઈએ તોજ સંસ્કારો ઉભા થશે અને તો જ સમાજ ટકશે." ત્યારે ખીમજીબાપાએ પૂછયું કે ત્રિકાળસંધ્યા શું છે તે વિશે પ્રકાશ પાડો. ત્યારે પૂજ્ય દાદાજીએ કહ્યું કે, ભગવાન મારી સાથે છે તેની સતત અનુભૂતિ એટલે



ત્રિકાળસંધ્યા. ભગવાન મંદિર કે આકાશમાં નથી પણ મારી અંદર બેઠેલો છે. ગીતામાં સ્વયં ભગવાને કહ્યું છે કે सर्वस्य चाहं हृदि सन्निविष्टो પ્રાણીમાત્રમાં હું બિરાજમાન છું. માટે આ અનુભૂતિ સતત મને ડગલે ને પગલે થાય તે એટલે ત્રિકાળ સંધ્યા. મુસ્લિમભાઈઓ દિવસમાં પાંચ વખત નમાજ પઢીને ખુદાને યાદ કરે છે. આપણે ત્રણ સમયે ભગવાનને અવશ્ય યાદ કરવા જોઈએ. પ્રથમ સવારે ઉઠતી વખતે કારણ આપણને સ્મૃતિદાન આપે છે, બીજું જ્યારે ભોજન લઈએ ત્યારે યાદ કરવાના કારણ કે આપણને શકિત દાન પ્રદાન કરે છે અને ત્રીજું રાત્રે સુતી વખતે ત્યારે ભગવાન આપણને શાંતિદાન પ્રદાન કરે છે. આ ત્રણ સમયે ભગવાન આપણી ખૂબ જ નજીક હોય છે. સૌ પ્રથમ ત્રિકાળ સંધ્યાને ગામડે ગામડે પહોંચાડો. ત્યાર પછી ઈ.સ. ૧૯૫૯માં પરમ પૂજ્ય દાદાજીના જાહેર પ્રવચનો કચ્છમાં અલગ અલગ સ્થળે થયા. ખીમજીબાપા દરેક જાહેર પ્રવચનોમાં હાજરી આપતા. ઈ.સ. ૧૯૬૦થી ઈ.સ. ૧૯૬૬ સુધી તત્ત્વભાવના નલીયામાં દર વર્ષે દશથી પંદર દિવસની શિબિર યોજાઈ. આ શિબિરમાં ઘણા બધા પાટીદારભાઈઓએ ભાગ લીધો. મથલથી ઘણા વડિલો ધર્મયાત્રા શિબિરમાં નલીયા જતા હતા. તે સમયે બસની બહુ વ્યવસ્થા નહોતી તેથી ખીમજીબાપા તથા અન્ય શિબિરાર્થીઓ ચાલતા ચાલતા નલીયા શિબિરમાં ભાગ લેવા પહોંચ્યા છે.

ખીમજીબાપા મથલ ગામના મંદિરે સ્વાધ્યાય કેન્દ્રમાં ત્રિકાળ સંધ્યાની વાતો કરતા. દરેક ઉત્સવો ઉજવતી વખતે ઉત્સવોનું મહત્વ સમજાવતા. ઘરે ઘરે કુટુંબ પ્રાર્થના થાય તો માટે પ્રયત્નો કરતા, પૂજ્ય દાદાજીના પ્રવચનો પોતાની ડાયરીમાં ખીમજીબાપા લખતા અને તે વિચારો સ્વાધ્યાય કેન્દ્રમાં કહેતા, તે સમયે ગામના બાળકો તથા યુવાનોને ઘરની મેડી પર બાલ સંસ્કાર કેન્દ્રમાં બેસાડી શ્લોકો શીખવાડતા. ત્રિકાળ સંધ્યા મુખપાઠ કરાવતા. પૂજ્ય દાદાજી હંમેશા કહે કે દેશનો યુવા તન તથા મનથી તંદુરસ્ત હોવો જોઈએ માટે સ્વાધ્યાયમાં બીજી કોઈ વાત મગજ ઉતરે તોજ કરવાની બાકી સૂર્યનમસ્કાર હું કહું છું તેથી કરવાના. આથી ખીમજીબાપા દરેક યુવાનોને ઘરની મેડી (અગાસી)માં સૂર્યનમસ્કાર કરાવતા. ગામના વડીલો તથા યુવાનો સાથે મળીને સવારના પાંચ વાગે પ્રભાતફેરીમાં સૌને જોડતા. ગલી ગલીએ શ્લોકો તથા સ્તોત્રો ગુંજવાથી ગામનું વાતાવરણ ભકિતમય બની જતું. પૂજ્ય દાદાજીએ કલ્પેલું આદર્શ ગામ તથા પરિવાર કેવો હોય, જ્યાં ગામમાં સ્વચ્છતા હોય, મંદિરોમાં વેદ-ઉપનિષદ તથા ગીતાના વિચારો વહેતા હોય, પરિવારમાં કુટુંબ પ્રાર્થના થતી હોય, ત્રિકાળસંધ્યા થાય તથા ગામમાં સવારના પ્રભાતફેરી થતી હોય. ઘરના બાળકો માતા-પિતા તથા વડિલોને પગે લાગતા હોય. તે આદર્શ ગામ તથા પરિવાર કહેવાય. ખીમજીબાપા આ વિચારોને લઈને પરિવારો તથા ગામ આદર્શ બને તે માટે અવિરત ભાવફેરી કરી ગીતાના વિચારો તથા ત્રિકાળસંધ્યા સમજાવતા. ખીમજીબાપાને અત્યંત ઈચ્છા હતી કે મથલ ગામમાં પૂજ્ય દાદાજી પધારે અને ગીતાના વિચારો કહે. ગામના વડિલો તથા યુવાનોને આ વાત કરી તો બધાએ સહર્ષ સ્વીકારી લીધી. અંતે નકકી થયું કે પૂજ્ય દાદાજીનું મથલમાં જાહેર પ્રવચન રાખીએ. ખીમજીબાપાએ પૂજ્ય દાદાજી સમક્ષ પ્રસ્તાવ રાખતા તેમણે સહર્ષ સ્વીકારી

લીધો અને તા. ૯-૮-૧૯૬૪ના રોજ મથલમાં પરમ પૂજ્ય દાદાજીની ત્રણ દિવસની શિબીર યોજવામાં આવી. સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન કરવું. હું કોણ છું ? કોનો છું ? અને મારે શું કરવાનું છે ? તેનું સ્વ અધ્યયન એટલે સ્વાધ્યાય. સ્વાધ્યાય એટલે તેજસ્વી, દૈવી, જીવનવાદી પુરુષાર્થ, પ્રેરક વાઙ્મયનો અભ્યાસ. સ્વાધ્યાય શબ્દ બ્રહ્મ જેવો વ્યાપક છે. સ્વાધ્યાયની વાત હૃદયની છે અને સ્વાધ્યાયની હૂંફ જીવનને સુંદર અને રસમય બનાવે છે. આવા પ્રભાવી વિચારો કચ્છ કડવા પાટીદાર ગામોમાં દરેકના ઘરે ઘરે સ્વાધ્યાય કાર્ય થાય તે માટે વડિલો આયોજનબધ્ધ કાર્ય કરતા હતા. ભારતના અલગ અલગ પ્રાન્તોમાં રહેતા જ્ઞાતિજનોને મળવા પણ વડિલો જતા હતા.

પૂજ્ય દાદાજી દ્વારા તા. ૨૩-૩-૧૯૬૮થી તા. ૨૯-૩-૧૯૬૮ ધર્મયાત્રા શિબિર ઈશ્વર ભાવના વાંઢાયમાં આયોજિત થઈ. આ શિબિરમાં પરમ પૂજનીય દાદાજીએ ભવાન્યષ્ટકમ્ સ્તોત્ર ઉપર પ્રવચનો આપ્યા હતા. કડવા પાટીદાર સમાજની કુળદેવી ઉમિયા માતાને પરમ પૂજનીય દાદાજીએ યાદ કરીને ઉમાનું વર્ણન કર્યું હતું. તા.૩૦-૩-૧૯૭૦ના રોજ મોટી વિરાણી ખાતે પૂજ્ય દાદાજીનું જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું. તેમના સ્વાગત સ્વરૂપે ૫૬ બળદોની જોડી સહિત ગાડા શણગારી ગામલોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ત્યાંથી પૂજ્ય દાદાજી મથલ ખીમજીબાપાના ઘરે પધાર્યા ત્યાં કૃતીશીલ ભાઈઓને મળ્યા, ત્યારબાદ ૩૧-૩-૭૦ના ખોંભડી ગામે જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું. આમ પૂજ્ય દાદાજીને પાટીદાર ભાઈઓ પર વિશેષ ભાવ હોવાથી દરેક ગામમાં જાહેર પ્રવચનો કર્યા હતા. ખીમજીબાપા દરેક ધર્મયાત્રા શિબીરમાં તથા દાદાજીનાં જાહેર પ્રવચન સાંભળીને જ્યારે આવતા તે પછી અક્ષરશ તેમનું વર્ણન તેમના પિતાજીને કહી સંભળાવતા. એક દિવસ શ્રી નાગજીબાપાએ પુત્ર ખીમજીને પાસે બોલાવી ને કહ્યું કે ‘પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીમાં મને મહાન શકિતના દર્શન થાય છે મારી એક ભલામણ છે કે તું જિંદગીભર સ્વાધ્યાય કરી સમાજમાં જાગૃતિ લાવજે અને મહાપુરુષ પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીના સાંનિધ્યમાં રહેજે. પિતા નાગજીબાપાના શબ્દોને બ્રહ્મ વાકય સમજીને ખીમજીબાપા અવિરત સ્વાધ્યાય કાર્યમાં દોડતા રહ્યા.

પાટીદાર પરિવાર પર પૂજ્ય દાદાજીની વિશેષ કૃપા રહી તેઓ અવાર-નવાર પાટીદાર ભાઈઓના આમંત્રણને માન આપી ઉખેડા ગામમાં મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ હોય કે, રવાપરમાં જાહેર પ્રવચન તેઓ અચુક હાજર રહેતા. તા.૧૭-૧૦-૧૯૭૫ના જ્ઞાનસરિતા હાઈસ્કૂલ વિથોણમાં ખાતમુહૂર્ત વખતે પધાર્યા હતા. ખીમજીભાઈ કેન્દ્રીય સમાજના પ્રમુખ હતા ત્યારે ઈ.સ. ૧૯૭૩માં ભુજ ખાતે પટેલવાડીમાં કચ્છના તમામ ગામોના પ્રતિનિધિ ભાઈઓની મીટીંગ રાખવામાં આવી હતી. આ સભામાં કચ્છ તેમજ બૃહદ કચ્છના પાટીદાર આગેવાનો અને સાબરકાંઠા ઉતર ગુજરાતના આગેવાન ભાઈઓ હાજર રહ્યા હતા. તે સભામાં નથુભાઈ નાનજીએ સનાતન સમાજની ચળવળનો ઈતિહાસ સમજાવ્યો હતો. શ્રી મનજી વાલજી ઉખેડાવાળાએ સનાતન શબ્દનું અર્થઘટન કર્યું હતું. શ્રી કરમશી શીવદાસ (રવાપર)એ કહ્યું કે દરેક મંદિરોનું સંકલન થવું જોઈએ. તેના માટે મધ્યવર્તી સંસ્થા ઉભી કરવા તરફ ભાર મુકયો હતો. આખરે ચર્ચાના અંતે પ્રમુખશ્રી ખીમજી નાગજી લીંબાણીએ કહ્યું કે મૂળ પ્રશ્ન વિવિધ જગ્યાએ રહેલા લક્ષ્મીનારાયણ મંદિરોનું સંકલન કરવાનું છે. તે માટે એક સમિતિની રચના કરવામાં આવી. સમિતિનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સમિતિ એમ રાખવાનું નકકી કરવામાં આવ્યું. આ સમિતિમાં ટોટલ ૪૨ સભ્યો હતા. અને આ હેતુ માટે શ્રી મણીલાલ વાલજીના પ્રમુખપદે પાંચ જણની એક ફંડ સમિતિની રચના કરવામાં આવી હતી. તે પછી ધર્મપ્રચારના કાર્યને

લક્ષ્મીનારાયણ મંદિરોને એક સૂત્રે લાવવા - કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સમિતિ બની - વર્ષ 1973

વેગ મળે તે માટે આપણા આગેવાન પૂજ્ય દાદાજીને મળ્યા. પાટીદાર સમાજની માંગણી અને લાગણીને ધ્યાનમાં રાખીને ઈ.સ. ૧૯૭૭માં તા.૧-૮-૭૭ થી ૮-૮-૭૭ના તત્વજ્ઞાન વિદ્યાર્થી થાણા ખાતે પાટીદાર સમાજ લેવલે શિબિર આપી. સ્વાધ્યાય કાર્ય યુનિવર્સલ છે છતાં પણ ખીમજીબાપા તથા આપણી સમાજના વડિલો ઉપર વિશેષ પ્રેમના કારણે તેમજ વડિલોની સમાજભાવના અને ઈશનિષ્ઠા જોઈને પ્રથમ વખત થાણા વિદ્યાપીઠમાં સમાજ લેવલે શિબિર થઈ. શિબિરમાંથી માર્ગદર્શન લઈ વડિલોની ટીમનું આયોજન થયું. ખીમજીબાપાની ટીમના નેજા હેઠળ વડિલોની ટીમો ત્રિકાળ સંધ્યા અને કુટુંબ પ્રાર્થનાના વિચારો લઈને ગામે ગામ પાટીદારોના ઘર ઘરમાં ફરવા લાગ્યા. ત્યારે ગામે ગામ જતા વડિલોએ જોયું કે ઘરની નારીશકિતને પ્રભુકાર્યના વિચારો નહી મળે તો ત્યાં સુધી સફળતાપૂર્વક આગળ વધાશે નહીં. આ બાબતની રજૂઆત વડિલોએ પૂ. દાદાજી સમક્ષ કરી. પૂજ્ય દાદાજીએ પાટીદાર ભાઈઓ દ્વારા બે વર્ષના કાર્યો અને પ્રયત્નો જોઈને ઈ.સ. ૧૯૭૯માં તત્વજ્ઞાન વિદ્યાપીઠ થાણામાં ફરીથી લક્ષ્મીનારાયણ સ્વરૂપે સાત દિવસની શિબિર આપી. વૈચારિક રીતે અને સંસ્કારથી સમાજને સમૃદ્ધ બનાવવા આ વડિલોનો હિમાલય જેવડો મોટો ફાળો હતો.

પછી આ વડિલોની ટીમો ભારતભરમાં ૨૧૬ જગ્યાએ પાટીદાર મિલનો કર્યા. જેમાં ગીતાના વિચારો



પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી શ્રી ખીમજીભાઈના ઘેર ભોજન લેતા

સરળ ભાષામાં સમજાવી શકે તે માટે પૂજનીય દાદાજીએ વિનોદભાઈ વોરા જેવા વકતા સાથે આપ્યા. જેમની સાથે રહીને આપણી સમાજમાં ગીતાના વિષયો ઉપર બોલી શકે તેવા વક્તાઓ તૈયાર થયા. આ મિલનો દ્વારા સમાજના ઘર ઘરમાં ગીતાના વિચારો પહોંચાડવામાં સફળતા મળી. પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીને ખીમજીબાપા ઉપર પૂર્ણ વિશ્વાસ તથા વિશેષ લાગણી હતી. પૂજ્ય દાદાજી જયારે પણ કચ્છમાં આવે ત્યારે ખીમજીબાપા તેમને અચુક મળવા માટે જાય અને પૂજ્ય દાદાજી તેમને કહેતા કે ખીમજીભાઈ સાંજે રોટલા તમારી મેડી પર ખાશું. અનેકો વખત પૂજ્ય દાદાજી ખીમજીબાપાના ઘરે આવતા અને ભોજન લેતા. ખીમજીબાપાના ઘરે એક ગાય હતી તે ગાય જયારે જયારે પૂજ્ય દાદાજી ઘરે આવતા તે સમયે ગાય ઘરે પહોંચી આવતી. તે ગાયનું તાજું દૂધ પૂજ્ય દાદાજીને ખીમજીભાઈ અર્પણ કરતા. પૂજ્ય દાદાજી અને ખીમજીબાપાને જાણે સાક્ષાત કૃષ્ણ-સુદામાની જોડી હતી. પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રીજી તથા વીરલ વ્યકિતત્વ એવા ખીમજીબાપાનો જન્મ ઈશ સંયોગવશ ઈ.સ. ૧૯૨૧માં થયો હતો.